दैनिक
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 113 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 May 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૧૪ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ‘ઑપરેશન સિંદૂરે’ પાકિસ્તાન માટે સ્પષ્ટ ‘લક્ષ્મણ રેખા’ દોરી છેઃ મોદી


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 86,670/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## અભૂતપૂર્વ, અસાધારણ, અદ્ભુત અને અકલ્પનીય છે સેનાનું પ્રદર્શનઃ વડા પ્રધાન

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાને પગલે ‘ઑપરેશન સિંદૂર’ હેઠળ પાકિસ્તાન વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન ભારતીય સૈન્યએ દાખવેલા શૌર્યની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રશંસા કરી હતી.

આદમપુર ઍર બેઝથી મોદીએ પાકિસ્તાનને ‘લક્ષ્મણ રેખા’નો કડક સંદેશો આપ્યો હતો.

મોદીએ પાકિસ્તાનને કહ્યું હતું કે તમે ભારતના એક પણ સંરક્ષણ મથકને નુકસાન પહોંચાડી શક્યા નથી, પરંતુ હવે જો પાકિસ્તાનની જમીન પરથી ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિ કરવામાં આવશે કે તેને પ્રોત્સાહન આપવામાં આવશે તો તેનો જડમૂળથી નાશ કરવામાં આવશે.

ઑપરેશન સિંદૂર બાદ સેનાને પ્રથમ જ વાર સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે (જુઓ પાનું ૨) ▶▶



**જય હિંદઃ** પંજાબના જલંધરમાં આદમપુર ઍર બેઝ ખાતે સશસ્ત્ર દળોના જવાનોથી ઘેરાયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)


Don’t trust rumours.
Your favourite
BJ
is up and open at
Prathana Samaj.
Top Branded Suitings Shirtings, Premium Linen & Cotton Shirtings & Dress Materials, Readymade Shrewani, Suits, Blazers, Trousers, Shirt & Gents accessories.
BABUBHAI JAGJIVANDAS
PRARTHANA SAMAJ Tel: 23883057 • DADAR TT Tel: 98193 66608 • MULUND Tel: 25905919 • VASHI Tel: 27892925


## પંજાબમાં લઠ્ઠાકાંડઃ ઝેરી દારૂ પીવાથી ૨૧નાં મોત

ચંડીગઢ/ અમૃતસરઃ પંજાબના અમૃતસર જિલ્લામાં કથિત રીતે ઝેરી દારૂ પીવાથી ઓછામાં ઓછા ૨૧ લોકોનાં મોત થયા છે. પોલીસે મંગળવારે આ માહિતી આપી હતી. છ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બનાવને પગલે આ દુર્ઘટના માટે જવાબદાર સાહિબ સિંહ સહિત ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે, એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઝેરી દારૂ પીવાથી ભાંગલી, પાતાલપુરી, મરારી કલાં અને થેરેવાલના ગામોમાં લોકો માર્યા ગયાના અહેવાલ છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે ઝેરી દારૂ બનાવવા માટે વપરાતા મિથેનોલની જથ્થાબંધ ખરીદી ઓનલાઇન કરવામાં આવી હતી.

પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને કહ્યું હતું કે મજીઠાના ગામડાઓમાં નિર્દોષ લોકોનાં મોત માટે જવાબદાર લોકોને છોડવામાં આવશે નહીં. તેમણે ‘એક્સ’ પર એક પોસ્ટમાં કહ્યું કે “આ મોત નથી પણ હત્યાઓ છે,”. સોમવારે પંજાબમાં વિપક્ષી પાર્ટીઓએ આમ આદમી પાર્ટીના નેતૃત્વ હેઠળની સરકાર પર પ્રહારો કર્યા અને તેના પર કથિત દારૂ માફિયાઓને નિયંત્રિત કરવામાં “નિષ્ફળ” હોવાનો આરોપ (જુઓ પાનું ૨) ▶▶

## મહારાષ્ટ્ર બોર્ડના ધોરણ દસનું પરિણામ ૯૪.૧૦ ટકા

### મુંબઈમાં ૯૫.૮૪ ટકા વિદ્યાર્થી ઉત્તીર્ણ

પુણેઃ મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઑફ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવાયેલી ધોરણ દસ એટલે કે એસએસસીની પરીક્ષામાં ૯૪.૧૦ ટકા વિદ્યાર્થી પાસ થયા હતા.

મુંબઈ ડિવિઝનમાં ૯૫.૮૪ ટકા વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા. છોકરાઓની સરખામણીમાં છોકરીઓએ પરીક્ષામાં સારો દેખાવ કર્યો હતો. મહારાષ્ટ્ર બોર્ડની ધોરણ દસની પરીક્ષામાં ૯૬.૧૪ ટકા વિદ્યાર્થિની અને (જુઓ પાનું ૨) ▶▶


મુંબઈ સમાચાર બિરદાવે છે
દસમા-બારમાના વિદ્યાર્થીઓને
જો તમને દસમા અને બારમા ધોરણની પરીક્ષામાં ૭૫ ટકા કે એથી વધુ માર્ક્સ મળ્યા હોય તો મોકલાવો તમારો ફોટો અને વિગતો મુંબઈ સમાચારને.
શું મોકલાવશો? ▸ વિદ્યાર્થીનો ફોટો ▸ માર્કશીટ
ક્યાં વોટ્સએપ કરશો? 7045430579


### સીબીએસઇ ધોરણ દસની પરીક્ષા
## ૧.૯૯ લાખથી વધુ વિદ્યાર્થીને ૯૦ ટકાથી વધારે માર્ક્સ

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશનના ધોરણ દસની પરીક્ષામાં ૧.૯૯ લાખથી વધુ વિદ્યાર્થીને ૯૦ ટકાથી વધુ ગુણાંક મળ્યા હતા, જ્યારે ૪૫,૫૧૬ વિદ્યાર્થીને ૯૫ ટકાથી વધારે માર્ક્સ મળ્યા હતા.

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ)ના ધોરણ દસના મંગળવારે જાહેર થયેલા પરિણામમાં છોકરાઓ કરતાં છોકરીઓએ વધુ સારો દેખાવ કર્યો હતો. સીબીએસઇની (જુઓ પાનું ૨) ▶▶

### સીબીએસઇ ધોરણ બારની પરીક્ષા
## છોકરીઓનું છોકરાઓ કરતાં વધુ સારું પરિણામ

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ)ના ધોરણ બારની પરીક્ષાના મંગળવારે જાહેર થયેલા પરિણામ મુજબ છોકરીઓનું પરિણામ છોકરાઓ કરતાં વધુ સારું આવ્યું હતું.

સીબીએસઇની પરીક્ષાના કન્ટ્રોલર સન્યામ ભારદ્વાજે જણાવ્યું હતું કે ધોરણ બારની પરીક્ષામાં ૯૦ ટકાથી વધારે ગુણાંક લાવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ગયા વર્ષની સરખામણીમાં ઘટાડો થયો હતો. સીબીએસઇની ધોરણ બારની (જુઓ પાનું ૨) ▶▶


ગંભીર માંદગીઓથી છો પરેશાન, તો ઝડપી ઉકેલ છે ફક્ત
કિર્લિઅન સેન્ટર



કહેવાય છે સ્વસ્થ શરીર અને સ્વસ્થ મનમાં ભગવાન વસે. સ્વાસ્થ્યવર્ધક જીવન જ માનવીનું ખરું સુખ હોય. તેમ છતાં હાલની લોકોની ખાણીપીણીમાં થયેલા ફેરફારો, ભાગદોડવાળું જીવન, ચિંતા-તાણયુક્ત જિંદગી મોટી માંદગીઓને નોતરું આપે છે, પરંતુ જો તેની સમયસર જાણ થઇ જાય તો તેનું નિદાન લાવી સુખી જીવન સરળતાથી જીવી શકાય છે. ભગવાન દૂઃખ આપે, પણ સામે સુખના રસ્તા પણ ખોલી કાઢે એ રીતે આ બધી સમસ્યાના ઉકેલ પણ જરૂર છે. આ ઉકેલ પ્રદાન કરે છે પ્રખ્યાત ડો. જશવંત એમ. શાહ. તેમને ઓરા ફોટોગ્રાફીના પ્રણેતા પણ કહેવામાં આવે છે, કારણ કે ભારતમાં પ્રથમ વખત કોઇએ ઓરા ફોટોગ્રાફી લાવ્યા તે છે ડો. જશવંત શાહ.

છેલ્લા વીસ વર્ષથી ઑરા ફોટોગ્રાફી, ઑરા એનર્જીના ક્ષેત્રમાં અનન્ય સેવા આપી રહેલા ડો. જશવંત એમ. શાહનું કિર્લિઅન ફોટોગ્રાફી સેન્ટર ઑરા ફોટોગ્રાફી દ્વારા ભવિષ્યમાં થતી સ્વાસ્થ્ય અંગેની સમસ્યાઓથી દૂર રહેવા માટેની નિવારણ સેવા પૂરી પાડે છે.

ગુજરાત યુનિવર્સિટીથી ૧૯૬૨ બેચમાં ફાર્મસીમાં ગ્રેજ્યુએટ કર્યા બાદ ડો. જશવંત શાહે સૌથી પહેલા ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવી. ૧૯૭૩માં ‘સુરુ ગ્રુપ ઓફ કંપનીસ’ની સ્થાપના કરી. તેમના નેતૃત્વમાં કંપની લેનોલિન ઉત્પાદન અને ડિસ્પોઝેબલ સર્જિકલ ડિવાઇસિસ સંબંધિત ઉદ્યોગમાં અગ્રણી તરીકે વિકાસ પામી તથા ગુણવતા અને નવીનતા માટે સુવર્ણ ધોરણ સ્થાપિત કર્યું. તેના ત્રણ વર્ષ બાદ અન્ય બે કંપની ‘એચઆરજે સર્જિકલ’ અને સુરુ ઇન્ટરનેશનલ પ્રા. લિ. શરૂ કરી. સુરુ ઇન્ટરનેશન એક્સપોર્ટ ઓરિયેન્ટેડ યુનિટ છે જે દહાણુમાં આવેલી છે અને તેના આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણા ક્લાઇન્ટ્સ છે. તેમ છતાં આરોગ્યપ્રદ જીવન અને સારસંભાળને પ્રોત્સાહન આપવાની તેમની તીવ્ર ઇચ્છાને કારણે ૨૦૦૨માં તેમણે નવી પહેલ કરી અને ભારતમાં પ્રથમ વખત કિર્લિઅન કેમેરા અથવા ગેસ ડિસ્ચાર્જ વિઝ્યુલાઇઝેશન (જીડીવી) ટેક્નોલોજી લાવ્યા. આ ટેક્નોલોજીનો વિકાસ રશિયન વૈજ્ઞાનિક ડો. કોન્ટેન્ટિન કોરોત્કોવે કર્યો હતો. આ ટેક્નોલોજી માનવ ઊર્જા ક્ષેત્રને શોધી કાઢી તેનું વિશ્લેષણ કરે છે જે શારીરિક, માનસિક અને આપણી ભાવનાત્મક લાગણીઓની સ્વસ્થતામાં ઊંડી આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે.

૨૦૧૪માં ડો. જશવંત શાહે સુરુ કિર્લિઅન ફોટોગ્રાફી સેન્ટરની સ્થાપના કરી હતી જે ઑરા ફોટોગ્રાફીના વિજ્ઞાનને ડેડિકેટ કરે છે. પોતાના ઉમદા કાર્યો હેઠળ તેમણે અસંખ્ય લોકોને તેમના આરોગ્ય અસંતુલનને શોધવામાં અને તેના નિવારણમાં મદદ કરી હતી. આ સિવાય ઝડપથી સમસ્યા (માંદગી)ને શોધી કાઢવી અને સર્વાંગી અભિગમોની શક્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

આ સિવાય ડો. શાહ ડાઉઝીંગને તમારી આંગળીના ટેરવે લાવે છે વર્ચ્યુઅલ ડાઉઝીંગ પેન્ડુલમ એપ સાથે. આ અદ્યતન સાધન ડાઉઝીંગમાં ક્રાંતિ લાવે છે. તમે સ્વાસ્થ્ય, કારકિર્દી અથવા વ્યક્તિગત વિકાસની શોધ કરી રહ્યા હોવ ત્યારે ડો. શાહનો નવીન અભિગમ તેને સુલભ અને આકર્ષક બનાવે છે. હાલમાં સુરુ કિર્લિઅનમાં બાયો-વેલ કેમેરાની ખરીદી કર્યા વગર બોડી એનર્જી એનાલિસિસ, સ્ટ્રેસ એનાલિસિસ, ૭-ચક્ર એનર્જી, ચક્ર અલાઇન્મેન્ટ વગેરે રિપોર્ટ બાયો-વેલમાં મેળવી શકાય છે.

ડો. જશવંત એમ. શાહે કિર્લિઅન ફોટોગ્રાફી અને જેમ (રત્ન) થેરેપીનો ઉપયોગ કરીને હૃદયની સમસ્યાઓ અટકાવવા માટે ક્રાંતિકારી સંશોધનનું નેતૃત્વ કર્યું. જૂન, ૧૯૯૮માં રશિયામાં હાથ ધરાયેલા ક્લિનિકલ ટ્રાયલ્સમાં જ્યોતિષ, ઑરા એનાલિસિસ, ડાઉઝીંગ અને રત્નો-માણેકોની જેમ થેરેપી દ્વારા રોગની જાણ થાય તે પહેલા તેની આગાહી કરવાની અને તેની સારવારની તેમને કુશળ ક્ષમતા દર્શાવી.


લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ અને અનેક મેડિકલ જર્નલ્સ દ્વારા માન્યતા પ્રાપ્ત ડો. શાહના સસ્તા અને સર્વાંગી અભિગમ આધુનિક આરોગ્ય સંભાળનો આશાસ્પદ ઉકેલ પ્રદાન કરે છે. તેઓ રશિયાની હેલ્થ કમિટી દ્વારા ક્લિનિકલ ટ્રાયલ્સ માટે અધિકૃત કરાયેલા વૈકલ્પિક દવાઓ માટેના પ્રથમ સંશોધક હતા.

શારીરિક સ્વાસ્થ્ય મૂલ્યાંકન માટે બાયો-વેલ કેમેરાનો ઉપયોગ સંભવિત રોગોની ઝડપી આગાહી કરવા માટે સક્રીય માધ્યમ પ્રદાન કરે છે. આ નવી ટેકનોલોજી દ્વારા વધુ ગંભીર સમસ્યાઓ થવા પહેલા જ તેને ડામી શકાય છે. કિર્લિયન માને છે કે કિર્લિયન ફોટોગ્રાફી દ્વારા રજૂ કરાયેલી ઇમેજિસ તેનો ઉપયોગ કરનારની ઊર્જા અથવા આભાને દર્શાવી શકે છે. ઓરા ફોટોગ્રાફી એ ખાસ ઓરા કેમેરા વડે શરીરના આભાને ડિજિટલમાં રૂપાંતરિત કરવાનો એક ઉત્તમ માર્ગ છે.

ડો. જશવંત શાહનું સુરુ કિર્લિઅન ફોટોગ્રાફી સેન્ટર ઑરા ફોટોગ્રાફીના સાયન્સને ડેડિકેટ કરે છે




Discover Your Energy Signature with Aura Camera



Chakra Scan With Bio-Well




Award From Maharashtra Gujarati Samaj Mahamandal




ડો. જે.એમ. શાહ કિર્લિયન ફોટોગ્રાફી અને હોલિસ્ટિક હેલ્થના પ્રણેતા છે, જેઓને એનર્જી ડાયગ્નોસ્ટિક્સ અને વૈકલ્પિક વેલનેસ (સ્વસ્થ સુખ)માં કુશળતા પ્રાપ્ત છે.

તેઓ બાયો-વેલ રશિયા દ્વારા જારી કરાયેલા પ્રમાણિત એડવાન્સ્ડ લેવલ બાયો-વેલ ટ્રેનર અને પ્રમાણિત બાયો-વેલ જીડીવી સ્પેશિયલિસ્ટ છે તથા ઈન્ડિયન બોર્ડ ઓફ ઓલ્ટરનેટિવ મેડિસિન દ્વારા સર્ટિફાઇડ ઓલ્ટરનેટિવ મેડિસિન મેમ્બર છે.

હૃદયની સમસ્યાઓ માટે તેમની હોલિસ્ટિક સારવાર માટે લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા માન્યતા પ્રાપ્ત છે તથા તેમને વિશ્વ ગુજરાતી સમાજ અને મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ તરફથી પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતને ટેસ્ટમાં વિરાટ-રોહિતની ખોટ નહીં વર્તાય

**ભારત** અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધનો મુદ્દો છવાયેલો છે તેમાં ભારતીય ક્રિકેટ ટીમના બે દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ગયા તેની બહુ નોંધ ના લેવાઈ. પહેલાં રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ થવાની જાહેરાત કરી ને તેના ચાર દિવસ પછી વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. ભારતને ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડ કપમાં જીત અપાવ્યા પછી વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી અને હવે ટેસ્ટ ક્રિકેટમાંથી પણ બંને સાથે નિવૃત્ત થયા છે. હવે બંને માત્ર વન ડે ક્રિકેટમાં રમશે.

રોહિત શર્મા અને વિરાટ કોહલી બંને ધુરંધર મનાય છે પણ બંનેની નિવૃત્તિમાં આભ-જમીનનું અંતર છે. રોહિત અને વિરાટ લાંબા સમયથી ભારતીય ટેસ્ટ ટીમમાં છે પણ રોહિતને ફરજિયાત નિવૃત્તિની ફરજ પડાઈ છે જ્યારે વિરાટ કોહલી બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI)ની અનિચ્છા છતાં નિવૃત્ત થઈ ગયો છે.

રોહિત શર્મા પહેલાં વિરાટ કોહલી ટેસ્ટ ટીમનો કેપ્ટન હતો. પછી સતત નિષ્ફળ જતાં રોહિત શર્માને કેપ્ટન બનાવાયેલો. રોહિત શર્મા પણ સતત નિષ્ફળ જવા માંડતાં રોહિત શર્માને જૂનમાં રમાનારી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં કેપ્ટનપદેથી દૂર કરાશે એ નક્કી મનાતું હતું. રોહિત શર્માને કેપ્ટનપદે ના રખાય તો ટેસ્ટ ટીમમાં રહેવામાં રસ નહોતો તેથી તેણે નિવૃત્તિ જાહેર કરી દીધી.

વિરાટ કોહલીએ ૧૦ મેના રોજ બોર્ડને પોતે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા માગે છે તેની જાણ કરી હતી. બોર્ડે કોહલીને પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરવા કહ્યું હતું. અમે ૧૧ મેના રોજ બોર્ડના એક અધિકારીએ વિરાટ સાથે વાત પણ કરી હતી. વિરાટે એ છતાં નિર્ણય ના બદલ્યો અને ૧૨ મેના રોજ નિવૃત્તિ જાહેર કરી દીધી. વિરાટે સોમવારે ઇન્સ્ટાગ્રામ પર નિવૃત્તિની જાહેરાત કરતાં લખી નાંખ્યું કે, ટેસ્ટ ક્રિકેટે મારી કસોટી કરી છે, મને આકાર આપ્યો છે અને હું જીવનભર યાદ રાખીશ એવા પાઠ મને શીખવ્યા છે.

વિરાટ કોહલી અને રોહિત શર્મામાંથી ટેસ્ટ ક્રિકેટમાં વિરાટ કોહલીની કારકિર્દી વધારે પ્રભાવશાળી છે. વિરાટ કોહલીએ ૧૨૩ ટેસ્ટ મેચ રમીને ૩૦ સદી અને ૩૧ અડધી સદી ફટકારી છે. વિરાટે ૭ બેવડી સદી ફટકારી છે અને તેની ટેસ્ટ ક્રિકેટમાં સરેરાશ ૫૦ રનથી વધારેની છે જ્યારે રોહિત શર્માની એવરેજ ૪૦ રનની આસપાસ છે. રોહિતે ૬૭ ટેસ્ટમાં ૪૦.૫૭ની સરેરાશથી રન બનાવ્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં ૪૦ની આસપાસની સરેરાશ સારા બેટ્સમેનની ના કહેવાય.

રોહિત શર્માની ટેસ્ટમાં બેટિંગ સાતત્યપૂર્ણ પણ નથી. રોહિતે ૨૦૧૩માં ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું પણ તેનું ટીમમાં સ્થાન નક્કી નહોતું. ૨૦૨૧થી રોહિત પ્લેઇંગ-૧૧માં કાયમી થયો પણ તેની બેટિંગ સાતત્યપૂર્ણ નથી જ રહી. રોહિતને ૨૦૨૨માં કેપ્ટનશીપ મળતાં તે ટીમમાં કાયમી થયો ખરો પણ તેની બેટિંગ સતત ખરાબ થતી ગઈ છે. રોહિત ન્યૂ ઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી ટેસ્ટ સિરીઝમાં ખરાબ રીતે નિષ્ફળ ગયો હતો. રોહિતની ન્યૂ ઝીલેન્ડ સામે એવરેજ ૧૫.૧૬ રન અને ઓસ્ટ્રેલિયા સામે ૬.૨૦ની સરેરાશ હતી. તેના કરતા સારી સરેરાશ તો છેલ્લા નંબરે આવનાર ખેલાડીની હતી.

રોહિત ન્યૂ ઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં કેપ્ટન તરીકે પણ સાવ નિષ્ફળ રહ્યો હતો. ન્યૂ ઝીલેન્ડ સામે ભારત પહેલી વાર ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ હારેલું. ઓસ્ટ્રેલિયા સામે રોહિત પહેલી ટેસ્ટ રમી શક્યો નહોતો. જસપ્રીત બુમરાહને કેપ્ટન બનાવાયેલો અને બુમરાહની કેપ્ટન્સી હેઠળ ભારતે પહેલી ટેસ્ટ જીતી હતી. એ પછી રોહિત શર્મા પાછો આવ્યો અને ફરી કેપ્ટન બન્યો તો રોહિતની કેપ્ટન્સી હેઠળ ભારતીય ટીમ ૨ ટેસ્ટ મેચ હારી ગઈ હતી.

રોહિત બંને ટેસ્ટમાં સાવ નિષ્ફળ પણ ગયો હતો. બીજી ટેસ્ટમાં રોહિત મિડલ ઓર્ડરમાં બેટિંગ કરવા આવ્યો હતો પણ ચાલ્યો નહોતો. રોહિત સિડનીમાં છેલ્લી ટેસ્ટ રમી શક્યો ન હતો અને હવે તેણે નિવૃત્તિ લઈ લીધી છે. રોહિતે કદાચ નિવૃત્તિ ના લીધી હોત તો તેને ટીમમાંથી દૂર કરી દેવાયો હોત એ જોતાં તેનો નિર્ણય યોગ્ય છે અને ભલે સમયસરનો નથી પણ તેનું વધ્યુંઘટ્યું ગૌરવ બચી જશે.

વિરાટ રોહિત કરતાં સારો બેટ્સમેન હતો અને હજુ પણ છે. વિરાટે ધાર્યું હોત તો હજુ એકાદ વર્ષ રમી શકે તેમ હતો પણ તેણે સમજદારી બતાવીને ધક્કા મારીને કાઢવો પડે એ પહેલાં ખસી જવાનું પસંદ કર્યું. વિરાટ કોહલીની ટેસ્ટ કારકિર્દી ગૌરવપૂર્ણ રહી છે ને તેની વિદાય પણ ગૌરવપૂર્ણ રહી.

રોહિત અને વિરાટ મોટાં નામ હતાં પણ બંનેના જવાથી ટીમ ઈન્ડિયાને કઈ ખોટ પડવાની નથી એ નક્કી છે. રોહિત શર્મા તો છેલ્લી બે સિરીઝથી ટીમને સાવ માથે જ પડેલો હતો એ જોતાં એ નહીં હોય તો કોઈ યુવા ખેલાડીને તક મળશે અને ટીમનો દેખાવ પણ કદાચ સારો થઈ જશે. રોહિત છેલ્લાં ૬ વર્ષથી ટેસ્ટમાં ઓપનિંગ કરી રહ્યો છે. ઓપનિંગમાં રોહિતનું સ્થાન લઈ શકે એવા ખેલાડીઓમાં કે.એલ. રાહુલ, યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ પ્રબળ દાવેદાર છે. રોહિતનું સ્થાન લેવા માટે કેટલાક યુવા ખેલાડીઓ પણ રેસમાં દાવેદાર છે. સાઈ સુદર્શન, દેવદત્ત પડિક્કલ, અભિમન્યુ ઈશ્વરન અને ઋતુરાજ ગાયકવાડ સહિતના ખેલાડી પણ ઓપનર તરીકે આવી શકે છે. આ પૈકી યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલ વધારે સારા વિકલ્પ છે તેમાં બેમત નથી.

વિરાટ કોહલીનું સ્થાન લેવા માટે પણ ઘણા ખેલાડી રેસમાં છે. શ્રેયસ અય્યર, સરફરાઝ ખાન, રજત પાટીદાર, ધ્રુવ જુરેલ વગેરે પ્રબળ દાવેદાર છે પણ સૌથી સારો વિકલ્પ કરૂણ નાયર છે. ડોમેસ્ટિક ક્રિકેટની છેલ્લી સીઝનમાં પોતાના પ્રદર્શનથી બધાનું ધ્યાન ખેંચનાર કરૂણ નાયરને ઇંગ્લેન્ડમાં રમવાનો અનુભવ પણ છે. ઘરઆંગણે ભારત માટે ત્રેવડી સદી ફટકારવા ઉપરાંત કરૂણે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૨૩ સદી પણ ફટકારી છે. ટેસ્ટ ક્રિકેટમાં વિરેન્દ્ર સેહવાગ પછી ત્રેવડી સદી ફટકારનારો કરૂણ નાયર એક માત્ર ભારતીય ક્રિકેટર છે. કરૂણ નાયર પીઢ છે, અનુભવી છે અને ટેકનિકલી સાઉન્ડ છે એ જોતાં વિરાટના વિકલ્પ તરીકે કરૂણ નાયર બહેતર વિકલ્પ છે. અલબત્ત વિરાટના સ્થાને બીજા કોઈ યુવાનને તક અપાય તો પણ ચાલશે જ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, બુધવાર, તા. ૧૪-૫-૨૦૨૫,
વિંછુડો,ગુરુ મિથુન રાશિ પ્રવેશ

- ભારતીય દિનાંક ૨૪, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ વદ -૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા સવારે ક. ૧૧-૪૬ સુધી, પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિકમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૧, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ •
- ભરતીઃ બપોરે ક. ૧૩-૧૧, મધ્યરાત્રે ક. ૦૦-૪૪ (તા. ૧૪)
- ઓટઃ સવારે ક. ૦૬-૧૯, રાત્રે ક. ૧૯-૦૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, • ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - દ્વિતીયા. વિંછુડો, અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી ક. ૧૧-૪૮. ગુરુ મિથુનમાં રાત્રે ક. ૨૨-૩૦, સૂર્ય વૃષભમાં રાત્રે ક. ૨૪-૧૨, મું. ૧૫ મહર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨-૩૫ થી સૂર્યાસ્ત. • શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૧૨-૩૫ થી સૂર્યાસ્તમાં માંગલિક, સાંસારિક કાર્યો વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, ઉપનયન, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઈન્દ્રપૂજા, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થમાં તર્પણ શ્રાદ્ધ, સ્નાન, જાપ, તપ, દાન, બ્રાહ્મણ, સંત, સાધુ, ભોજન, સન્માન, અગ્નિપૂજા, બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, નવાં વસ્રો, આભૂષણ, નવા વાસણ, વાહન, યંત્ર, દસ્તાવેજ, પશુ-લે-વેંચ, દુકાન, બી વાવવું, અન્નપ્રાશન, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃચંદ્ર-શુક્ર ત્રિકોણ ભાઈ-બહેનોમાં પ્રિય, ચંદ્ર-મંગળ ત્રિકોણ નિર્ણયોમાં મક્કમ. • ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-જયેષ્ઠા યુતિ. • ગ્રહગોચરઃ સૂર્ય-મેષ/વૃષભ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

### સીબીએસઈના વિદ્યાર્થીઓને વડા પ્રધાનની શીખ

## એક પરીક્ષા તમારું મૂલ્યાંકન ન કરી શકેઃ મોદી

નવી દિલ્હીઃ સીબીએસઈ બૉર્ડના ૧૦મા અને ૧૨મા ધોરણનું પરિણામ મંગળવારે જાહેર થયા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પરીક્ષામાં સફળ થયેલા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે એક પરીક્ષા તમારું મૂલ્યાંકન ન કરી શકે.

આ તમારા દૃઢ નિશ્ચય, શિસ્ત અને સખત પરિશ્રમનું પરિણામ છે એમ જણાવી મોદીએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓની સફળતામાં અમૂલ્ય યોગદાન આપનાર અને ચાવીરૂપ ભૂમિકા ભજવનાર માતાપિતા, શિક્ષકો તેમ જ અન્યોનું સમર્થન કરવાનો આ દિવસ છે.

માત્ર એક પરીક્ષા વિદ્યાર્થીનું મૂલ્યાંકન ન કરી શકે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે વિદ્યાર્થીઓની ક્ષમતા અને કુશળતા માર્કશિટથી ઘણી આગળ જઈ શકે છે.

ભવિષ્યમાં સાંપડનારી તમામ તકોમાં સફળતા મળે તેવી શુભેચ્છા મોદીએ વિદ્યાથીઓને આપી હતી.

જે વિદ્યાર્થીઓને તેમના માર્ક્સથી અસંતોષ છે તેમને હું માત્ર એટલું જ કહેવા માગું છે કે માત્ર એક પરીક્ષા તમારું મૂલ્યાંકન ન કરી શકે, એમ મોદીએ કહ્યું હતું. સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં મોદીએ લખ્યું હતું કે તમારો જીવનપ્રવાસ ખૂબ લાંબો છે અને તમારી ક્ષમતા તેમ જ કુશળતા માર્કશિટથી ઘણી આગળ જઈ શકે છે.

મહાન બાબતો તમારી રાહ જોઈ રહી છે માટે કુતૂહલવશ રહો અને આત્મવિશ્વાસ જાળવી રાખો. ૯૩ ટકા કરતાં પણ વધુ વિદ્યાર્થીઓ ૧૦મા ધોરણની પરીક્ષામાં પાસ થયા હતા તો બારમા ધોરણનું પરિણામ ૮૮.૩૯ ટકા રહ્યું હતું.

દસમા અને બારમા ધોરણ એમ બંને પરીક્ષામાં છોકરીઓએ છોકરાઓને પાછળ પાડી દીધા હતા. (એજન્સી) ■

## પાકિસ્તાન આતંકવાદને સમર્થન આપશે ત્યાં સુધી સિંધુ જળકરાર રદ રહેશેઃ એમઈએ

નવી દિલ્હીઃ કાશ્મીર મુદ્દે બંને દેશ વચ્ચે લાંબા સમયથી મડાગાંઠ ચાલી રહી છે અને એ મામલે અમારા વલણમાં કોઈ ફરક નથી પડ્યો એમ જણાવતાં ભારતે મંગળવારે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીર એ દ્વિપક્ષી મુદ્દો છે.

કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવાના અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તાજેતરમાં મૂકેલા પ્રસ્તાવને પગલે ભારતે ભારપૂર્વક ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

લાંબા સમયથી ચાલી રહેલા કાશ્મીર વિવાદનો ઉકેલ ભારત અને પાકિસ્તાન દ્વિપક્ષી મંત્રણા મારફતે જ લાવશે, એમ વિદેશ ખાતાના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું.

કાશ્મીર મુદ્દે ભારતની નીતિમાં કોઈ જ ફરક ન પડ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારતીય પ્રદેશ પર પાકિસ્તાન દ્વારા ગેરકાયદે કબજો કરવાને લગતો આ મુદ્દો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે અણુયુદ્ધની વહેતી થયેલી અટકળો અંગે પ્રતિક્રિયા આપતાં જયસ્વાલે કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારતે પરંપરાગત ધોરણે જ પાકિસ્તાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરી હતી.

પાકિસ્તાન દ્વારા અણુશસ્ત્ર વાપરવાની આપવામાં આવતી ધમકી અંગે પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું હતું કે ભારત આવા બ્લૅકમેઈલ સામે નમતું નહીં જોખે અને સરહદપારના આતંકવાદને સહન નહી કરી લે.

તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન જ્યાં સુધી આતંકવાદને સમર્થન અને પ્રોત્સાહન આપતું રહેશે ત્યાં સુધી સિંધુ જળ કરાર રદ રહેશે.

પાકિસ્તાને વેપારી ધોરણે આતંકવાદને પોષણ અને પ્રોત્સાહન આપ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ‘ઑપરેશન સિંદૂર’ અંતર્ગત ભારતે પાકિસ્તાન અને પીઓકેસ્થિત જે આતંકવાદી છાવણીઓ અને તાલીમ કેન્દ્રોનો નાશ કર્યો હતો તે વિશ્વભરના અનેક નિર્દોષ લોકોનાં મૃત્યુ માટે જવાબદાર હતા. (એજન્સી) ■

## ટ્રમ્પ મધ્ય પૂર્વના ત્રણ દેશના પ્રવાસે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અહીંથી મધ્ય પૂર્વના ત્રણ દેશના પ્રવાસે નીકળ્યા હતા અને તેમનો મૂળ હેતુ અખાતના ત્રણ શ્રીમંત દેશમાંથી અમેરિકામાં વધુ રોકાણને આકર્ષવાનો અને ઇઝરાયલ-પેલેસ્ટાઇન વચ્ચે શાંતિ સ્થાપવા પગલાં નક્કી કરવાનો હોવાનું કહેવાય છે.

ટ્રમ્પની પ્રમુખપદ તરીકેની બીજી મુદતમાં રોમ પછીનો આ બીજો સત્તાવાર વિદેશ પ્રવાસ છે.

ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું કે વિશ્વ એક અઠવાડિયા પહેલાં હતું, તેના કરતાં હાલમાં વધારે સલામત છે.

આમ છતાં, સઉદી અરેબિયાના પાટવીકુંવર મહંમદ બિન સલમાન, કતારના અમીર શેખ તમીમ અલ-થાની અને સંયુક્ત આરબ અમીરાતના પ્રમુખ મહંમદ બિન ઝાયેદ ઇઝરાયલ અને પેલેસ્ટાઇનની વચ્ચે હાલમાં ગાઝા ખાતે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા ટ્રમ્પ પર દબાણ લાવે એવી શક્યતા છે.

આ ઉપરાંત, ઇરાન દ્વારા અણુ-કાર્યક્રમમાં ઝડપથી થતી પ્રગતિનો મુદ્દો ટ્રમ્પના આ પ્રવાસમાં ચર્ચાનો મુખ્ય વિષય રહેવાની સંભાવના છે.

ટ્રમ્પ સઉદીની રાજધાની રિયાધ જવા માટે વૉશિંગ્ટનથી રવાના થતાં હતા ત્યારે જ ગાઝામાંના અમેરિકી બાન એડન એલેક્ઝાંડરને છોડાયો હતો.

દરમિયાન, યુરોપિયન યુનિયન કમિશનના ઉપપ્રમુખ કાજા કાલ્લાસે યુક્રેન અંગે લંડનમાં યોજાયેલી બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું કે યુદ્ધવિરામ વિના કોઇ મંત્રણાની સંભાવના નથી. (એજન્સી) ■

## અમેરિકાના પેન્સિલવેનિયામાં ભયાનક કાર અકસ્માત, બે ભારતીય વિદ્યાર્થીનાં મોત

ન્યૂયોર્કઃ અમેરિકાના પેન્સિલવેનિયામાં ભારતીય મૂળના બે વિદ્યાર્થીઓની કાર ઝાડ સાથે અથડાઈને પુલ પરથી પડી જતાં તેમના મોત થયા છે.

અધિકારીઓએ આ માહિતી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે શનિવારે સવારે થયેલા અકસ્માતમાં વાહનની આગળની સીટ પર બેઠેલી અન્ય એક વ્યક્તિ પણ ઘાયલ થઈ હતી અને તેને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

ન્યૂયોર્ક સ્થિત ભારતીય કોન્સ્યુલેટે સોમવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું હતું કે, ‘આ દુર્ભાગ્યપૂર્ણ માર્ગ અકસ્માત વિશે જાણીને ખૂબ દુઃખ થયું.

આ અકસ્માતમાં ક્લીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ભારતીય મૂળના વિદ્યાર્થીઓ માનવ પટેલ (૨૦) અને સૌરવ પ્રભાકર (૨૩) એ જીવ ગુમાવ્યા છે.’

ભારતીય દૂતાવાસે કહ્યું હતું કે ‘આ મુશ્કેલ સમયમાં અમારી સંવેદના અને પ્રાર્થના તેમના પરિવાર સાથે છે. કોન્સ્યુલેટ મૃતકોના પરિવારો સાથે સંપર્કમાં છે અને તેમને શક્ય તમામ સહાયની ખાતરી આપી છે.’ લેકેસ્ટરઓનલાઇન ડોટકોમના રિપોર્ટ અનુસાર, શનિવારે સવારે સાત વાગ્યે બ્રેકનોક ટાઉનશિપમાં પેન્સિલવેનિયા ટર્નપાઈક પર થયેલા આ અકસ્માતમાં વિદ્યાર્થીઓના મોત થયા હતા.

લેન્કેસ્ટર કાઉન્ટી કોરોનર ઓફિસ અને પેન્સિલવેનિયા સ્ટેટ પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે પ્રભાકર વાહન ચલાવી રહ્યો હતો. પોલીસનું કહેવું છે કે ગંભીર ઇજાઓને કારણે બંને વિદ્યાર્થીઓનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### પંજાબમાં લઠ્ઠાકાંડ

(પહેલા પાનાનું ચાલુ)

લગાવ્યો હતો. તેમણે માન અને આબકારી મંત્રી હરપાલ સિંહ ચીમાના રાજીનામાની પણ માંગ કરી હતી.

દરમિયાન, અમૃતસર જિલ્લા વહીવટીતંત્રે ઘણી તબીબી ટીમો તૈનાત કરી છે જે અસરગ્રસ્ત ગામોમાં ઘરે ઘરે જઈને એવા લોકોની તપાસ કરી રહી છે જેમણે ઝેરી દારૂ પીધો હતો. અમૃતસરના ડેપ્યુટી કમિશનર (ડીસી) સાક્ષી સાહનીએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા મોટાભાગના લોકો મજૂર હતા. રાજ્યમાં એક વર્ષથી ઓછા સમયમાં ઝેરી દારૂ પીવાથી મૃત્યુનો આ બીજો કિસ્સો છે. માર્ચ ૨૦૨૪માં સંગરૂર જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ૨૦૨૦માં તરનતારન, અમૃતસર અને બટાલામાં ઝેરી દારૂ પીવાથી કુલ ૧૨૦ લોકોનાં મોત થયા હતા.

પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) ગૌરવ યાદવે જણાવ્યું હતું કે મજીઠામાં ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ડીએસપી) અને સ્ટેશન હાઉસ ઓફિસર (એસએચઓ) ને બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. યાદવે ‘એક્સ’ પરની એક પોસ્ટમાં કહ્યું હતું કે, ‘‘મજીઠામાં બનેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટના બાદ પંજાબ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી છે જ્યાં નકલી દારૂ પીવાથી મૃત્યુ થયા હતા. ગેરકાયદે દારૂના વેપારના સંબંધમાં નકલી દારૂ બનાવટના રૅકેટના મુખ્ય સૂત્રધાર અને ઘણા સ્થાનિક વિતરકો સહિત નવ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ‘મિથેનોલ’ ઓનલાઈન ખરીદવામાં આવ્યું હતું અને તેનો ઉપયોગ નકલી દારૂ બનાવવા માટે કરવામાં આવતો હતો. સમગ્ર મોડસ ઓપરેન્ડી શોધવા અને સંડોવાયેલા તમામ લોકોને ન્યાયના કઠેડામાં લાવવા માટે તપાસ ચાલુ છે.’’

તેમણે કહ્યું હતું કે ‘‘ભારતીય ન્યાય સંહિતા અને આબકારી કાયદાની સંબંધિત કલમો હેઠળ એફઆઇઆર નોંધવામાં આવી છે. મજીઠા સબ-ડિવિઝનના ડીએસપી અને મજીઠાના સ્ટેશન હાઉસ ઓફિસરને ઘોર બેદરકારીના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. દોષિતો સામે વિભાગીય તપાસ શરૂ કરવામાં આવી છે.’’

પોલીસે જણાવ્યું કે ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ મુખ્ય આરોપી સાહિબ સિંહ, પ્રભજીત સિંહ અને કુલબીર સિંહ, ગુરજંત સિંહ અને નિંદર કૌર તરીકે થઈ છે. ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (બોર્ડર રેન્જ) સતિન્દર સિંહે જણાવ્યું હતું કે મુખ્ય આરોપી સહિત ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તપાસ ચાલુ છે.

ડેપ્યુટી કમિશનર (ડીસી) સાક્ષી સાહની, ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (બોર્ડર રેન્જ) સતિન્દર સિંહ અને જલંધર ગ્રામીણ સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (એસએસપી) મનિન્દર સિંહ સાથે અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી. તેઓ પીડિત પરિવારોને પણ મળ્યા હતા. સાહનીએ પત્રકારોને કહ્યું હતું કે ‘‘અમને ઝેરી દારૂ પીવાથી મોતની જાણકારી મળતા જ અમે તાત્કાલિક એક તબીબી ટીમ તૈનાત કરી હતી. અમારી ટીમ ઘરે ઘરે જઈને લોકોને મળી રહી છે. દારૂ પીનારાઓમાં કોઈ લક્ષણો નથી, તેમ છતાં અમે તેમને તબીબી તપાસ માટે હોસ્પિટલમાં દાખલ કરવાનો આગ્રહ રાખીએ છીએ.

ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે પીડિતોએ રવિવાર કે સોમવારે નકલી દારૂ પીધો હતો અને ત્યારબાદ તેમને ઊલટી થવા લાગી હતી. ડીસીએ કહ્યું, ‘‘અમે અસરગ્રસ્ત પરિવારોની સાથે છીએ અને તેમને અમારા સંપૂર્ણ સમર્થનની ખાતરી આપીએ છીએ.’’

એસએસપી સિંહે જણાવ્યું હતું કે મુખ્ય આરોપી પ્રભજીત સિંહને ૫૦ લિટર મિથેનોલનો પુરવઠો મળ્યો હતો જે તેણે હળવું મિશ્રણ બનાવીને તૈયાર કર્યું હતું અને તેને બે-બે લિટરના પેકેટમાં લોકોને વેચી દીધું હતું.અમે દરેક પેકેટને શોધી રહ્યા છીએ અને જપ્ત કરી રહ્યા છીએ. પોલીસે જણાવ્યું કે મુખ્ય આરોપીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે સાહિબ સિંહ નામની વ્યક્તિએ ઓનલાઈન ‘મિથેનોલ’ ઓર્ડર કર્યો હતો અને પછી તેને ડિલિવરી કરાવતો હતો. ■

### ‘ઑપરેશન સિંદૂરે’

ભારતીય સેના દ્વારા માત્ર ચાર જ દિવસમાં પાકિસ્તાન અને પીઓકેસ્થિત આતંકવાદીઓની નવ છાવણી અને તાલીમ કેન્દ્રનો નાશ કરવામાં આવ્યો હતો તેમ જ આઠ સંરક્ષણ મથકને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

સેનાની પ્રશંસા કરતાં મોદીએ કહ્યું હતું કે ‘તમે જે કર્યું તે અભૂતપૂર્વ, અસાધારણ, અદ્ભુત અને અકલ્પનીય છે’.

પાકિસ્તાનની સરહદથી માત્ર ૧૦૦ કિ.મી.ને અંતરે આવેલા આદમપુર ઍરબૅઝથી કરવામાં આવેલા આ ભાષણને એટલે પણ મહત્ત્વનું લેખવામાં આવે છે કેમ કે અગાઉ પાકિસ્તાને ભારતના એસ-૪૦૦ મિસાઈલ લૉન્ચર સહિત આ ઍરબેઝનો નાશ કર્યો હોવાનો દાવો કર્યો હતો. જોકે ભારતે પાકિસ્તાનના આ દાવાને ભારપૂર્વક નકારી કાઢ્યો હતો.

‘ઑપરેશન સિંદૂર’એ હવે પાકિસ્તાન માટે સ્પષ્ટ લક્ષ્મણ રેખા દોરી દીધી છે, એમ તેમણે કહ્યું હતું.

મોદી કોઈપણ પ્રકારની આગોતરી જાણકારી આપ્યા વિના મંગળવારે સવારે આદમપુર ઍરબેઝ પહોંચ્યા હતા અને સેનાને બિરદાવી તેનાં શૌર્યની પ્રશંસા કરી હતી. સેનાએ પણ ‘ભારત માતા કી જય’ના નારા લગાવી મોદીને આવકાર્યા હતા.

ઈતિહાસ તમારા શૌર્યના કાયમ યાદ રાખશે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે

દેશના સૈન્ય, હવાઈદળ અને નૌકાદળના અધિકારીઓને હું સલામ કરું છું. આદમપુર ભારતનો બીજા ક્રમાંકનો સૌથી મોટો ઍરબેઝ છે. રાફેલ અને મીગ-૨૯ સ્કવોડ્રનનું તે ઘર છે.

આ ઍરબેઝે વર્ષ ૧૯૬૫ અને વર્ષ ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. (એજન્સી) ■

### મહારાષ્ટ્ર બોર્ડના

૯૨.૩૧ ટકા વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા.

મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઑફ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશનના અધ્યક્ષ શરદ ગોસાવીએ જણાવ્યું હતું કે રાજ્યના આઠ ડિવિઝનમાં કોંકણ ડિવિઝન ૯૮.૮૨ ટકાના પરિણામ સાથે ટોચ પર રહ્યું હતું, જ્યારે નાગપુર ડિવિઝન ૯૦.૭૮ ટકા પરિણામની સાથે તળિયે રહ્યું હતું.

ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની ટકાવારી કોલ્હાપુરમાં ૯૬.૮૭ ટકા, મુંબઈમાં ૯૫.૮૪ ટકા, પુણેમાં ૯૪.૮૨ ટકા, નાશિકમાં ૯૩.૦૪ ટકા, અમરાવતીમાં ૯૨.૯૫ ટકા, છત્રપતિ સંભાજીનગરમાં ૯૨.૮૨ ટકા અને લાતુરમાં ૯૨.૭૭ ટકા હતી.

બોર્ડે જણાવ્યું હતું કે ધોરણ દસની ચાલુ વર્ષે માર્ચ - એપ્રિલમાં યોજાયેલી પરીક્ષા આપવા ૧૫,૫૮,૦૨૦ વિદ્યાર્થીએ નોંધણી કરાવી હતી, પરંતુ તેમાંથી ૧૫,૪૬,૫૭૯ વિદ્યાર્થી જ પરીક્ષા આપવા આવ્યા હતા અને તેમાંથી ૧૪,૫૫,૪૩૩ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા.

બોર્ડના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ધોરણ દસની પરીક્ષામાંના કુલ ૬૨ વિષયમાંથી ૩૨ વિષયમાં ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. (એજન્સી) ■

### સીબીએસઈ ધોરણ બારની

પરીક્ષામાં ૮૮.૩૯ ટકા વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા. ગયા વર્ષે આ ટકાવારી ૮૭.૯૮ ટકા હતી.

ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓમાં છોકરીઓની ટકાવારી ૯૧.૬૪ ટકા હતી, જ્યારે છોકરાઓની ટકાવારી ૮૫.૭૦ ટકા હતી. વ્યંડળ વિદ્યાર્થીઓની ઉત્તીર્ણ થવાની ટકાવારી ૧૦૦ ટકા હતી. આ ટકાવારી ગયા વર્ષે પચાસ ટકા હતી એટલે આ વર્ષે ટકાવારી બમણી થઇ હતી.

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઇ)ના ધોરણ બારની પરીક્ષામાં કુલ ૧,૧૧,૫૪૪ વિદ્યાર્થીને ૯૦ ટકાથી વધારે ગુણાંક મળ્યા હતા, જ્યારે ૨૪,૮૬૭ વિદ્યાર્થીને ૯૫ ટકાથી વધારે માર્ક્સ મળ્યા હતા.

વિજયવાડા વિસ્તારનું પરિણામ સૌથી વધુ (૯૯.૬૦ ટકા) આવ્યું હતું, જ્યારે બીજા ક્રમે ૯૯.૩૨ ટકા સાથે ત્રિવેન્દ્રમનું પરિણામ હતું. સૌથી ઓછું પરિણામ ૭૯.૫૩ ટકા પ્રયાગરાજ ક્ષેત્રનું હતું.

શાળાઓમાં જવાહર નવોદય વિદ્યાલયોનું પરિણામ સૌથી વધારે ૯૯.૯ ટકા હતું, જ્યારે ખાનગી શાળાઓનું પરિણામ સૌથી ઓછું ૮૭.૯૪ ટકા રહ્યું હતું. (એજન્સી) ■

### સીબીએસઈ ધોરણ દસની

પરીક્ષાના કન્ટ્રોલર સન્યામ ભારદ્વાજે જણાવ્યું હતું કે ધોરણ દસની પરીક્ષામાં છોકરાઓની સરખામણીમાં છોકરીઓનું પરિણામ બે ટકાથી વધુ સારું આવ્યું હતું. ઉત્તીર્ણ થયેલી છોકરીઓની ટકાવારી ૯૫ ટકા હતી, જ્યારે છોકરાઓની ટકાવારી ૯૨.૬૩ ટકા હતી.

સીબીએસઇની ધોરણ દસની પરીક્ષામાં વ્યંડળ વિદ્યાર્થીઓનું પરિણામ ગયા વર્ષે ૯૧.૩૦ ટકા આવ્યું હતું, જ્યારે આ વર્ષે ૯૫ ટકા આવ્યું હતું. વિદ્યાર્થીઓમાંના ૧.૪૧ લાખથી વધારેને કમ્પાર્ટમેન્ટ એક્ઝામ માટે રખાયા હતા. સીબીએસઇની ધોરણ દસની પરીક્ષા ૨૩,૭૧,૯૩૯ વિદ્યાર્થીએ આપી હતી. (એજન્સી)

### મૉક ડ્રિલમાં મળી આવી ખામીઓ

# ૨૦ કરોડના ખર્ચે રાજ્યમાં સિવિલ ડિફેન્સ મજબૂત બનાવાશે

મુંબઈઃ ઓપરેશન સિંદૂર દરમિયાન મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં અનેક સ્થળોએ કરવામાં આવેલી મોકડ્રીલ બાદ સિવિલ ડિફેન્સ ડિરેક્ટોરેટે રાજ્યના ગૃહ મંત્રાલયને ભલામણોની લાંબી યાદી મોકલી છે. ડિરેક્ટોરેટે તેના સિવિલ ડિફેન્સને અપગ્રેડ અને આધુનિક બનાવવા માટે લગભગ ૩૦૦ ખાલી જગ્યાઓ ભરવાની માંગ કરી છે.

અધિકારીઓની ભરતી ઉપરાંત ડિરેક્ટોરેટ ઓફ સિવિલ ડિફેન્સે ફોર્સ, એમ્બ્યુલન્સ અને વાહનો માટે મહત્વપૂર્ણ એર રેઇડ વોર્નિંગ સિસ્ટમ ઉપરાંત ઘણાં ઇમરજન્સી ઉપકરણો અને ગેજેટ્સનો સમાવેશ કરવા વિનંતી કરી છે. ડિફેન્સ ડિરેક્ટોરેટનો અંદાજ છે કે ફોર્સમાં બદલાવ લાવવા માટે ઓછામાં ઓછા ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

ડિરેક્ટોરેટના સૂત્રોએ જણાવ્યું હતું કે મોકડ્રીલ દરમિયાન ઘણી ખામીઓ જોવા મળતા એવું સૂચવવામાં આવ્યું છે કે ફોર્સને વધુ મજબૂત બનાવવા માટે ફ્લોરોસન્ટ સેફ્ટી જેકેટ અને દોરડા, ગમબૂટ, હાર્નેસ, ગ્લોવ્સ, સ્ટ્રેચર્સ, ફર્સ્ટ એઇડ કિટ્સ, હેલ્મેટ, બોડી પ્રોટેક્ટર્સ, કામચલાઉ તંબુઓ અને ઇમરજન્સી લાઇટ્સ જેવી ઘણી વસ્તુઓ ખરીદવી જોઈએ જેથી સિવિલ ડિફેન્સ ફોર્સ વધુ મજબૂત બને.

દરમિયાન, રાજ્ય સરકારે કટોકટીના સમયમાં સ્વયંસેવક-આધારિત ઇમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ્સની નિર્ણાયક ભૂમિકા પર પ્રકાશ પાડતા, મુંબઈ યુનિવર્સિટીના શૈક્ષણિક અભ્યાસક્રમમાં નાગરિક સુરક્ષા અભ્યાસક્રમનો સમાવેશ કરવાનો નિર્ણય પણ લીધો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે દેશના ઘણા શહેરોમાં મોકડ્રીલ કવાયત હાથ ધરવામાં આવી હતી. બ્લેકઆઉટ ઉપરાંત ૧૬ મુખ્ય શહેરી વિસ્તારોમાં અનેક સ્થળોએ મોકડ્રીલ પણ કરવામાં આવી હતી.

મહારાષ્ટ્રના કેટલાક દરિયાકાંઠાના જિલ્લાઓ તેમજ પુણે, નાસિક અને છત્રપતિ સંભાજી નગરમાં યોજાયેલી મોકડ્રીલ દરમિયાન ઘણી ખામીઓ બહાર આવી હતી, અને આ ખામીઓ પ્રકાશમાં આવ્યા બાદ જ નાગરિક સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ■



**શુભારંભ...:** હાર્બર લાઈનના રે રોડ સ્ટેશન પર બનાવવામાં આવેલા ફ્લાયઓવરને તોડી પાડીને બનાવવામાં આવેલા નવા કેબલ-સ્ટેડ બ્રિજનું ઉદ્‌ઘાટન મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્ર રેલવે રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કૉર્પોરેશન અને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા આ નવો બ્રિજ બનાવવામાં આવ્યો છે. (અમય ખરાડે)

# બેઘર બાળકો માટે 'મોબાઈલ સ્કવૉડ'

## શિક્ષણ, પોષણ, તબીબી સંભાળ માટે મોબાઈલ વૅન શરૂ કરાશે

મુંબઈઃ સડક પર રઝળતા બાળકોને મેડિકલ ચેકઅપ, કાઉન્સેલિંગ જેવી સુવિધા મળી રહે અને શિક્ષણ મેળવવા તેઓ પ્રોત્સાહિત થાય અને સરવાળે તેમનું પુનર્વસન થાય એ આશય સાથે મહારાષ્ટ્ર સરકાર ટૂંક સમયમાં સામાજિક કાર્યકરોની ટીમ સાથે મોબાઈલ વેન શરૂ કરશે. મહિલા અને બાળ વિકાસ પ્રધાન અદિતિ તટકરેએ જણાવ્યું હતું કે મુંબઈ, થાણા, પુણે, નાશિક અને નાગપુરમાં એક પાયલટ પ્રોજેક્ટ સફળતાપૂર્વક અમલમાં મૂકાયા બાદ મહારાષ્ટ્ર પ્રધાનમંડળે મંગળવારે આ યોજનાના રાજ્યવ્યાપી અમલીકરણ માટે મંજૂરી આપી દીધી છે. પ્રધાને જણાવ્યું હતું કે 'રસ્તે રઝળતા બાળકોને શિક્ષણ અને આરોગ્યના તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવા એ સામાજિક અન્યાય છે. 'મોબાઇલ સ્ક્વોડ' પહેલ બાળકોને શિક્ષણ, પોષણ, તબીબી સંભાળ અને સામાજિક સુરક્ષા મળી રહેશે.'

મોબાઇલ સ્ક્વોડ રસ્તે રઝળતા બાળકો અને તેમના માતાપિતાને સલાહ આપશે, બાળકોને શાળામાં પ્રવેશ આપશે અને અનાથ અને સિંગલ પેરન્ટના બાળકોને બાળ સંભાળ સંસ્થાઓમાં પ્રવેશ આપશે. આ ટીમો તબીબી તપાસ અને સારવારની વ્યવસ્થા પણ કરશે, વ્યસનમુક્તિ માટે સહાય પૂરી પાડશે, કુપોષણથી પીડાતા બાળકોને અથવા શારીરિક પડકારો ધરાવતા બાળકોને મદદ કરશે.(પીટીઆઈ) ■

# સીએસએમટીના પ્લેટફોર્મ પરથી ટ્રેક પર પડ્યું ક્લિનિંગ મશીનઃ મોટી હોનારત ટળી

મુંબઈઃ રેલવે સ્ટેશનોને આધુનિક બનાવવા તથા સ્વચ્છ બનાવવાના ભાગરૂપે રેલવે સ્ટેશનના પરિસરમાં સાફસફાઈ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે, તેમાંય વળી રાઉન્ડ ધ ક્લોક સફાઈ હાથ ધરવા માટે મોટા ટર્મિનસ ખાતે જમ્બો ક્લિનિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, પરંતુ મંગળવારે સીએસએમટીમાં ફ્લોર ક્લિનિંગ મશીન પ્લેટફોર્મ પરથી રેલવે ટ્રેક પર પડવાનો ચોંકાવનારો બનાવ બન્યો હતો.

મધ્ય રેલવેના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) ખાતે મંગળવારે મોટી હોનારત ટળી ગઈ હતી. સાત નંબરના પ્લેટફોર્મ પર બેટરી ઓપરેટડ ક્લિનિંગ મશીન રેલવે ટ્રેક પર પડ્યું હતું, પરંતુ એ જ વખતે ટ્રેક પરની ટ્રેનના મોટરમેનની નજર જતા ઈમર્જન્સી બ્રેક મારી હતી, પરિણામે મોટી હોનારત ટળી ગઈ હતી.

આ બનાવ બન્યા પછી રેલવે ટ્રેક પરથી મશીનને હટાવવામાં થોડો સમય લાગ્યો હતો, પરિણામે લોકલ ટ્રેન પણ પ્લેટફોર્મની બહાર રહી હતી. સાત નંબર પર બનેલી આ ઘટનામાં મોટરમેનની સતર્કતાને કારણે મોટી હોનારત ટળી ગઈ હતી. આ બનાવનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા પછી લોકોએ પ્રવાસીઓની સુરક્ષા અંગે અનેક સવાલો કર્યા હતા.

સીએસએમટીમાં ફ્લોર ક્લિનિંગ મશીન રેલવે ટ્રેક પર અચાનક પડ્યું હતું. બપોરના ૧૧.૩૩ વાગ્યાના સુમારે આ બનાવ બન્યો હતો. લગભગ પાંચથી દસ મિનિટ માટે લોકલ ટ્રેનને રોકવાની નોબત આવી હતી, પરંતુ એમાં કોઈ જાનહાનિ થઈ નહોતી, એમ મધ્ય રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. ■





### પત્નીના લગ્નેતર સંબંધનો પતિનો આક્ષેપ

# હાઈ કોર્ટે મહિલાના 'વોઈસ સેમ્પલ' મગાવ્યા

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટની ઔરંગાબાદ ખંડપીઠે એક મહિલાને તેનાથી અલગ રહેતા પતિએ એક્સ્ટ્રા મેરિટલ અફેર (વિવાહ બાહ્ય સંબંધ) અંગેના કરેલા દાવાની હકીકત જાણવા માટે પોતાનો 'વોઇસ સેમ્પલ' (અવાજનો નમૂનો) આપવાનો નિર્દેશ આપતા કહ્યું છે કે ટેકનોલોજીના આગમન સાથે ઇલેક્ટ્રોનિક પુરાવા પરંપરાગત પુરાવાનું સ્થાન લઇ રહ્યા છે.

ન્યાયમૂર્તિ શૈલેષ બ્રહ્મેની ખંડપીઠે નવમી મેએ આપેલા આદેશમાં જણાવ્યું હતું કે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ હેઠળ અવાજના નમૂના (વોઈસ સેમ્પલ) આપવા માટે કોઈ પક્ષને નિર્દેશ આપવાની કોઈ જોગવાઈ નથી, પરંતુ હાલના કેસમાં કાર્યવાહી અર્ધ-સિવિલ અને અર્ધ-ગુનાહિત એમ બંને પ્રકારની છે.

આ આદેશ એક વ્યક્તિની અરજી પર આપવામાં આવ્યો હતો. એમાં અલગ રહેતી પત્નીને તેના અવાજના નમૂનાને ફોરેન્સિક લેબોરેટરીમાં રજૂ કરવા માટે નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી જેથી પુરવાર થઈ શકે કે એ મહિલા લગ્નેતર સંબંધ ધરાવે છે.

અદાલતનું કહેવું છે કે ચકાસણી માટે મહિલા વોઈસ સેમ્પલ આપવા બંધાયેલી છે કારણ કે પુરુષે ઈલેક્ટ્રોનિક પુરાવા પર આધાર રાખ્યો છે.

મહિલાએ તેના પતિ અને સાસરિયાઓ સામે ફેમિલી કોર્ટ સમક્ષ ફરિયાદ નોંધાવી હતી, જેમાં પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટની જોગવાઈઓ હેઠળ સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

જે ફોનમાં કથિત વોઈસ રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું એ ફોન ઉપલબ્ધ ન હોવાથી અલગ રહેતા પતિએ રજૂ કરેલું મેમરી કાર્ડ અને સીડી પુરાવામાં સ્વીકાર્ય નથી એવી મહિલાની દલીલને સ્વીકારવાનો અદાલતે ઇનકાર કર્યો હતો મહિલાએ આ આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે રેકોર્ડિંગ્સમાં તે તેનો અવાજ નથી. (પીટીઆઈ) ■

# મોદી સરકારે સાવરકરના 'અખંડ ભારત'ના સ્વપ્નને સાકાર કરવાની તક ગુમાવીઃ ઉદ્ધવસેના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)એ મંગળવારે કહ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકારે પાકિસ્તાન સામે લશ્કરી કાર્યવાહી બંધ કરવા સંમત થઈને હિન્દુત્વવાદી વિચારક વી. ડી. સાવરકરના 'અખંડ ભારત'ના સ્વપ્નને સાકાર કરવાની તક ગુમાવી દીધી છે.

પાર્ટીના મુખપત્ર 'સામના'ના તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે કે જો લડાઈ વધુ ચાર દિવસ ચાલુ રહી હોત તો ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે), કરાચી અને લાહોર પર કબજો કરી લીધો હોત, પરંતુ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે બાજી બગાડી નાખી હતી.

લશ્કરી કાર્યવાહી બંધ કરતા પહેલા ભારતે ઓછામાં ઓછું પીઓકે પાછું મેળવી લેવું જોઈતું હતું અને બલૂચિસ્તાનને પાકિસ્તાનથી અલગ કરી દેવું જોઈતું હતું, એમ અખબારમાં જણાવવામાં આવ્યું હતું.

સાવરકરે પીઓકેથી રામેશ્વરમ અને સિંધુથી આસામ સુધી વિસ્તરેલા અવિભાજિત ભારતનું સ્વપ્ન જોયું હતું, પરંતુ 'વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારે સાવરકરના અખંડ ભારતના સ્વપ્નને સાકાર કરવાની તક ગુમાવી દીધી છે,' એમ તંત્રીલેખમાં જણાવવામાં આવ્યું છે.

તંત્રીલેખમાં ઉમેર્યું હતું કે, પીએમ મોદીને હવે 'સાવરકરના નામે રાજકારણ કરવાનો' કોઈ અધિકાર નથી. ■





# યેઉરમાં ૫૦૦ રૂપિયામાં બળાત્કારની પરવાનગીઃ આવ્હાડનો ગંભીર આરોપ


થાણેઃ યેઉરમાં બે બંગલામાં બે બળાત્કારની ઘટના બની છે. આ બંને બંગલા ગેરકાયદે છે, આમછતાં આ બંગલા કેમ ન તોડી નાખ્યા? યેઉરમાં પર્યાવરણની હાની માટે કોણ જવાબદાર છે? રાત્રે બહારના લોકોને ત્યાં કેવી રીતે જવા મળે છે? એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડે આવા સવાલ કરતાં એવો ગંભીર આરોપ લગાવ્યો હતો કે ત્યાં ૫૦૦ રૂપિયામાં બળાત્કારની છૂટ આપવામાં આવી રહી છે. તેણે એમ પણ કહ્યું હતું કે આબકારી વિભાગના પ્રધાને જવાબ આપવો જોઈએ કે આબકારી વિભાગે અહીં દારૂના લાઇસન્સ કેવી રીતે આપ્યા છે. સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનના યેઉર જંગલ વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષોથી મોટી સંખ્યામાં ગેરકાયદે બાંધકામો ઉભા કરવામાં આવ્યા છે. યેઉરનું જંગલ સંવેદનશીલ વિસ્તાર હોવા છતાં, અહીં ઘણીવાર રાત્રે પાર્ટીઓનું આયોજન કરવામાં આવે છે. થોડા દિવસો પહેલાં, યેઉરમાં બળાત્કારની ઘટના બની હતી. આ ઘટના પછી, યેઉરમાં રાત્રિ પાર્ટીઓ અને ગેરકાયદે બાંધકામો અંગે ફરી એકવાર પ્રશ્નો ઉભા થયા છે. ■

# મધ્ય રેલવેમાં શાહપુર સ્ટેશને ટ્રેનના છ કોચ ઓવરશૂટ

મુંબઈઃ મુંબઈની લોકલ ટ્રેન એ મુંબઈગરાની લાઈફલાઈન છે, જે કરોડો પ્રવાસીઓને પોતાની મંઝિલ સુધી પહોંચાડે છે. મંગળવારે બપોરે મધ્ય રેલવેની સીએસએમટી જઈ રહેલી લોકલ ટ્રેન ઓવરશૂટ (પ્લેટફોર્મ પર ઊભી રહ્યા વિના આગળ વધી જવું) થઈ હતી, જેને કારણે મધ્ય રેલવે પર ટ્રેન વ્યવહાર ખોરવાયો હોવાની માહિતી મધ્ય રેલવેના અધિકારી દ્વારા આપવામાં આવી હતી.

અધિકારીએ આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે શહાપુર તાલુકાના થાનસિટ રેલવે સ્ટેશન નજીક બપોરે ૪.૧૦ કલાકે આ ઘટના બની હતી. આ મામલે વધુ તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

ઓવરશૂટિંગ એટલે જ્યારે ટ્રેન પ્લેટફોર્મના સ્ટોપિંગ પોઈન્ટ પર ઊભા રહ્યા વિના જ આગળ વધી જાય. ■





















# ગાંધીવાદી કોલેજના પ્રોફેસરને સાત વર્ષ સુધી પ્રોબેશન પર રાખ્યાઃ હાઈ કોર્ટ ગુસ્સે ભરાઈ

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે ગિરગાંવમાં આવેલી ભારતીય વિદ્યા ભવનની,મુમ્બાદેવી આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલયના આસિસ્ટન્ટ પ્રોફેસરને લગભગ સાત વર્ષ સુધી પ્રોબેશન પર રાખવા બદલ ફટકાર લગાવી હતી. જે તેમની નિમણૂકમાં નિર્ધારિત બે વર્ષની મર્યાદાથી ઘણી વધારે છે.

૨૦ એપ્રિલ, ૨૦૧૮ ના રોજ કોલેજમાં જોડાયેલા આસિસ્ટન્ટ પ્રોફેસર રેશુ સિંઘે એપ્રિલ ૨૦૨૦ માં તેમનો બે વર્ષનો પ્રોબેશન સમયગાળો પૂરો કર્યો હતો . વારંવાર ફોલો-અપ કરવા છતાં, તેમને કાયમી પત્ર આપવામાં આવ્યો નહોતો. છઠ્ઠી મેના રોજ આપેલા ચુકાદામાં, કોર્ટે કોલેજને ૨૦ જૂન, ૨૦૨૦ થી સિંઘને કાયમી કરતો પત્ર જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો. હવે તેઓ પાંચ પગાર વધારા અને નિયમિત પ્રમોશન માટે હકદાર રહેશે.

કોર્ટે કોલેજની નિષ્ક્રિયતા બદલ ટીકા કરી, તેને ન્યાયિક અંતરાત્મા માટે આઘાતજનક'' અને ''શોષણથી ઓછું કંઈ નહીં ગણાવ્યું. કોલેજના ગાંધીવાદી વારસાની પણ નોંધ લીધી, અને કહ્યું કે સિંઘ સાથેનો વ્યવહાર સંસ્થાના મૂલ્યોને જાળવી રાખવાના દાવાની વિરુદ્ધ હતો.

ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને અશ્વિન ભોબેની ડિવિઝન બેન્ચે કોલેજને ફટકાર લગાવતા કહ્યું કે,''શિક્ષકો સાથે આ રીતે વર્તન ન કરી શકાય. આ કોલેજની સ્થાપના મહાત્મા ગાંધીના આશીર્વાદથી થઈ હતી.

# શિવસેના (યુબીટી)ના મૃત નેતાની પત્ની તેજસ્વીએ પાર્ટી પદ છોડ્યું


મુંબઈઃ મુંબઈના દહિસરથી શિવસેના (યુબીટી)ના વિભાગ પ્રમુખ તેજસ્વી ઘોસાલકરે પાર્ટીના સાથી નેતાઓ ખાસ કરીને તેમના સસરા વિનોદ ઘોસાલકર સાથેના મતભેદો બાદ તેમના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

તેજસ્વી શિવસેના (યુબીટી)ના દિવંગત કોર્પોરેટર અભિષેક ઘોસાલકરનાં પત્ની છે, જેમને ફેબ્રુઆરી ૨૦૨૨માં ફેસબુક લાઇવ દરમિયાન ઉદ્યોગપતિ મૌરિસ નોરોન્હા દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જેઓ તેમના પ્રત્યે દ્વેષ રાખતા હતા.

તેજસ્વીએ કહ્યું કે તે ટૂંક સમયમાં પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરેને મળવાની છે. ■

**પ્રાર્થના સભા - દશા સોરઠીયા વણિક**

જન્મ : ૧૬ એપ્રિલ ૧૯૩૫



મરણ : ૧૧ મે ૨૦૨૫

**સ્વ શ્રી પ્રફુલચંદ્ર દ્વારકાદાસ વખારીયા (ઉ. વર્ષ ૯૦)**

ઘાટકોપર નિવાસી તારીખ ૧૧.૫.૨૦૨૫ રોજે શ્રીજી ચરણ પામ્યા છે.
સ્વ. જશોદાબેન તથા સ્વ દ્વારકાદાસ વખારીયા ના સુપુત્ર. સ્વ જસવંતીબેન ના પતિ.
રેણુકાબેન, ધર્મેન્દ્રભાઈ ના પિતાશ્રી. યોગેશભાઈ, પારુલબેન ના સસરા.
સ્વ કમળાબેન, ભાનુબેન તથા નરેન્દ્રભાઈ ના ભાઈ. ભાવનાબેન ના જેઠ.
મનોજ - રૂપલ, કોમલ - મુકુંદ ના ભાઈજી.
સ્વ છેલશંકરભાઈ પુંજાણી, સ્વ રણછોડભાઈ ભોજાણી ના વેવાઈ.
સ્વ મુકુંદભાઈ, સ્વ મહેન્દ્રભાઈ, સ્વ અશોકભાઈ પાનાચંદ ધોળકિયા ના બનેવી.
કરણ, રિયા, મનવીના દાદા.
રિદ્ધિ, રોહન-પલક, તન્વી, અંજલી ના નાના.

**પ્રાર્થના સભા**

તા. ૧૫.૦૫.૨૦૨૫ ગુરુવાર રોજ સાંજના ૫.૩૦ થી ૭
લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર ઈસ્ટ, મુંબઈ - 400077

ટ્રસ્ટી :- દશા સોરઠીયા વણિક મહાજન ટ્રસ્ટ- ઘાટકોપર.
હરજીવન વસનજી ચેરીટેબલ ટ્રસ્ટ -સૂર્યનારાયણ મંદિર પાંજરાપોળ.
અમરચંદ માધવજી દશા સોરઠીયા વણિક મહાજન ટ્રસ્ટ- રાજકોટ.

• B. J. SCIENTIFIC CO. • BEARINGS & MILLSTORES CORPORATION

KParth

# બાંધકામ ક્ષેત્રમાં કૃત્રિમ રેતીને પ્રોત્સાહન આપવાની નીતિને કેબિનેટની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પર્યાવરણ પર વધુ પડતા કુદરતી રેતીના ખોદકામની હાનિકારક અસરને ધ્યાનમાં લેતાં મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે બાંધકામ ક્ષેત્ર માટે ટકાઉ અને વૈકલ્પિક સંસાધન પૂરું પાડવા માટે કૃત્રિમ રેતી (એમ-રેતી) નીતિને મંજૂરી આપી હતી. આ નિર્ણય બાંધકામ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન લાવવાની અપેક્ષા છે.

મુખ્ય પ્રધાનની કચેરી (સીએમઓ)ના એક નિવેદનમાં જણાવાયું છે કે કુદરતી રેતી ખાણકામની ઇકોલોજીકલ અસર ઘટાડવાના હેતુથી મંજૂર કરાયેલી નીતિ હેઠળ, પ્રતિ જિલ્લા પચાસ એમ-રેતી (કૃત્રિમ રેતી) એકમોને ઔદ્યોગિક પ્રોત્સાહનો સાથે પ્રોત્સાહિત કરવામાં આવશે. રેતીના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે દરેક એકમને પ્રતિ બ્રાસ ૨૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવશે. આ નીતિ જાહેર બાંધકામ પ્રોજેક્ટ્સમાં કૃત્રિમ રેતીના ઉપયોગને પ્રોત્સાહન આપે છે.

# આઈટીઆઈને વૈશ્વિક ધોરણના તાલીમ કેન્દ્રોમાં રૂપાંતરિત કરવાની નીતિ

મુંબઈ: મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે સરકાર દ્વારા સંચાલિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ)ને વૈશ્વિક શ્રેષ્ઠતાના કેન્દ્રોમાં રૂપાંતરિત કરવાના હેતુથી નવી જાહેર-ખાનગી ભાગીદારી નીતિને મંજૂરી આપી હતી. આ નીતિ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય ઉદ્યોગની માગણીને અનુરૂપ અત્યાધુનિક કૌશલ્યોથી સજ્જ કરવાનો અને રોજગાર બજારમાં તેમની રોજગારક્ષમતા સુધારવાનો પ્રયાસ કરે છે, કૌશલ્ય વિકાસ પ્રધાને કેબિનેટની બેઠકમાં હાજરી આપ્યા બાદ પત્રકારોને જણાવ્યું હતું. નવી નીતિ અભ્યાસક્રમ વિકાસ, માળખાગત સુવિધાઓના સુધારા અને અદ્યતન તાલીમ તકનીકોની જોગવાઈમાં ખાનગી ક્ષેત્રના સહયોગ દ્વારા આઈટીઆઈનું આધુનિકીકરણ કરવાની કલ્પના કરે છે. તે અગ્રણી કોર્પોરેટ્સ, ઔદ્યોગિક સંગઠનો અને પરોપકારીઓને સરકાર સાથે ભાગીદારી કરવા, તાલીમ સુવિધાઓમાં રોકાણ કરવા અને તેમની કોર્પોરેટ સામાજિક જવાબદારી પહેલ દ્વારા ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે, એમ તેમણે ઉમેર્યું. બે લાખથી વધુ આઈટીઆઈના વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે સંબંધિત તાલીમનો લાભ મળશે. નવી મંજૂર નીતિ નવીન, અદ્યતન અભ્યાસક્રમ રજૂ કરશે અને આપણા યુવાનોને વૈશ્વિક રોજગારની તકો સાથે જોડશે.

# ન્યૂ ઈન્ડિયા બૅંકમાંથી નાણાંની ઉચાપતના કેસમાં ૧૨,૬૩૪ પાનાંની ચાર્જશીટ દાખલ

## આઠ આરોપીની ધરપકડ, ભાનુ દંપતી ફરાર: ૧૬૭ કરોડની મિલકતને ટાંચ: છ આરોપીની તપાસ ચાલુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂ ઈન્ડિયા કો-ઓપ. બૅંકના ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપતના કેસમાં ધરપકડ કરાયેલા આઠ આરોપી અને ફરાર ભાનુ દંપતી વિરુદ્ધ આર્થિક ગુના શાખાએ ૧૨,૬૩૪ પાનાંનું આરોપનામું કોર્ટમાં દાખલ કર્યું હતું. તપાસ દરમિયાન પોલીસે આરોપીઓ સંબંધી ૧૬૭ કરોડ રૂપિયાની મિલકતને ટાંચ મારી હતી તો વધુ છ આરોપીની તપાસ ચાલી રહી છે.

બૅંકમાંથી નાણાંની ઉચાપતનો મામલો સામે આવ્યા પછી આ પ્રકરણે દાદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનાની વ્યાપ્તિને ધ્યાનમાં રાખી તપાસ આર્થિક ગુના શાખાને સોંપાઈ હતી.

આર્થિક ગુના શાખાએ આ કેસમાં સૌપ્રથમ બૅંકના ભૂતપૂર્વ જનરલ મૅનેજર અને અકાઉન્ટ હેડ હિતેશ પ્રવીણચંદ્ર મહેતાની ધરપકડ કરી હતી. મહેતા આ કેસનો મુખ્ય આરોપી હોવાનું પોલીસનું કહેવું છે.

આ કેસમાં અત્યાર સુધીમાં મહેતા સહિત ધર્મેશ જયંતીલાલ પૌન, અભિમન્યુ સુરેન્દરકુમાર ભોન, મનોહર અરુણાચલમ મારુતુવાર, કપિલ કલ્યાણજી દેઢિયા, ઉલ્હાનાથન અરુણાચલમ, જાવેદ ઈકબાલ આઝમ મોહમ્મદ ફારુક આઝમ, રાજીવરંજન રમેશચંદ્ર પાંડેની ધરપકડ કરવામાં આવી છે. ગુનામાં બૅંકના ભૂતપૂર્વ ચૅરમૅન હિરેન રણજિત ભાનુ અને તેની પત્ની ગૌરી ભાનુની પણ સંડોવણી સામે આવી હતી. અનેક ઠેકાણે શોધ ચલાવ્યા છતાં ભાનુ દંપતી હાથ લાગ્યા ન હોવાનું પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ કેસમાં કથિત રીતે સંડોવાયેલા છ જણની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન જરૂર પડ્યે તેમની ધરપકડની જોગવાઈ રાખવામાં આવી છે. એ સિવાય ગુનામાં ફોરેન્સિક ઓડિટ માટે ઓડિટરની નિયુક્તિની પ્રક્રિયા ચાલુ છે. તેથી ભવિષ્યમાં આ ગુનામાં મોટા પુરાવા પ્રાપ્ત થવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

તપાસ દરમિયાન પંચાવન પંચનામાં કરવામાં આવ્યાં હતાં. આરોપનામામાં ૫૩ સાક્ષીનાં નિવેદનનો સમાવેશ કરાયો છે. કોર્ટની પરવાનગી પછી સંબંધિત કલમ હેઠળ ૧૬૭ કરોડ રૂપિયાની મિલકતોને ટાંચ મારવામાં આવી હતી. મુખ્ય આરોપી હિતેશ મહેતાની બ્રેઈન મેપિંગ ટેસ્ટ પણ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

### શું રાજ ઠાકરે

પ્રશ્ન કર્યો હતો કે જ્યારે મનસેના વડા રાજ ઠાકરે સાથે આવવાની વાત કરે છે, ત્યારે શું તેઓ કોઈ નવી પહેલ કરી રહ્યા છે?

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે જ્યારે ઉદ્ધવ ઠાકરેએ જૂના વિવાદો ભૂલીને સાથે આવવાની વાત કરી છે, તો પછી રાજ ઠાકરે ગઠબંધન માટે 'થોભો અને રાહ જુઓ'ની સ્થિતિમાં કેમ છે? આ અંગે સંજય રાઉતે કહ્યું કે રાજ ઠાકરેએ ગઠબંધન માટેની પહેલ શરૂ કરી હતી. તેથી, હવે તેઓએ તેને ફરીથી શરૂ કરવું જોઈએ. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાનો પ્રતિભાવ સકારાત્મક છે.

જોકે, રાજ ઠાકરે, જેમણે ઘણી વખત ઇન્ટરવ્યુમાં પોતાના ભાઈ સાથે પાછા ફરવાની ઇચ્છા વ્યક્ત કરી છે, તેઓ હવે આ અંગે કોઈ ટિપ્પણી કરી રહ્યા નથી. મનસેના નેતાઓ પણ કહી રહ્યા છે કે અંતિમ નિર્ણય રાજ ઠાકરે જ લેશે. તો મનસે અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના વચ્ચે ગઠબંધનની વાટાઘાટોમાં આગળ શું થવાનું છે?

### દરિયામાં કૂદેલી

મહિલાને પાણીમાં ડૂબતી જોઈ રહ્યા તો અનેક લોકો મોબાઈલથી વીડિયો રેકોર્ડિંગ કરી રહ્યા હતા.

મહિલા કૂદી હોવાની જાણ થતાં જ ત્યાં હાજર ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ સુરેશ ભિકાજી ગોસાવીએ પોતાના જીવના જોખમે મહિલાને બચાવવા દરિયામાં ઝંપલાવ્યું હતું. ડૂબી રહેલી મહિલાને ગોસાવી કિનારે ખેંચી લાવ્યો હતો. સાથીઓની મદદથી તેણે સીપીઆરનો ઉપયોગ કર્યો હતો.

મહિલાના શરીરમાં દરિયાનું ખાસ્સું પાણી ગયું હતું. ચારેક લિટર પાણી તેના પેટમાંથી બહાર કાઢવામાં આવ્યું હતું. પછી હૉસ્પિટલમાં દાખલ કરાયેલી મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પોલીસે મહિલાના પરિવારજનોને શોધવાના પ્રયાસ હાથ ધર્યા હતા. કોન્સ્ટેબલ ગોસાવીનું તેની સાહસિક કામગીરી બદલ પાંચ હજાર રૂપિયાના રિવોર્ડ સાથે સન્માન કરાયું હતું.

દરમિયાન માંદગીથી કંટાળીને ૭૨ વર્ષની વૃદ્ધાએ બિલ્ડિંગના સાતમા માળેથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હોવાની ઘટના દહિસરમાં બની હતી. મૃતકની ઓળખ મરલિન મેનન તરીકે થઈ હતી. ન્યૂ હેરિટેજ બિલ્ડિંગના સાતમા માળે આવેલા ફ્લૅટમાં વૃદ્ધા એકલી રહેતી હતી. પોલીસને ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં માંદગીને કારણે પોતે માનસિક રીતે ભાંગી પડી હોવાથી અંતિમ પગલું ભરી રહી હોવાનું વૃદ્ધાએ લખ્યું હતું. એમએચબી પોલીસે ઘટનાની નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)

### ત્રણ રાષ્ટ્રીય

બેંકોને કેસના ખર્ચ પેટે બીસીસીઆઈને ₹૨૫ લાખ ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો.

ઓક્ટોબર ૨૦૦૯ માં, ઇઈઈઈ એ મીડિયા રાઇટ્સ લાઇસન્સ એગ્રીમેન્ટ (એમઆરએલએ) અમલમાં મૂક્યો હતો જેમાં નિમ્બસ કોમ્યુનિકેશન્સને એપ્રિલ ૨૦૧૦ થી માર્ચ ૨૦૧૪ સુધી ભારતમાં ક્રિકેટ મેચોના પ્રસારણના અધિકારો ₹૨,૦૦૦ કરોડમાં આપવામાં આવ્યા હતા. કરારની શરતો અનુસાર, કંપનીએ બીસીસીઆઈને ₹૨,૦૦૦ કરોડની બેંક ગેરંટી આપવાની હતી. ઓક્ટોબર ૨૦૧૦ માં, બેંકોએ નવ બેંક ગેરંટી જારી કરી હતી અને તેમાંથી કેટલીકને બોર્ડ દ્વારા માંગણી કરતા ચુકવવામાં આવી હતી.

જોકે, પાછળથી, નિમ્બસ બીસીસીઆઈને સમયમર્યાદામાં ચૂકવણી કરવામાં અસમર્થ રહ્યું, જેના પરિણામે વિવાદો થયા. આખરે, ડિસેમ્બર ૨૦૧૧ માં, બીસીસીઆઈએ મીડિયા કંપની સાથેનો કરાર રદ કર્યો. ત્યારબાદ બીસીસીઆઈએ બેંકોને પત્રો લખીને બાકીની ₹૧,૬૦૦ કરોડની બેંક ગેરંટી માંગી. જોકે, ત્રણેય બેંકોએ બાકીની બેંક ગેરંટીનો ઇનકાર કર્યો હતો, અને દલીલ કરી હતી કે કરાર સમાપ્ત થયા પછી તે હવે માન્ય નથી.

બીસીસીઆઈએ દલીલ કરી હતી કે નિમ્બસ કોમ્યુનિકેશન્સ દ્વારા આપવામાં આવેલી બેંક ગેરંટી બિનશરતી, અફર હતી, મીડિયા અધિકાર કરાર સાથે તેનો કોઈ સંબંધ નથી અને માંગણી પર તેમને ચૂકવવાપાત્ર હતી. બીજી તરફ, બેંકોએ દાવો કર્યો હતો કે જે કરાર હેઠળ બેંક ગેરંટી આપવામાં આવી હતી તેના સંદર્ભમાં તેમને ચોક્કસ વાંધાઓ ઉઠાવવાનો અધિકાર છે.

જોકે, બેન્ચે નોંધ્યું હતું કે બેંક ગેરંટીની કલમો દર્શાવે છે કે બેંકો બીસીસીઆઈને 'કોઈપણ અવરોધ, અનામત, હરીફાઈ, આશ્રય અથવા વિરોધ અને/અથવા કોઈપણ સંદર્ભ વિના' ચુકવણી કરવા સંમત થઈ હતી.

### સ્કૂલોમાં હવે

ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યા બાદ પોલીસે તેની હત્યા કરી હતી.

રાજ્ય સરકારે વિદ્યાર્થીઓની જાતીય સતામણી અંગેની કોઈપણ ફરિયાદની જાણ શાળાઓએ સ્થાનિક પોલીસ સ્ટેશનન કરવી ફરજિયાત બનાવી દીધી છે. સરકારે શાળાઓને તેના ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફની નિમણૂક કરતા પહેલા તેની ચાલચલગત તપાસવા અને પોલીસ પાસેથી એનું સર્ટિફિકેટ મેળવવું જરૂરી હોવાનું પણ જણાવ્યું છે. ત્રણ વખત લેવામાં આવતી હાજરી વખતે જો વિદ્યાર્થી હાજર ન હોય તો માતપિતાને ટેક્સ્ટ મેસેજ મોકલવા પણ જણાવ્યું છે.

આ ઉપરાંત શાળાઓએ એક ફરિયાદ પેટી (કમ્પ્લેઈન બોક્સ) રાખવું પડશે અને આ બોક્સ શાળા સમિતિની હાજરીમાં અઠવાડિયામાં બે વાર ખોલવામાં આવશે અને એ સમયે વાલીઓના પ્રતિનિધિઓ હાજર રહેશે.

### મઢમાં બનાવટી

છે. બનાવટી નકશાને આધાર લઈને છેલ્લા વર્ષ દરમ્યાન મઢમાં ૧૦૧ ગેરકાયદે બાંધકામ ઊભા થઈ ગયા હોવાનું જણાયા બાદ વારંવાર સંબંધિતોને નોટિસ આપવામાં આવી હતી. છતાં તેની તરફ દુર્લક્ષ કરવામાં આવ્યું હતું. તેથી પાલિકાએ હવે આ બાંધકામને જમીનદોસ્ત કરી રહી છે.

ગયા અઠવાડિયામાં કરવામાં આવેલી બે કાર્યવાહી દરમ્યાન એક બંગલો અને નવ અનધિકૃત બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા. મંગળવારે જે ૧૪ બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા, તેમાં ત્રણ બાંધકામ એરંગલ પરિસરમાં ૧૯૦૦, ૧૭૦૦ અને ૬૫૦ ચોરસ ફૂટના હતા. બાકીના ૧૧ બાંધકામ વલનાઈ ગામના હોઈ તેના ક્ષેત્રફળ ૨૦૦થી ૩૦૦ ચોરસફૂટના છે.

ત્રણ જેસીબી અને અન્ય મશીનની મદદથી આ અનધિકૃત બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પાલિકાના ૧૦ અધિકારી-કર્મચારી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

### દસમામાં પણ

૭.૬૦ લાખ વિદ્યાર્થી અને ૬.૯૫ લાખ વિદ્યાર્થિની પાસ થઈ છે. **૩૨ વિષયમાં ૧૦૦ ટકા પરિણામ:** મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ૬૨ વિષયમાંથી કુલ ૩૨ વિષયમાં ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. રાજ્યના આઠ વિભાગોમાં કોંકણમાં સૌથી સારૂ પરિણામ આવ્યું છે, આ કેન્દ્રમાંથી ૯૮.૮૨% વિદ્યાર્થીઓ પાસ થયા છે. પરિણામ બાબતે નાગપુર ૯૦.૭૮ ટકા પરિણામ સાથે સૌથી નીચે રહ્યું છે. અન્ય કેન્દ્રોની વાત કરવામાં આવે તો કોલ્હાપુરમા ૯૬.૮૭ ટકા, મુંબઈ ૯૫.૮૪ ટકા, પુણે ૯૪.૮૨ ટકા, નાશિક ૯૩.૦૪ ટકા, અમરાવતી ૯૨.૯૫ ટકા, છત્રપતિ સંભાજીનગર ૯૨.૮૨ ટકા અને લાતુરમાં ૯૨.૭૭ ટકા પરિણામ આવ્યું છે આ વર્ષે મહારાષ્ટ્રનું કુલ પરિણામ ૯૪.૧૦ ટકા આવ્યું છે, જ્યારે ગયા વર્ષ કરતા પરિણામમાં સહેજ ઘટાડો થયો છે. ગયા વર્ષે એસએસસીનું પરિણામ કુલ ૯૫.૮૧ ટકા આવ્યું હતું. મહારાષ્ટ્રમાં કોંકણનું ૯૮.૮૨ ટકા, કોલ્હાપુરમાં ૯૬.૮૭ ટકા, મુંબઈ ૯૫.૮૪ ટકા, પુણે ૯૪.૮૧ ટકા, નાશિકનું ૯૩ ટકા, અમરાવતીમાં ૯૨.૯૫ ટકા, લાતુરમાં ૯૨.૭૭ ટકા અને નાગપુરનું ૯૦.૭૮ ટકા પરિણામ આવ્યું છે.

**પાલઘરમાં વસઈ ટોપ પર:** બારમાના રિઝલ્ટ બાદ હવે મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઓફ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશને ગઈ કાલે દસમા ધોરણની પરીક્ષાનું પરિણામ ઓનલાઈન જાહેર કર્યું છે, જેમાં વસઈ ૯૬.૪૮ ટકા સાથે ટોપ પર છે. ગઇ કાલે બપોરે એક વાગ્યે શિક્ષણ બોર્ડે વેબસાઇટ પર જાહેર કરેલા દસમા ધોરણના પરિણામમાં ફરી એકવાર છોકરીઓએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માર્ચ મહિનામાં રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી દસમા ધોરણની પરીક્ષામાં વસઈના ૩૭,૨૪૭ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પરીક્ષામાં બેસેલા ૩૭,૦૬૯ વિદ્યાર્થીઓમાંથી ૩૫,૭૬૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે, જેમાં ૧૯,૧૯૦ છોકરાઓ અને ૧૬,૫૭૬ છોકરીઓનો સમાવેશ થાય છે. આમ તાલુકાનું કુલ પરિણામ ૯૬.૪૮ ટકા આવ્યું હોવાનું શિક્ષણ વિભાગે જણાવ્યું છે.

#### ક્લાસ ઈમ્પ્રુવમેન્ટ પરીક્ષા

જે વિદ્યાર્થીઓ ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં લેવામાં આવેલી એસએસસી બોર્ડની પરીક્ષામાં તમામ વિષયમાં પાસ થઈ ગયા છે તે વિદ્યાર્થીઓ તેમના માર્ક્સમાં વધારો કરવા માટે ક્લાસ ઈમ્પ્રુવમેન્ટ સ્કીમ હેઠળ આગામી ત્રણ સેશન્સમાં પરીક્ષા આપી શકે છે. આ પરીક્ષા જૂન-જુલાઈ-૨૦૨૫, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ અને જૂન-જુલાઈ ૨૦૨૬માં થશે. આ સ્કીમથી વિદ્યાર્થીઓ તેમના શૈક્ષણિક વર્ષનો અભ્યાસ માટે વર્ષ નહીં બગાડતા પોતાનું શૈક્ષણિક પર્ફોર્મન્સ સુધારી શકશે.

#### ઓછા માર્કસ મેળવનારા માટે કાઉન્સેલર

જે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવ્યા છે અથવા નાપાસ થયા છે તેવા વિદ્યાર્થીઓ અથવા તેમના વાલીઓના મનમાં રહેલી મુંઝવણને દૂર કરવા માટે કાઉન્સેલરને નીમવામાં આવ્યા છે. તેમના મારફત વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવામાં આવશે.

### ઉદય સામંત

સવારે કોઈ કામ માટે આ વિસ્તારમાં આવ્યા હતા. તે સમયે, મેં જાતે રાજસાહેબને ફોન કર્યો અને મુલાકાત માટે વિનંતી કરી. પછી હું અહીં આવ્યો. રાજ ઠાકરે સાથે વાત કર્યા પછી, ઘણા વિષયો પ્રકાશમાં આવે છે. મુંબઈના વિકાસ વિશે ચર્ચા થઈ. જે કંઈ પણ ચર્ચા થઈ તેમાં આગળ કેવી રીતે વધવું તે અંગે વિચારણા કરવામાં આવી રહી છે. તે સિવાય, તમારા મનમાં જે પણ અન્ય રાજકીય શંકાઓ હોય, તેના વિશે કોઈ ચર્ચા થઈ ન હતી. અમે ચા પીધી, ખીચડી ખાધી અને ચાલ્યા ગયા. જો મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વિશે ચર્ચા થઈ હોત, તો તેની જાહેરાત કરવામાં કોઈ સમસ્યા ન હોત. આ મારી ચોથી મુલાકાત છે. મુલાકાત દરમિયાન થયેલી ચર્ચાઓ પર વધુ ટિપ્પણી કરવાનું ટાળતા સામંતે કહ્યું કે તેમણે પહેલા જે જવાબ આપ્યો હતો તે આજે પણ એ જ છે.

અમારી બેઠક દરમિયાન કોઈ રાજકીય ચર્ચા થઈ ન હતી. હું આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો, તેથી હું રાજ ઠાકરેને મળ્યો. રાજકારણની બહાર પણ કેટલાક સંબંધો હોય છે. જો હું કાલે સંદીપ દેશપાંડેને ચાલતા મળીશ, તો તેનો અર્થ એ નથી કે જોડાણ વિશે કોઈ ચર્ચા થશે. કેટલીક મુલાકાતો બિનરાજકીય હોય છે.

આપણે આ મુલાકાતોને રાજકીય તરીકે પણ ન જોવી જોઈએ. હું અહીંથી નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળવા જઈ રહ્યો છું. તેથી, તમે સમાચાર ફેલાવશો કે રાજ ઠાકરેની સભામાંથી વિદાય લીધા પછી હું શિંદેને મળવા જઈ રહ્યો છું. જોકે, ઉદય સામંતે પણ પત્રકારોને કટાક્ષમાં કહ્યું કે આવું કંઈ થયું નથી.

આ દરમિયાન, રાજકારણ સિવાયના અન્ય વિષયો પર ચર્ચા થઈ. બધી ચર્ચાઓ કહેવા માટે નથી હોતી. મંત્રી ઉદય સામંતે એમ પણ કહ્યું કે જ્યારે રાજકીય ચર્ચાઓની ખરેખર જરૂર પડશે, ત્યારે હું અને સંદીપ દેશપાંડે એક મોટી પ્રેસ કોન્ફરન્સ કરીને તેની જાહેરાત કરીશું.

#### તેજસ્વી ઘોસાલકરની નારાજગી અંગે સામંતની પ્રતિક્રિયા

શિવસેના (યુબીટી)ના ઘણા નેતાઓ, મહિલા મોરચાના નેતાઓ અને યુવા નેતાઓ પાર્ટી છોડી રહ્યા છે, અને યુબીટીએ આના પર ચિંતન કરવું જોઈએ. જેઓ અમારા સંપર્કમાં છે. જેઓ અન્ય મહાયુતિ પક્ષોમાં જોડાય છે. તેમનું નેતૃત્વ સ્વીકારો. એકનાથ શિંદેની કાર્યશૈલીથી પ્રભાવિત થઈને યુબીટીમાંથી વધુને વધુ લોકો અમારી પાસે આવી રહ્યા છે. તેઓ એકનાથ શિંદેનું નેતૃત્વ સ્વીકારે છે, એમ ઉદય સામંતે કહ્યું હતું.

### જો ડ્રોન કે

કિંમત ૭૦ હજાર રૂપિયા હોવાનું પોલીસનું કહેવું છે.

મળતી માહિતી અનુસાર તાજ હૉટેલ ફરતેના સંવેદનશીલ વિસ્તારમાં ક્વિક રિસ્પોન્ટ ટીમ (ક્યૂઆરટી)ના જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે ગેટવે ઑફ ઈન્ડિયા નજીક હવામાં કંઈ ઊડતું નજરે પડ્યું હતું. તાત્કાલિક નજીક જઈને જોતાં ડ્રોન હોવાની ખાતરી થઈ હતી. ગેટવે નજીકની જેટ્ટી નંબર-પાંચ પાસે પાર્ક કરાયેલા વાહનમાં બેસીને યુવાન રિમોટ કન્ટ્રોલથી ડ્રોનને ઑપરેટ કરતો હોવાનું જણાયું હતું. યુવાનને તાબામાં લઈ પોલીસને સોંપાયો હતો.

આવી જ ઘટના બે દિવસ અગાઉ પવઈમાં બની હતી. પરવાનગી વિના ડ્રોન ઉડાવવા બદલ પવઈ પોલીસે ગુનો નોંધી ૨૩ વર્ષના યુવક વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

મનાઈ આદેશ લાગુ કરવામાં આવ્યો હોવા છતાં ડ્રોન ઉડાવવાની ઘટનાઓ બનતાં પોલીસે આવી કોઈ પ્રવૃત્તિ ન કરવા ખાસ ચેતવણી આપી છે. પોલીસે જણાવ્યું હતું કે શહેરમાં ત્રીજી જૂન સુધી મનાઈ આદેશ જાહેર કરાયો છે. આ સમય દરમિયાન ડ્રોન, રિમોટ કન્ટ્રોલ્ડ માઈક્રો-લાઈટ ઍરક્રાફ્ટ, હૉટ ઍર બલૂન ઉડાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એ સિવાય પેરાગ્લાઈડિંગ, પૅરા મોટર્સ જેવી પ્રવૃત્તિ પર પણ મનાઈ ફરમાવાઈ છે.

પોલીસના જણાવ્યા મુજબ ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ મુંબઈ શહેરમાં વિવિધ ઠેકાણે ડ્રોન ન ઉડાવવા માટે 'રેડ ઝોન' જાહેર કર્યા છે. આદેશનું ઉલ્લંઘન કરનારાઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમ હેઠળ ગુનો નોંધવામાં આવશે અને આવી વ્યક્તિ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### મંત્રાલયના અધિકારીને

સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું હતું કે મંત્રાલય દ્વારા આ મેઈલ કોલાબાના મહારાષ્ટ્ર પોલીસ કન્ટ્રોલ રૂમને મોકલવામાં આવ્યો હતો. આ મેઈલમાં બ્લાસ્ટ થવાની ચેતવણી આપવામાં આવી હતી, અને રાજ્ય અને દેશમાં ક્યાંય પણ બ્લાસ્ટ થઈ શકે છે, એવું નોંધવામાં આવ્યું હતું. મેઈલ મોકલનારની પોલીસે તપાસ કરતાં એક મહિલાના ઈ-મેઈલ આઈડી પરથી મેઈલ આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. મેઈલમાં લખવામાં આવ્યું હતું કે હું તમને (પોલીસને) વિનંતી કરું છું કે અચાનક મોટો બ્લાસ્ટ થવાનો હોવાથી આજે, આવતી કાલે અને પરમદિવસે સતર્ક રહેજો. જોકે કયા સમયે અને ક્યાં બ્લાસ્ટ થશે, એની જાણકારી નથી, પણ નજીકના સમયમાં થઈ શકે છે. તેથી આની અવગણના કરશો નહીં. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## જૈન મરણ

**ઝાલાવાડ દશાશ્રીમાળી દેરાવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ મુલુંડ, સ્વ. હરિલાલ કસ્તૂરચંદ શાહ તથા પૂ. સાધ્વીજી શ્રી સૌમ્યગિરા શ્રીજી મ.સા.ના સુપુત્ર ચંદ્રકાંતભાઈ (ઉં. વ. ૮૯) તા.૧૦-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દક્ષાબેનના પતિ તથા પ્રિતિ. અમિતના પિતાશ્રી. સેજલ તથા જીજ્ઞેશકુમારના સસરા. પૂ. ચંદ્રપૂર્ણાશ્રીજી મ.સા., રસિલાબેન ચારૂચંદ્ર શેઠ, નયનાબેન ચંદ્રકાન્ત શાહ, સ્વ. બિપિનભાઈના ભાઈ. ઝીઝુંવાડા નિવાસી સ્વ. લાલચંદ છગનલાલ વોરાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કાઠિયાવાડી સ્થાનકવાસી જૈન,**

જેતપુર નિવાસી હાલ મુલુંડ પશ્ચિમ, શ્રીમતી નીલમબેન મોદી (ઉં. વ. ૮૦) તા. ૧૩ મે ૨૦૨૫ અરિહંતશરણ પામેલ છે. સ્વ. ચંદ્રકાંત નટવરલાલ મોદીના પત્ની. ચૈતાલી નિલેશ ઠક્કર અને નિકિતા દ્રુપદ ઉપાધ્યાયના માતા. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

મહુવા નિવાસી સ્વ. વિનયચંદ્ર ગિરધરલાલ દોશીના સુપુત્ર રવિન્દ્ર દોશી (ઉં. વ. ૭૩) તા.૧૩-૫-૨૫ મંગળવાર અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઉર્વશીબેનના પતિ. સિદ્ધાર્થ અને ટ્વિંકલના પિતા. કવિન અને શ્વેતાના સસરા. સ્વ. રાજેન્દ્ર, દીપક, જયેશ, સરલા શરદકુમાર, આશા દીપકકુમારના ભાઈ, આન્યાના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાશી જૈન**

વઢવાણ નિવાસી હાલ પુના, ચંદ્રકાન્તભાઈ છબીલદાસ ગાંધી (ઉં. વ. ૯૦) તા.૧૩-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રંજનબહેનના પતિ. કૌશિક, સંગીતા કિરીટકુમાર શાહ તથા મોના સંદીપકુમાર ધ્રુવના પિતા. હેમા (મીના)ના સસરા. સ્વ. સુરેશભાઈ ગાંધી, સ્વ. રમેશભાઈ, સ્વ. જ્યોતિબેન સુરેશકુમાર કોઠારીના ભાઈ. સ્વ. મણિલાલ પુરષોત્તમદાસ સખીદાસ અમદાવાદના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાશી જૈન**

ઘોઘસસમઢી નિવાસી હાલ બોરીવલી, સ્વ. પ્રેમકુંવરબેન મૂળજીભાઈ કપાસીના સુપુત્ર, તે સ્વ. પ્રફુલ્લાબેનના પતિ. ભીખાલાલ કપાસી (ઉં. વ. ૮૨) મંગળવાર તા.૧૩/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેન ચંદુલાલ, સ્વ જ્યોત્સનાબેન મનહરલાલ, સ્વ. નીતાબેન નિરંજનભાઈના ભાઈ. રમાબેન પ્રવીણભાઈ, છાયાબેન રમેશભાઈ, મુક્તિકુમારી મહાસતીજી, ભારતીબેન હસમુખરાય, પન્નાબેન શરદભાઈ, જ્યોતિબેન હિતેન્દ્ર, બિંદુબેન હેમુભાઈ, ઉર્વેશભાઈ, એકતાબેન, સાગરભાઈ, કૃણાલભાઈ, હિરલબેન, ધ્વનિબેન, ક્રિષ્ટિબેન, પહલના કાકા. વિછિયા નિવાસી મગનલાલ નારણજી ખારાના જમાઈ. પ્રાર્થનાસભા તા.૧૫/૫/૨૫ના ગુરુવાર ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી શ્રાવક સંઘ હોલ. એસ. વી. રોડ. કાંદિવલી વેસ્ટ. લૌકિક વહેવાર બંધ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના લક્ષ્મીબેન મેઘજી (મણીલાલ) નિસર (ઉં. વ. ૭૮) અવસાન પામ્યા છે. સ્વ. મણીલાલના ધર્મપત્ની. સ્વ. કોરઇબેન અખેરાજ કોરશીના પુત્રવધૂ. સ્વ. અમૃત, ખીમજી, મીના, કાન્તી, નયના, પૂજા, ધનસુખના માતુશ્રી. રીતીક, રોશન, ભાવિક, કરણના દાદી પ્રિતી, પ્રફુલા, સુમિતા, મયુર, હિરેન, જીનલ, નિમેશ, ચેતના, નીલ, કુંજ, કલ્પના નાની. પ્રાર્થના રાખેલ નથી, નવપાડા,મરોલ નાકા અંધેરી (ઈસ્ટ),મુંબઈ.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ કકરવાના સ્વ. ગોમતીબેન શાન્તીલાલ લાધા નંદુ (ઉં. વ.૭૧) અવસાન પામેલ છે. સ્વ. બુધ્ધીબેન લાધા ગુણશીના પુત્રવધૂ. શાન્તીલાલના ધર્મપત્ની. નિમેશ, નિતીન, લવીંગા, ભારતીના માતુશ્રી. સોનાલી, જ્યોતી, દેવજી, રમણીકના સાસુ. માહી, રાહી, હેત્વી, ધીરના દાદીજી. ખારોઈનાં સ્વ. આસઈબેન વિજપાર ભારમલની દીકરી. પ્રાર્થના તા. ૧૪.૦૫.૨૦૨૫ સમય ૪ થી ૫.૩૦. સ્થળ: કરશન લધુ નિસર હોલ, દાદર-વેસ્ટ, ઠે.૭/૨૧, ચિન્મય સોસાયટી, ગોવિંદા હોટલની પાછળ. બોરીવલી-વેસ્ટ.

**ઝાલાવાડી વિશાશ્રીમાળી જૈન**

ચુડા નિવાસી, હાલ બોરીવલી, સ્વ. વિમળાબહેન જમનાદાસ ગાંધીના સુપુત્ર પ્રકાશભાઈ (ઉં. વ. ૭૫) તા. ૧૩-૫-૨૫ને મંગળવારના અરિહંતશરણ થયેલ છે. તે કૈલાસબહેનના પતિ. પ્રતિક તથા ભૌમિકના પિતાશ્રી. એકતા અને પ્રાચીના સસરા. જ્યોત્સનાબહેન પ્રમોદભાઈ સંઘવી, સ્વ. વિણાબહેન દિનેશભાઈ દોશી, પ્રફુલ્લાબહેન પ્રવિણભાઈ શાહ, ભારતીબહેન પ્રદીપભાઈ શાહના ભાઈ. શ્વસુરપક્ષે સ્વ. ધીરજલાલ ભાઈલાલ સખીદાસના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા ખુંટવડાવાળા હાલ સુરત નેમચંદ કપુરચંદના પુત્ર પજ્ઞેશભાઈના ધર્મપત્ની નીતાબેન દોશી (ઉ.વ. ૫૯) સોમવાર, તા. ૧૨-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દીનુ, વૃદ્ધિના માતુશ્રી. શૈલીના સાસુજી. પિયર પક્ષે પાલીતાણાવાળા વર્ષાબેન - રસિકલાલ ખાંતિલાલ ભાયચંદ વોરાની દિકરી. પરેશભાઈ, તુષારભાઈ, જીજ્ઞાબેન, બીનાબેનના બેન. અમરેલીવાળા પરશોત્તમ દીપચંદ ધ્રુવની ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે.: ૫૦૩, મેઘમલ્હાર, મુરાર રોડ, પાંચ રસ્તા, મુલુન્ડ વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ટીકર - રણ નિવાસી હાલ અંધેરી વેસ્ટ મધુકાન્તા મહેતા (ઉ.વ. ૯૨) તા. ૧૨-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રસિકલાલના પત્ની. સ્વ. પ્રભુલાલ હેમચંદ ઉદાણીના પુત્રી. દિપક, સ્વ. ભરત, છાયા, ભાવના, રૂપાના માતુશ્રી. સોનલ, કિરણભાઈ, ગિરીશભાઈ, રાજુભાઈના સાસુ. બંને પક્ષે પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ વિલેપાર્લા સ્વ. સુખલાલ રાજપાળ શાહના પુત્ર સ્વ. ચંદ્રવદનભાઈના ધર્મપત્ની શ્રીમતી સરલાબેન (ઉ.વ. ૮૦) તા. ૧૦-૫-૨૫, શનિવારે અરિહંતશરણ પામેલ છે. તે ભાવિક, પૂજાના માતુશ્રી. રાખી, દેવાંગભાઈના સાસુ. ક્રેયા, યુગના દાદી. સ્વ. દીપચંદભાઈ પ્રાગજીભાઈ મહેતાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

સરા નિવાસી હાલ મોરેશિયસ સ્વ. દિલીપભાઈના પત્ની સ્વ. મંછાબેન કેશવલાલ દોશીના પુત્રવધૂ. સ્વ. પ્રભાવતીબેન ચંપકભાઈ શાહના પુત્રી સ્મિતાબેન (ઉ.વ. ૭૧) તે મિશાખ, રીમાના માતુશ્રી. વિનય, પ્રિયમના સાસુ. અમાયરાના દાદી, વેદાંતના નાની. તા. ૧૧-૫-૨૫ના રવિવારે કેનેડા મુકામે અરિહંતશરણ પામેલ છે. સર્વ લૌકિક વહેવાર બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## હિન્દુ મરણ

**ઘોઘારી લોહાણા**

મૂળગામ ગરણી હાલ દહિસર, સ્વ. લાભુબેન અને સ્વ. નાગજીભાઈ સવાણી (ઠક્કર)ના પુત્ર તથા સ્વ. દ્વારકાદાસ મુકુન્દજી પોપટના જમાઈ. નાનાલાલ ઠક્કર (ઉં. વ. ૮૩) તે ઈલાબેનના પતિ. ચેતનભાઈ, અજયભાઇ, જયેશભાઇના પિતા. બબીતા, શિલ્પા તથા પાવનીના સસરા. ૧૨/૫/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૫/૫/૨૫ના ૫ થી ૭. શ્રી હાલાઇ લોહાણા મહાજનવાડી, શંકરમંદિર પાસે, એ.વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરાના ઠાકરશી ખીમજી ગોસર (ઉં. વ. ૭૨) તા. ૧૧-૫-૨૫ના અવસાન પામેલ છે. હાંસબાઇ ખીમજીના પુત્ર. સુશીલાના પતિ. દિપેશ, કલ્પેશના પિતા. હાલાપરના પુષ્પા મોહનલાલ, મોથારાના ભારતી લીલાધર, રાયધણજરના જયશ્રી જેઠાલાલ, મુલચંદના ભાઇ. હાલાપરના રતનબેન મેઘજી ગડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. નિ. સુશીલા ગોસર, ૨૦૪, ગોમતી સોસાયટી, રાજાજી રોડ, રામનગર, ડોંબીવલી (ઇ.).

કોડાયના અરૂણા રમેશ સાવલા (ઉં. વ. ૬૩) તા. ૧૨-૫-૨૫નાં અવસાન પામેલ છે. હીરબાઇ જેઠાલાલ સાવલાના પુત્રવધૂ. રમેશ સાવલાના ધર્મપત્ની. પુર્વેશના માતાશ્રી. લીલાવંતી નગીનચંદ્રના પુત્રી. સ્વ. સતીષ, રમેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમેશ જેઠાલાલ સાવલા, ડી-૧૦૨, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇસ્ટ).

ગોધરાના પંકજ કલ્યાણજી જેસંગ સાલિયા (ઉં. વ. ૬૭) તા.૧૨-૫-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. પુરબાઈ કલ્યાણજીના પુત્ર. વીણાબેનના પતિ. જીતેન, નિખિલ (સની)ના પિતા. જયેશ, નિલેશના મોટા ભાઈ. પારડીના રમાબેન કાંતિલાલ પંચાલના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. કરશન લઘુભાઈ નિસર હોલ (દાદર). ટા: ૨ થી ૩.૩૦.

બિદડા હાલે દેવલાલીના રમેશભાઈ મણીલાલ શાહ (નંદુ) (ઉં. વ. ૭૫) તા. ૧૨-૫-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી રતનબેન મણીલાલ ગાંગજી શાહના સુપુત્ર. હેમલતાના પતિ. ઝુબીન, ખ્યાતિના પિતા. ચંપકભાઈ, વનીતાના ભાઈ. નાના આસંબિયા માતુશ્રી ભાણબાઈ વલ્લભજી છેડાના જમાઈ. પ્રાર્થના: શ્રી શાંતિનાથ દેરાસર આરાધના હોલ, પ્રિન્સ ભોજનાલય, દેવલાલી-૪૨૨૪૦૧. ટા: ૩.૩૦ થી ૪.૩૦.

લાકડીયાના લક્ષ્મીબેન મેઘજી (મણીલાલ) નિસર (ઉં. વ. ૭૮) તા. ૧૨-૫ના અવસાન પામ્યા છે. સ્વ મણીલાલના ધર્મપત્ની. સ્વ. કોરઇબેન અખેરાજ કોરશીના પુત્રવધુ. સ્વ. અમૃત, ખીમજી, મીના, કાન્તી, નયના, પૂજા, ધનસુખના માતુશ્રી. મીઠાબેન કરમશીના પુત્રી. શાંતિલાલ, રમેશ, ખેતબાઈ, રમીલા, સ્વ. જયા, તારા, જેવંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ખીમજી નિસર, રૂમ નં. ૮, ઉત્તર પ્રદેશી ચાલ, નવપાડા, મરોલ નાકા અંધેરી (ઇ.).

બિદડા હાલે પુનાના ડો. રામજી ટોકરશી શાહ (ફુરીયા) (ઉં. વ. ૮૭) તા. ૧૧-૫ના પુના મધ્યે અવસાન પામ્યા છે. માતુશ્રી સાકરબેન, માતુશ્રી. કંકુબેન ટોકરશી તેજશીના સુપુત્ર. ડો. શાંતાબેનના પતિ. લક્ષ્મીબેન જીવરાજ, રસીકબેન કલ્યાણજી, પ્રેમીલાબેન હીરાલાલ, પ્રભાબેન જેંતીલાલ છેડાના ભાઇ. ડોણના વિમલા મનસુખ ગોગરીના પિતાશ્રી. પત્રીના માતુશ્રી સુંદરબેન ડો. ખીમજી જેવત ઘરોડના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ: ડો. શાંતાબેન શાહ, ૪૪૧/૪, સોમવાર પેઠ, માતૃછાયા એપાર્ટમેન્ટ, ૧લે માળે, ફ્લેટ નં. ૧૧, કે.ઇ.એમ. હોસ્પીટલ, મેહર બાબા સેન્ટરની બાજુમાં, પુણે-૪૧૧૦૧૧.

**દેવગઢ બારિયા દશાનીમા વૈષ્ણવ વણિક**

દેવગઢ બારિયા નિવાસી હાલ વસઈ હિતેશભાઈ બક્ષી (ઉ.વ. ૬૦) તે ડિમ્પલબેનના પતિ. તે સ્વ. સુભદ્રાબેન નટવરલાલ બક્ષીના પુત્ર. સ્વ. ગીતાબેન મનુભાઈ કડકિયા (દેવગઢ બારિયા)ના જમાઈ. દિશા મિલિન્દકુમાર ગાંધી, માર્ગીના પિતા. આન્યાના નાના તા. ૧૧-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૫-૨૫ના સાંજે ૫ થી ૭. સ્થળ: વિશ્વકર્મા હોલ, વીર સાવરકર નગર, આનંદ નગર, વસઈ વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

ઘાટકોપર નિવાસી પ્રફુલ્લચંદ્ર દ્વારકાદાસ વખારીયા (ઉ.વ. ૯૦) તે સ્વ. જશવંતીબેનના પતિ. ધર્મેન્દ્ર, રેણુકાના પિતાશ્રી. પારુલ, યોગેશ પૂંજાણીના સસરા. સ્વ. કમળાબેન, ભાનુબેન, નરેન્દ્રભાઈના ભાઈ. ભાવનાબેનના જેઠ. સ્વ. મુકુંદભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. અશોકભાઈ પાનાચંદ ધોળકિયાના બનેવી તા. ૧૧-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૫-૨૫, ગુરુવારના લાઈન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર ઈસ્ટ. સમય: ૫.૩૦ થી ૭.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




# સુપરસોનિક ઉછાળા બાદ સીઝફાયર!

## શુકનવંતા એપ્રિલ બાદ આ મહિનો શેરબજાર માટે કેવો રહેશે?

સંરક્ષણ ક્ષેત્રે અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક પરિબળો યુદ્ધ જેવી સ્થિતિમાં સતત બદલાતાં રહ્યા છે અને તેના પરિણામ બજારની ચાલમાં જોવા મળી રહ્યાં છે. નોંધવું રહ્યું કે, સીઝફાયર કામચલાઉ છે અને સામે પક્ષે શત્રુના અનેક પક્ષધરો છે. માથા ફરેલા ટ્રમ્પને કારણે ટેરિફ વોરમાં પણ અતાર્કિક વળાંકો જોવા મળી રહ્યા છે. જોકે, આપણે એકંદર પરિબળોને ધ્યાનમાં લઇને શેરબજારનો વિષય માંડીએ.

શેરબજાર માટે હાલ તો તમામ પરિબળો સકારાત્મક જણાઇ રહ્યાં છે. સૌથી મુખ્ય ઇંધણ એવા વિદેશી ફંડોના ડોલરીયા પ્રવાહથી માંડીને અર્થતંત્રને સૌથી મોટો લાભ અપાવી શકે એવા ખનીજ તેલના ભાવ ઘટાડા સુધીનાં પરિબળો તેજીને વેગ આપી શકે છે. જોકે, સૌથી મોટી સમસ્યા શત્રુ રાષ્ટ્રની આડખીલીની છે.

અત્યાર સુધી તો માર્કેટ માટે બધુ સમુસૂતરું જઇ રહ્યું છે, પરંતુ આગળ શું? તાજેતરના ભૂરાજકીય ચિંતાઓ વચ્ચે મક્કમતા દર્શાવતા બીએસઇ સેન્સેક્સ ગયા મહિને લગભગ ચાર ટકા વધ્યો હતો. સ્થાનિક બજારમાં વિદેશી રોકાણકારોનું પુનરાગમન, આગામી નૈઋત્ય ચોમાસામાં સામાન્યથી વધુ વરસાદની આગાહી અને સંભવિત ભારત-અમેરિકા વેપાર કરારને લગતા આશાવાદે બજારના સેન્ટિમેન્ટને ટેકો આપ્યો છે. વધુમાં, પાછલા કેટલાક મહિનામાં બજારમાં કરેક્શન પછી શેરોના મૂલ્યાંકનમાં ઘટાડો થવાથી પણ ખરીદી પ્રવૃત્તિ ફરી શરૂ થઈ હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું હતું. સેન્સેક્સ ગયા મહિને ૨,૮૨૭.૩૨ પોઈન્ટ અથવા ૩.૬૫ ટકા વધ્યો હતો, જ્યારે એનએસઇ બેન્ચમાર્ક નિફ્ટી ૮૧૪.૮૫ પોઈન્ટ અથવા ૩.૪૬ ટકા વધ્યો હતો.

સમગ્ર એપ્રિલમાં, રોકાણકારોની સંપત્તિ ૧૦.૩૭ લાખ કરોડ રૂપિયા વધીને ૪,૨૩,૨૪,૭૬૩.૨૫ કરોડ રૂપિયા અથવા તો ૪.૯૮ ટ્રિલિયન ડોલરના સ્તરે પહોંચી હતી. બજારના બેન્ચમાર્ક માટે આ સતત બીજો માસિક વધારો છે. માર્ચ મહિનામાં, સેન્સેક્સ ૪,૨૧૬.૮૨ પોઈન્ટ અથવા ૫.૭૬ ટકા વધ્યો હતો અને નિફ્ટી ૧,૩૯૪.૬૫ પોઈન્ટ અથવા ૬.૩૦ ટકા વધ્યો હતો.

ગયા મહિને ભારતીય શેરબજારના બેન્ચમાર્કે સારું પ્રદર્શન કર્યું હતું. ટેરિફને લગતાં જોખમોમાં થઇ રહેલા ઘટાડા, સંભવિત યુએસ-ભારત વેપાર સોદો વહેલાસર સાનુકૂળ રીતે પાર પડવાના આશાવાદ અને મજબૂત એફઆઇઆઇ (વિદેશી સંસ્થાકીય રોકાણકારો)ના પ્રવાહને કારણે બજારની કામગીરી સારી રહી હોવાનું એક નિષ્ણાતે જણાવ્યું હતું.

વૈશ્વિક ચિંતાઓ અને પાકિસ્તાન સાથેના તણાવ છતાં, એપ્રિલમાં ભારતીય શેરબજારની સ્થિતિસ્થાપકતા અને તીવ્ર તેજી ઘણાં સહાયક પરિબળોને આભારી હોઈ શકે છે. એક મહત્ત્વનું પરિબળ મૂલ્યાંકન છે. પાછલા કેટલાક મહિનાઓમાં બજારમાં ભારે કરેક્શન આવવાને કારણે વેલ્યુએશન ઘણા વાજબી સ્તરે આવી ગયું હોવાથી પણ લેવાલીમાં રોકાણકારોનો રસ જાગ્યો છે.

બજારને પાડવામાં અને ઉછાળવામાં સૌથી મોટું ટ્રીગર અમેરિકાની ટેરિફ નીતિ બની છે. યુએસ દ્વારા ટેરિફનો તોપમારો ચાલુ થતાં ખુદ અમેરિકા સહિતના વિશ્વના ઇક્વિટી બજારોમાં ભયંકર કડાકા પડ્યા હતા અને આ જ ટેરિફ પર કામચલાઉ વિરામની જાહેરાત અને દેશો સાથે સંભવિત વેપાર વાટાઘાટો શેરબજારને રીલીફ રેલી તરફ દોરી ગઈ.

### શેરબજારની તેજી માટે સરહદી શાંતિ અનિવાર્ય

સરહદે સીઝફાયરના સંકેત સાથે શ્વેત ધ્વજા ફરકવાથી સોમવારે ભારતીય શેરબજારે સુપરસોનિક ગતિથી તેજીનો ઉછાળો નોંધાવી સેન્સેક્સને લગભગ ૩૦૦૦ પોઇન્ટ ઊંચી સપાટી સુધી પહોંચાડી દીધો હતો. જોકે, મંગળવારે સરહદે સીઝફાયર બાદના સન્નાટાની જેમ તેજીના બ્યુગલોનો સ્વર ધીમો થઇ ગયો. મંગળવારે બેન્ચમાર્કે લગભગ ૧૩૦૦ પોઇન્ટનું મસમોટું ગાબડું નોંધાવ્યું! શેરબજારની તેજી માટે સરહદી શાંતિ અનિવાર્ય છે.

વધુમાં, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા લાંબા સમય સુધી વેચવાલી બાદ એપ્રિલમાં એફઆઇઆઇ ભારતીય ઇક્વિટીના નેટ બાયર્સ બન્યા છે. જોકે, તેમના સાતત્યનો આધાર ડોલરની નબળાઇ અને યુએસ ટ્રેઝરી બિલની વધઘટ પર છે, તેમ છતાં ડોલરના આંતરપ્રવાહને કારણે બજારને ખાસ્સો ટેકો મળ્યો છે.

સ્થાનિક ટેકો આપનારા પરિબળમાં આરબીઆઇની નીતિનો સમાવેશ છે. રિઝર્વ બેંક દ્વારા નવમી એપ્રિલે રિપોઝિશન રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને રેપો રેટ ઘટાડીને છ ટકા જાહેર કરવામાં આવ્યો અને તેના નીતિ વલણને સ્ટેબલમાંથી એકોમોડેટિવમાં ફેરવાયું હોવાથી બજારના સેન્ટિમેન્ટને મજબૂત ટેકો મળ્યો હતો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નવમી એપ્રિલે સતત બીજી વખત વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે. ત્રણ સેન્ટ્રલ બેંક સભ્યો અને સમાન સંખ્યામાં બાહ્ય સભ્યો ધરાવતી નાણાકીય નીતિ સમિતિ (એમપીસી)એ સર્વસંમતિથી પુનઃખરીદી અથવા રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને છ ટકા કરવાનો નિર્ણય લીધો.

નિષ્ણાતો માને છે કે વિપરીત સંજોગોમાં બજારની સ્થિતિસ્થાપકતા નોંધપાત્ર છે અને તે રોકાણકારોનો વિશ્વાસ વધારે છે. પારસ્પરિક ટેરિફના વિરોધ અને ભારત તથા પાકિસ્તાન વચ્ચે યુદ્ધના ભણકારા વચ્ચે પણ એપ્રિલમાં નિફ્ટીનું ઉપર રહેવું બજારની મક્કમતા દર્શાવે છે. અમેરિકાએ બીજી એપ્રિલે ભારત સહિત અનેક દેશો પર પારસ્પરિક ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી. બાદમાં, ચીન અને હોંગકોંગ સિવાય, આ વર્ષે નવમી જુલાઈ સુધી આ ટેરિફ નેવું દિવસ માટે સ્થગિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, બીજી એપ્રિલે દેશો પર લાદવામાં આવેલ ૧૦ ટકા બેઝલાઇન ટેરિફ અમલમાં છે, ઉપરાંત સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટો કોમ્પોનન્ટ્સ પર ૨૫ ટકા ડ્યૂટી લાગુ છે.

ચાલુ મે મહિનામાં હાલની બજાર તેજીનું ટકાઉપણું મોટાભાગે કંપનીઓ દ્વારા ચાલી રહેલા ચોથા ક્વાર્ટરની કમાણી દ્વારા નક્કી કરવામાં આવશે. વૈશ્વિક સ્તરે યુએસ ઇક્વિટી બજારોના પ્રભાવને ધ્યાનમાં રાખીને, રોકાણકારો યુએસ બજારના વિકાસ પર પણ નજર રાખશે કારણ કે તેની ભારત જેવા ઊભરતા બજારો પર નોંધપાત્ર અસર પડી શકે છે.

અલબત્ત બજારના સહભાગીઓ પાકિસ્તાન અંગે ભારત સરકારના વલણ પર નજર રાખશે કારણ કે તે બજારમાં અસ્થિરતા તરફ દોરી શકે છે. એ જ સાથે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ અને કોર્પોરેટ ક્ષેત્રના ચોથા ત્રિમાસિક પરિણામો નિરસ રહ્યાં હોવાથી ભારતીય શેરબજારની તેજીની ગતિ ધીમી પડી રહી છે. નિષ્ણાતો અનુસાર ટૂંકા ગાળામાં આ ટ્રેન્ડ ચાલુ રહી શકે છે, પરંતુ લાંબા ગાળાનું દૃષ્ટિકોણ સકારાત્મક છે. ■

આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

# આઈ.એન.એ.ના ખજાનામાંથી પાકિસ્તાને ભાગ માગ્યો હતો...

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



કટોરાબાજ પાકિસ્તાનની રાજકીય, આર્થિક, સામાજિક કે નૈતિક બાબતોમાંથી કંઈક અજાણ્યું નથી. એ દેશમાં મોહમ્મદ અલી ઝીણા સિવાયના કોઈને યાદ કરાતા નથી. અંગ્રેજો પાસેથી આઝાદી મેળવવા લડનારાઓને પ્રતાપે જ સ્વતંત્રતા મળી હતી. ભારત તો આઝાદ થયું જ, ને પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું હતું. આમ છતાં નગુણા પાકિસ્તાને ક્યારેય આ બધાની પરવા કરી નથી.

પરંતુ નેતાજી સુભાષચંદ્ર બૉઝની ઈન્ડિયન નેશનલ આર્મી (આઈ.એન.એ) અર્થાત્ આઝાદ હિન્દ ફોજના ખજાનામાંથી પોતાને ય ભાગ મળવો જોઈએ એવી માગણી તેણે કરી હતી. ૨૦૧૬માં નેતાજી અંગેની ડિક્લાસિફાઈડ ફાઈલ્સ જાહેર થઈ ત્યારે આ બાબત પ્રકાશમાં આવી હતી.

આ ફાઈલમાં તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ પશ્ચિમ બંગાળના તત્કાલીન મુખ્ય પ્રધાનને ૧૯૫૩ની ૧૮મી ઑક્ટોબરે લખેલા પત્રનો ઉલ્લેખ છે. એ મુજબ નહેરુ ભારત અને પાકિસ્તાન વચ્ચે આઈ.એન.એ.અને આઈ.આઈ.એલ. (ઈન્ડિયન ઈન્ડિપેન્ડસ)ના ખજાનાની ૨:૧ના રેશિયોમાં વહેંચણી માટે તૈયાર થયા હતા. આ પત્ર વિશે થોડું વધુ જાણીએ.

નેતાજી અને એમની આઝાદ હિન્દ સરકારના ખજાના વિશે તપાસ કરવા કેન્દ્ર સરકારને વિનંતી કરતો ઠરાવ પશ્ચિમ બંગાળની વિધાનસભાએ પસાર કર્યો હતો. આ અંગેની નોંધમાં લખાયેલું હતુંઃ 'ફાર ઈસ્ટ (એશિયાઈ ખંડના પૂર્વીય ભાગ)ના દેશોમાં યુદ્ધના અંત બાદ સાઉથ-ઈસ્ટ એશિયાના દેશોમાં આઈ.એન.એ. અને આઈ.આઈ.એલ.ના હોદ્દેદારો અને અન્ય પાસેથી સોનું, ઘરેણાં અને કિંમતી ચીજવસ્તુઓ જપ્ત કરાઈ હતી. આ જપ્ત કરાયેલી સામગ્રી અંગે તપાસ કરવાની કેન્દ્રને વિનંતી છે.'

આ ઠરાવમાં વધુમાં જણાવાયું હતું કે આ સિંગાપોર સ્થિત માલ-મિલકતના કસ્ટોડિયનો પાસે બધું પડ્યુ હતું. ૧૯૫૦માં સિંગાપોર સરકારે આપેલી માહિતી મુજબ અ પ્રોપર્ટીની કિંમત ૧,૪૭,૧૬૩ સ્ટ્રેઈટ્સ ડૉલર હતી. આ સ્ટ્રેઈટ્સ ડૉલર વિશે થોડું સમજી લઈએ. સાઉથ ઈસ્ટ એશિયામાં બ્રિટિશ હકૂમતના દેશ પ્રાંતમાં સમજૂતી-લેવડદેવડ એટલે સ્ટ્રેઈટ્સ સેટલમેન્ટસ ૧૮૯૮થી ૧૯૩૯ સુધી સમાધાન અને હિસાબ ચૂકતે કરવા વપરાતા ડૉલર સ્ટ્રેઈટ્સ ડૉલર કહેવાતા હતા. જોકે એ સમયે પણ આ પ્રોપર્ટીનું ચોક્કસ - નિશ્ચિત મૂલ્યાંકન કરવાનું અશક્ય હોવાનું નોંધમાં લખાયેલું હતું.

આ વાત બહાર આવતા પાકિસ્તાને ઉપાડો લીધો કે નેતાજીના ખજાના-ભંડોળમાં અમારો ય ભાગ હોવો જોઈએ. ખૂબ ચર્ચા-મંત્રણા બાદ નક્કી થયું કે આ ખજાનાના ૬૭ ટકા ભારતને મળશે અને પાકિસ્તાનને ભાગે ૩૩ ટકા આવશે. આ મતલબની ખાતરી ખુદ વડા પ્રધાન નહેરુએ આપી હતી.

જોકે આ ભંડોળ - રકમ આપવાનું આસાન નહોતું, કારણ કે એમની પ્રોપર્ટીના કસ્ટોડિયનનો એના પર કોઈ હક હોતો નથી એટલે એ કોઈ સંખ્યા કે વ્યક્તિને આપી ન શકાય. કરુણતા એ છે કે પાકિસ્તાને તો ઠીક, ભારતનેય બૉઝના અસ્તિત્વ કે જીવન-મરણની જરાય ફિકર નહોતી પણ એમના ખજાનાના ભાગ બટાઈમાં બંને દેશની સરકાર અગ્રેસર હતી.

એ તો નેતાજી સુભાષચંદ્ર બૉઝ અંગેની ડિક્લાસિફાઈડ રખાયેલી ફાઈલને જાહેર કરાઈ ત્યારે નેતાજીની આઝાદ હિન્દ ફૌજના ખજાનાના બટવારાની આ વિગતો બહાર આવી, નહીંતર એ શર્મનાક ઘટના કાળની ગર્તામાં કાયમ માટે દબાઈ ગઈ હોત.

આ ખજાનાની પાકિસ્તાનની માગણી ભલે પંડિત જવાહરલાલ નહેરુએ સ્વીકારી લીધી પણ તેમણે આ ખજાનો પાછો મેળવવા માટે શું કર્યું હતું? દસ્તાવેજો સાબિતી છે કે નહેરુ આ ખજાના વિશે જાણતા હતા પણ તેમણે એ પાછો મેળવવા કંઈ જ નહોતું કર્યું એવો દાવો થઈ રહ્યો છે. (ક્રમશ)■

ફોકસ_અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ફિટેસ્ટ વિરાટની વિદાયથી ટીમ ઈન્ડિયા થઈ અનફિટ

## 'ફિટ હૈ તો હિટ હૈ' મંત્રના આગ્રહી કિંગ કોહલીની નિવૃત્તિથી ટીમની ફિટનેસમાં ખાલીપો સર્જાયો



### કોહલીએ જ્યારે સદ્ગત પિતાનો પવિત્ર દોરો સચિનને ભેટ આપ્યો હતો!

વિરાટ કોહલીએ તેના મનગમતા ટેસ્ટ-ક્રિકેટના ફૉર્મેટમાંથી નિવૃત્તિની સોમવારે ઇન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી એ બદલ 'ક્રિકેટનો ભગવાન' સચિન તેન્ડુલકર ઇમોશનલ થયો છે. લિટલ ચૅમ્પિયને ૧૨ વર્ષ પહેલાંની વાત કરી છે. સચિને એમાં જણાવ્યું છે કે 'તેં ટેસ્ટ-ક્રિકેટને અલવિદા કરી છે એ નિમિત્તે હું તને ૧૨ વર્ષ પહેલાંની એક જૂની વાત યાદ કરાવવા માગું છું. ૨૦૧૩માં હું નિવૃત્ત થયો હતો ત્યારે તેં તારા સદ્ગત પિતાએ તને આપેલો એક પવિત્ર દોરો મને ભેટ આપ્યો હતો. ત્યારે એ દોરો સ્વીકારવો મને ખૂબ અંગત બાબત લાગતી હતી, પરંતુ એ ભેટને મેં હૃદયસ્પર્શી ગણી હતી અને હજી પણ મેં એ દોરો સાચવી રાખ્યો છે. હવે હું તને એ મૂલ્યવાન દોરો પાછો તો નહીં આપું અને એવો કોઈ પવિત્ર દોરો તને આપવા માટે મારી પાસે છે પણ નહીં. હું તમે એના બદલામાં મારા હૃદયના ખૂણેખૂણામાં તારા માટે જે પ્રશંસાઓ અને શુભેચ્છાઓ છે એ તને આપી રહ્યો છું.'

વન-ડે ક્રિકેટમાં સચિનની ૪૯ સેન્ચુરીનો વિશ્વવિક્રમ તોડી ચૂકેલા વિરાટ કોહલીએ ટેસ્ટ-ક્રિકેટનો તેનો (સચિનનો) ૫૧ સદીનો વર્લ્ડ રેકૉર્ડ ન તોડીને તેનું સન્માન કર્યું છે એવું કહીએ તો ખોટું નથી. જોકે કોહલીની તમામ ૩૦ ટેસ્ટ-સેન્ચુરી ભારતીય ક્રિકેટમાં સુવર્ણ અક્ષરે લખાઈ ગઈ છે.

કરોડો ચાહકોને નારાજ કરીને ક્રિકેટજગતના સૌથી જૂના ફૉર્મેટમાંથી નિવૃત્તિ લઈ લેનાર કિંગ કોહલીનું ટેસ્ટ ક્રિકેટમાં કદ એટલું વિરાટ હતું કે એની બરોબરીમાં ન કોઈ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરને મૂકી શકાય અને ન કોઈ વિદેશી ટેસ્ટ ખેલાડી પણ તેની તુલનામાં આવી શકે. સૌથી મોટું કારણ એ છે કે ટેસ્ટ-કૅપ્ટન તરીકેનો કાંટાળો તાજ પહેરીને પણ આ બંદાએ પોતાને શારીરિક રીતે માત્ર ભારતીય ટીમમાં જ નહીં, પણ પોતાના જનરેશનના ક્રિકેટરોમાં પોતાને સૌથી સુસજ્જ રાખ્યો, ભલભલા બોલરનો સામનો કરીને ટેસ્ટમાં વિક્રમો રચ્યા અને ટીમ ઇન્ડિયાને સફળતાઓ પણ અપાવી હતી.

જેમ ૨૦૦૦ની સાલથી સૌરવ ગાંગુલીએ નેતૃત્વ સંભાળવાની પોતાની અનોખી સ્ટાઇલથી ભારતીય ટીમને આક્રમક અભિગમવાળી બનાવી હતી અને ખુદ બૅટિંગમાં નવી નવી ઊંચાઈઓ મેળવવાની સાથે સાથી ખેલાડીઓનો પર્ફોર્મન્સ પણ સુધારવામાં મોટી ભૂમિકા ભજવી હતી એમ વિરાટ કોહલીએ પોતાના સુકાનમાં ટીમ ઇન્ડિયામાં ફિટનેસ કલ્ચરને જન્મ આપ્યો હતો. ગાંગુલીએ પોતાની હાથ નીચેના ખેલાડીઓને માનસિક રીતે આક્રમક બનાવ્યા હતા, જ્યારે વિરાટ કોહલીએ પોતાના પ્લેયરોને મેન્ટલી અગ્રેસિવ બનાવ્યા તો હતા જ, ઉપરાંત તેમનામાં શારીરિક રીતે પણ એક અલગ પ્રકારની ઊર્જા લાવવાની કોશિશ કરી હતી. મેદાન પર હંમેશાં અસાધારણ ઊર્જાથી સાથીઓનું પણ મનોબળ વધારતા વિરાટ કોહલી વિશે ભારતના ટેસ્ટ-સ્પેશિયાલિસ્ટ ચેતેશ્વર પુજારાએ એક જાણીતી ક્રિકેટ-વેબસાઇટને ઇન્ટરવ્યૂમાં કહ્યું છે, '૨૦૧૫માં કોહલીએ ટેસ્ટ ટીમનું સુકાન સંભાળવાની શરૂઆત કરી ત્યારથી ખેલાડીઓમાં ફિટનેસનું કલ્ચર જોવા મળ્યું હતું. તમામ ટીમો ફિટનેસની બાબતમાં ખૂબ સંઘર્ષ અને મહેનત કરી રહી હતી ત્યારે ટીમ ઇન્ડિયા માટે એ કામ કપરું નહીં પરંતુ થોડું આસાન હતું કારણ કે ખુદ વિરાટ ફિટનેસનો આગ્રહી હતો અને પોતાની ફિટનેસને હંમેશાં સર્વોત્તમ કક્ષાએ રાખતો હતો.'

પુજારાએ ૧૦ વર્ષ પહેલાંની જે વાત કરી એમાં ફાસ્ટ બોલર્સનો પણ ઉલ્લેખ કર્યો. પુજારા મુલાકાતમાં કહે છે, 'વિરાટની કૅપ્ટન્સીનો ઉદય થયો એ અરસામાં ફાસ્ટ બોલરે પણ ફિટનેસની બાબતમાં ખૂબ મહેનત કરવી પડતી હતી અને પોતાને હરહંમેશ ફિટ રાખવા પડતા હતા. એટલું જ નહીં, આખી ટીમ શરીરને અને મનને સુસજ્જ રાખવા આકાશ-પાતાળ એક કરતી હતી. ત્યારે વિરાટે ફિટનેસ જાળવવાની સાથે ટેસ્ટના ફૉર્મેટ પર ઘણું ધ્યાન પણ આપ્યું હતું કારણ કે ટેસ્ટમાં ટીમ ઇન્ડિયાને તે સર્વોત્તમ બનાવવા મક્કમ હતો.'

૨૦૧૫ની સાલમાં ટી-૨૦ ફૉર્મેટ એની લોકપ્રિયતાની ચરમસીમાએ હતી અને વન-ડે ક્રિકેટનું તો એ વર્લ્ડ કપનું વર્ષ હતું ત્યારે વિરાટ કોહલીએ ટેસ્ટને પ્રાધાન્ય આપીને ૧૯૬૦, ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાના ક્રિકેટરોને પ્રભાવિત કર્યા જ હતા, તેમ જ યુવાન પેઢીના ખેલાડીઓને પણ બૅટિંગ-બોલિંગમાં સર્વશ્રેષ્ઠ ટેક્નિક અને કૌશલ્ય અપાવતા આ (ટેસ્ટ) ફૉર્મેટથી પ્રભાવિત કર્યા હતા.

૨૦૧૨માં 'ધ વૉલ' રાહુલ દ્રવિડ (ઑસ્ટ્રેલિયા સામે) કરીઅરની જે છેલ્લી ટેસ્ટ રમ્યો એમાં છેક છઠ્ઠા નંબરે રમીને વિરાટ કોહલીએ જે ૧૧૬ રન કર્યા હતા એ જોઈને દ્રવિડને જરૂર હાશકારો થયો હશે કે ટેસ્ટ ટીમમાંથી વિદાય પછી મિડલ-ઑર્ડરની મજબૂતીને વિરાટ તૂટવા નહીં દે અને ખરેખર એવું જ થયું. ૨૦૧૪થી વિરાટને માથે ટેસ્ટ કૅપ્ટન્સીનો તાજ પહેરાવાની શરૂઆત થઈ અને એ સાથે ટેસ્ટમાં ભારતના સૌથી સફળ સુકાનીએ જન્મ લીધો. ટેસ્ટના સુકાની તરીકે ૪૦ ટેસ્ટમાં ભારતને વિજય અપાવીને તેણે ભારત માટે નવો વિક્રમ નોંધાવ્યો હતો. એટલું જ નહીં, કૅપ્ટન તરીકે ભારતને સૌથી વધુ નવ ટેસ્ટ-શ્રેણીમાં વિજય અપાવ્યા અને ૨૦૧૮-'૧૯માં ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ-સિરીઝ જીતનાર પ્રથમ એશિયન સુકાની બન્યો હતો. આ વાત તેના નેતૃત્વની થઈ. તેણે સુકાન સંભાળવાની સાથે બૅટ્સમૅન તરીકે પણ અનેક વિક્રમો નોંધાવ્યા હતા. ભારતીય ટેસ્ટ કૅપ્ટનોમાં સૌથી વધુ છ ડબલ સેન્ચુરી, સતત ચાર ટેસ્ટ-સિરીઝમાં ડબલ સેન્ચુરી, ભારતીય સુકાની તરીકે સૌથી વધુ ૨૦ સદી, ઑસ્ટ્રેલિયામાં ભારતીય કૅપ્ટન તરીકે સૌથી વધુ સાત સેન્ચુરી, ભારતીય કૅપ્ટન તરીકે સૌથી વધુ ૫,૮૬૪ રન વગેરે રેકૉર્ડ એ યાદીમાં સૌથી ઉપર છે.

૨૦૦૮ના વર્ષના એપ્રિલમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)નો જન્મ થયો હતો અને એમાં રૉયલ ચૅલેન્જર્સ બેંગલોર (આરસીબી) વતી ફક્ત એક રન કરીને વિકેટ ગુમાવનાર વિરાટ કોહલીએ ચાર મહિના પછી કારકિર્દીની પહેલી આંતરરાષ્ટ્રીય મૅચ (શ્રીલંકા સામેની વન-ડેમાં) પણ માત્ર ૧૨ રનમાં વિકેટ ગુમાવી હતી. જોકે ત્યારે કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે ત્યારે વામન લાગતો વિરાટ એક દિવસ મહાન ક્રિકેટરોની હરોળમાં બેઠો હશે. પોતાના જનરેશનના દિગ્ગજો જૉ રૂટ, કેન વિલિયમસન અને સ્ટીવ સ્મિથને ઘણી વાર ઝાંખા પાડી ચૂકેલા વિરાટ કોહલી વિશે પુજારાએ એવું પણ કહ્યું છે, 'કોહલી કૅપ્ટન બન્યો ત્યારથી હંમેશાં ટેસ્ટમાં હરીફની તમામ ૨૦ વિકેટ લેવાનો આગ્રહ રાખતો હતો.'

વિરાટ કોહલીએ ૧૪ વર્ષની શાનદાર અને ભવ્ય ટેસ્ટ કારકિર્દીમાં કુલ ૧૬,૬૦૮ બૉલમાં ૯,૨૩૦ રન કર્યા હતા જેમાં ૩૦ સેન્ચુરી અને ૩૧ હાફ સેન્ચુરી સામેલ હતી.

આશા રાખીએ ભારતને કૅપ્ટનપદેથી વિરાટની વિદાય પછી હવે (શુભમન ગિલ કે બુમરાહ કે કેએલ રાહુલ કે રિષભ પંત કે બીજું કોઈ...) જે પણ નવો સુકાની મળશે એ ટીમને સદા ફિટ રાખવાનો વિરાટનો વારસો જાળવી રાખશે. ■

**ઔર યે મૌસમ હંસીં...**
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# 'દસ્વીદાનિયા' એટલે માત્ર ફિર મિલેંગે નહીં, પણ...










'દસ્વીદાનિયા' શબ્દ મહદઅંશે ભારતીયોએ 'મેરા નામ જોકર'માં રશિયન સર્કસ ગર્લ પાસે સાંભળ્યો હતો. એ રશિયન હીરોઈન રાજ કપૂરને વિદાય વેળાએ 'દસ્વીદાનિયા' કહે છે અને રાજ કપૂર ફિલ્મમાં અર્થ સમજાવે છે કે 'દસ્વીદાનિયા' એટલે ફિર મિલેંગે.... હાસ્ય કલાકાર વિનય પાઠકની 'દસ્વીદાનિયા' નામની એક ફિલ્મ આવી હતી. વિનય પાઠકને અચાનક કેન્સર થાય છે અને જિંદગીમાં કેટલીક અધૂરી ઈચ્છાઓ પૂરી કરવાની વાત કહેવામાં આવી છે.

રશિયન સંસ્કૃતિમાં માનવીય અને સામાજિક સંબંધોનું ખૂબ મહત્ત્વ છે. 'દસ્વીદાનિયા' માત્ર વિદાયનો શબ્દ નથી, પરંતુ તેમાં ફરી એક વાર મળવાની આશા અને ઉમંગ છુપાયેલો છે કે ભવિષ્યમાં ફરીથી ચોક્કસ મુલાકાત થશે.

આમ જુઓ તો 'દસ્વીદાનિયા'નો પૂર્ણ અર્થ આ રીતે છે :

'દસ્વીદાનિયા' એટલે માત્ર ફિર મિલેંગે નહીં, પણ ફરી મળીએ ત્યારે નવો જોવા મળે...!

આ શબ્દમાં 'આવજો'ના ભાવ સાથે કાયમી વિદાયની વાત નથી, પણ સંબંધોનું મૂલ્ય આજીવન છે એવો નિર્દેશ છે. જિંદગીના લાગણીભર્યા સંબંધને ભૌતિક અંતર કે વિરહ કશું બગાડી શકતો નથી.

બંગાળી ભાષાની ક્લાસિક ફિલ્મ 'ધ જાપાનીસ વાઈફ'માં દાયકાઓ સુધી ફક્ત પત્રવ્યવહારથી સંબંધની કેમેસ્ટ્રી ટકે છે. ક્યારે મળીશું એ પણ નક્કી નથી. આ પણ કદાચ 'દસ્વીદાનિયા'ની સચ્ચાઈ છે.

રશિયન શબ્દ 'દસ્વીદાનિયા' ફરી મળવા માટેની વાત કરે છે. રશિયન દાર્શનિક સાહિત્યમાં તેમજ દોસ્તોવ્સ્કી, તોલ્સટોય અને ચેખોવના સાહિત્ય દર્શનમાં સમયની ક્ષણિકતા અને જીવનની ગહનતા પર ભાર મૂકવામાં આવ્યો છે. ચેખોવની વાર્તામાં વિદાય વેળા 'દસ્વીદાનિયા' થકી એક આશા વ્યક્ત કરવામાં આવતી હતી. 'દસ્વીદાનિયા' થકી એક વાતને સરળ શબ્દમાં શીખવાડવામાં આવી છે કે જિંદગીમાં ક્ષણ પૂરી થાય છે, આપણી પાસે નાનકડો વિરામ છે. જિંદગીના સદાય વહેતા પ્રવાહમાં પ્રત્યેક પળને સંબંધો અને યાદના જોર પર ઉજવવી એ 'દસ્વીદાનિયા' છે. એ અલગ વાત છે કે વિશ્વની દરેક ભાષામાં 'દસ્વીદાનિયા'નો ઉચ્ચાર અલગ અલગ રીતે કરવામાં આવે છે.

વિશ્વના ઇતિહાસનો અભ્યાસ કરતાં હશે એમને ખબર હશે કે રશિયાનો ઇતિહાસ યુદ્ધો, સ્થળાંતર અને ઠંડી જેવા વિકટ સંજોગોથી ભરેલો છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિના ટકી રહેવા કે જીવિત રહેવા અંગે શંકાઓ થવી સ્વાભાવિક છે. આવી અનિશ્ચિત પળોમાં 'દસ્વીદાનિયા' કહીને એક ભાવના વ્યક્ત થતી હતી કે કોઈ પણ વિદાય કાયમી નથી.

'દસ્વીદાનિયા' શબ્દના ઉલ્લેખ કરીને લખાયેલી વાતોને રશિયન લેખકોએ અદભુત રીતે દર્શાવી છે. આ કથાઓનો ભાવાનુવાદ દુનિયાભરની ભાષાઓમાં પ્રસિદ્ધ થયો ત્યારે અદભુત શબ્દ 'દસ્વીદાનિયા'ના અનેક અર્થ અલગ અલગ લેખકોએ પોતાની રીતે વ્યક્ત કર્યા છે.

બે પરિવાર વચ્ચે પ્રેમ, મિત્રતા, પારિવારિક સંબંધ હોય ત્યારે વિદાય કામચલાઉ હોય છે, ફરી મળવાની આશા તીવ્ર રહે છે. 'દસ્વીદાનિયા' થકી લાગણીઓનો આ ભાવ યુવા હૈયાઓમાં સૌથી વધુ જોવા મળે છે. દરેક વિદાય વખતે પોતાની ગમતી વ્યક્તિને ગુમાવવાનો ડર હોય છે. ઓફિસના કામે જતા પિતાને જોઈને બાળક ડરતું હોય છે કે સેનામાં સેવા આપવા જતા જવાનને જોઈને માતાના હૈયામાં કેટલીક અગમ્ય શંકા આવતી હોય છે. સ્વાભાવિક છે કે યુવાનોમાં જીવન પ્રત્યેનો આશાવાદ અને ભવિષ્યની અપેક્ષાઓ વધુ હોય છે. 'દસ્વીદાનિયા' જેવો શબ્દ એમના માટે રોમેન્ટિક મોસમ બની જાય છે, જે ફરી મળવાની એટલીસ્ટ ખાતરી આપે છે. રશિયન સંસ્કૃતિમાં 'દસ્વીદાનિયા' એક એવી અભિવ્યક્તિ છે, જે જિંદગીમાં ફરી મળવાનો વિશ્વાસ આપે છે. 'મેરા નામ જોકર'માં રશિયન હીરોઈન ફિલ્મના અંતે ફરી મળવા માટે આવે છે.

વિશ્વ સાહિત્યમાં 'દસ્વીદાનિયા' એ ફક્ત એક શબ્દ કે અર્થ નથી, પણ દાર્શનિક વિચાર છે. એ શબ્દ રશિયન સંસ્કૃતિનો વૈચારિક પ્રતિનિધિ તરીકે વપરાય છે. જાપાન અને યુરોપના લેખકોએ 'દસ્વીદાનિયા'નો સાર્થક ઉપયોગ કર્યો છે. બોરિસ પાસ્તેર્નાકની ડોક્ટર ઝિવાગોમાં 'દસ્વીદાનિયા' શબ્દ થકી યુદ્ધની અનિશ્ચિતતા અને વિરહની વાત કહીને તેના અનુવાદ દ્વારા વિશ્વભરમાં પહોંચાડ્યો. આ શબ્દ વિશ્વ સિનેમામાં ઉપયોગમાં લેવાયો છે. ખાસ બીજા વિશ્વયુદ્ધની પશ્ચિમી ફિલ્મોએ એનો બખૂબી ઉપયોગ કર્યો છે. અમેરિકા રુસના શીત યુદ્ધ દરમિયાન બનેલી હોલિવૂડ ફિલ્મો હોય કે જેમ્સ બોન્ડ ફિલ્મોમાં રશિયન પાત્રોની ઓળખ માટે 'દસ્વીદાનિયા' શબ્દ વપરાયો છે. ફ્રેન્ચ ફિલ્મ 'એમિલી' એ હોય કે જાપાનની 'યોર નેમ' જેવી ક્લાસિક પ્રેમકથામાં 'દસ્વીદાનિયા'નો અદ્ભુત પ્રયોગ થયો છે.

બીજી બાજુ, ભારતીય સિનેમામાં આ 'દસ્વીદાનિયા' શબ્દ બે વખત પ્રચલિત થયો. 'મેરા નામ જોકર'માં અને વિનય પઠકની 'દસ્વીદાનિયા' નામની ફિલ્મમાં.... એ ફિલ્મમાં આ શબ્દનો જીવનની ફિલોસોફી શીખવવા ઉપયોગ કર્યો છે. મૃત્યુ તરફ જતી વ્યક્તિને કેટલાંક સપનાં છે. લાલ રંગની કાર ખરીદવી છે... વિદેશ પ્રવાસે જવું છે... પોતાના બાળપણના પ્રેમને મળી અને એની સામે લાગણીઓ વ્યક્ત કરવી છે.... પોતાના નાના ભાઈ સાથેના સંબંધને સુધારીને માતાને સુખી જોવી છે.....

આ સપનાં પૂરાં કરવા માટે વિનય પાઠકની 'દસ્વીદાનિયા' ફિલ્મ તેના ટાઇટલને સાર્થક કરે છે. ફિલ્મમાં તેનું નામ અમર છે, પણ થોડા સમયમાં એ મૃત્યુ પામવાનો છે. અમરની વાર્તા એક એવા માણસની છે, જે મૃત્યુની સભાનતા સાથે જીવનનો અર્થ શોધવા નીકળ્યો છે. પોતાનું મૃત્યુ નજીક હોવા છતાં અમરની અધૂરી ઈચ્છાઓને પૂર્ણ કરવાનો પ્રયાસ કાબિલેતારીફ છે.

આપણા પ્રિયજનો સાથે સમય વિતાવીને એમની નાની - મોટી ભૂલોને ભૂલીને હંમેશાં ખુશીઓ વ્યક્ત કરતાં રહીએ અને મજાની જિંદગી જીવવાનો એક પ્રયાસ કરવો જોઈએ. માણસે પોતાની ઈચ્છાઓને પૂર્ણ કરવાના પ્રયાસ સાથે આંતરિક શાંતિ અને પરિપૂર્ણતા શોધવી એ 'દસ્વીદાનિયા' છે.

સુખને શોધવા માટે સરળ માર્ગ છે વર્તમાનનું મૂલ્ય સમજવું અને આપણી ઈચ્છાઓને પૂરી કરવી. ■

**ધ એન્ડ**

***ઇટાલિયન ભાષામાં arrivederci નો અર્થ ફરી મળવા સુધી થાય છે, જેમાં વિદાય પછી ઉષ્માજનક સંબંધની નિકટતા જળવાતી રહે અને ફરી ફરી મળતાં રહી એની આશા છુપાયેલી છે.***

**વ્યંગ** ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# કિસ્સા પાકિસ્તાન કા...
# જૂતાં ચોરીમાં કોનો હાથ કે પગ હશે?



'સલામ વાલેકુમ નસરત આપા.'

એક મુસ્લિમ ખાતૂને સબ્જી મંડીમાં બીજી મહિલાનું અભિવાદન કર્યું. મુસ્લિમ મહિલા કિલ્લાની જેમ કાળા વસ્ત્રોથી ઢંકાયેલી હતી. હિજાબમાંથી નેણનકશાના દિદાર થાય..આંખો પાણીદાર હતી. તેનું નામ મરિયમ હતું.

'વાલેકુમ સલામ મરિયમબાનુ' બીજી બેગમે કહ્યું. એ પણ નખશિખ કપડાંના કિલ્લામાં કેદ. એનું નામ નસરત હતું.

'હાય, રબ્બા. યા અલ્લાહ, ગજબ હો ગયા' મરિયમ બોલી.

'હમારા મુલ્કમાં ગજબ થવું એ આમ વાત છે' નસરતે કહ્યું.

'કંઇ મનહૂસ ઘડીએ પાકિસ્તાનનો જન્મ થયો છે તેની ખબર પડતી નથી.' મરિયમ મરસિયું ગાતી હોય તેમ બોલી.

'હા, બેગમ, કાયમ અંજપો હોય છે. કાયમ અશાંતિ હોય છે. બદહાલી અને બેબસી મુલ્કનો પીછો છોડતી નથી. ડાયન આવામને ખાયે જાત હૈ.' નસરતે પણ નકારાત્મક રાગ આલાપ્યો.

'ક્યારે અમનચમન કે સુકુન મળશે એ અલ્લાહ જાણે?' મરિયમે આકાશ તરફ જોઇ પૂછ્યું. માનો ઇન્શાઅલ્લાહને પૂછતી ન હોય.

'મરિયમ બાનુ, ખુદા કા વાસ્તા. આપણો મુલ્ક પણ ચિનાબ-ઝેલમના પાણીથી પાવરફૂલ છે. હમારા મુલ્ક હેપીડેકસ ઇન્ડેકસ મે અવ્વલ હૈ!' નસરતે દિલાસો દેતા કહ્યું.

'ખાક હેપી હૈ...?! આંટા લેને કી લાઇનમેં હમારે લોગો ભાગદૌડમેં અલ્લાહમિંયા કો પ્યારે હો જાતે હૈ. બોમ્બ ગિરનેસે લોગ કીડી મંકોડો કી તરહ રેંગતે રેંગતે મરતે હૈ. બારિશ, પૂર, ધરતીકંપ, અકાલસે દમ તોડ દેતે હૈ!' મરિયમ ગુસ્સે થઇ બોલી.

'આપણે દૂધ પાઇને આતંકીને ઉછેરીએ છીએ. આતંકી આપણને મારી નાંખવા આપણી રજામંદીની રાહ જોતા નથી. મેરે બિલ્લી મુજે મ્યાંઉની જેમ સરહદે તાલિબાન આપણા સૈન્યની કત્લેઆમ કરે છે.' નસરતે પણ વહેતી ઝેલમમાં હાથ ધોઇ નાંખ્યા.

'બેગમ. અવામ દુખી છે. હાકેમ જલસા કરે છે. તમામ ગોરખધંધા કરે છે. મિલિટરીવાલે પોલીસ કો પીટતે હૈ. આર્મીવાલો કો તાલિબાન ઠોક દેતે હૈ. હાય રબ્બા, ચીન હમારી જમીન નિગલ રહા હૈ. હમ સે તો ભારતના લોકોને સારું છે. એમના પયગમ્બર કૃષ્ણે તો આતતાયીનો નાશ કરવા મોદીની નહીં માધવની ગેરેંટી આપી છે... માધવની ગેરેંટી પથ્થર કી લકીર હૈ. હમારે વહાં તો કોઇ ગેરેંટી ભી નહીં દેતે.... જાયે તો કહાં જાયે ?' મરિયમે દુપટ્ટાથી આંખ લૂંછતા કહ્યું.

'આપણા પાકિસ્તાનમાં ચીજોના ભાવ આસમાનને પહોંચ્યા છે. કોઇ ચીજ સસ્તી નથી છે.' નસરત બોલી.

'અપને પાકિસ્તાનની બદહાલી દિવસે દિવસે રાજકુમારીની જેમ વધતી જાય છે. દિન દહાડે હત્યા, ચોરી, લૂંટફાટ, બળાત્કાર વધતા જાય છે. દારૂ, ડ્રગ્ઝ, ફિરૌતી, માનવ તસ્કરી આમ બનતા જાય છે. છોકરીઓને ઓનર કિલિંગના નામે પતાવી દેવામાં આવે છે. કાયદો વ્યવસ્થા ક્યાંક ઘોરે છે!' મરિયમે સાંપ્રત સ્થિતિનો ચિતાર આપ્યો.

'બેગમ, આપણા દેશમાં માત્ર ટ્રેઝેડી છે એવું નથી. આપણા મંત્રીઓ કોમેડી શો પણ ચલાવે છે. એક મંત્રીએ ખોરાક બચાવવા સો કોળિયા જેટલી ભૂખ હોય તો બે કોળિયા કે રોટી ઓછી ખાઇ દેશની ઇકોનોમી મજબૂત કરવા તકલાદી હાકલ કરેલ.' નસરતે મો પર દુપટ્ટો હાથ વડે મૂકી હાસ્ય રોકવાની કોશિશ કરી:

'મંત્રીઓ તો લંચમા ચાર ચિકન ઝાપટીને સુફિયાણી હાકલ કરે છે! '

'એક મંત્રીએ ચાની આયાત પાછળ ખર્ચ કરાતું વિદેશી હૂંડિયામણ બચાવવા દિવસમાં એક કપ ચા ઓછી પીવા પંદરમો ચાનો કપ પીતા પીતા અનુરોધ કરેલ! આવક વધારવાને બદલે ખર્ચ ઘટાડવાના કીમિયાથી ઇકોનોમી દુરસ્ત થોડી થાય?' મરિયમે પોલ ખોલ કાર્યક્રમ કર્યો.

'આપણા વઝીરેઆઝમ કટોરો લઇને આરબ અમીરાત, અમેરિકા, વર્લ્ડ બેંક આઇએમએફ ફરે છે, પરંતુ કટોરામાં છલોછલ હવા ભરી પરત ફરે છે. બળતણના પૈસા ન હોવાથી ફલાઇટસ ગ્રાઉન્ડ થાય છે. અંધારે ડિનર કરવું પડે છે.' નસરતે હાલત બ્યાન કરી.

'પાકિસ્તાનના ભિખારીઓને દેશમાં ભીખ મળવાની આશા ન હોવાથી વિદેશમાં ભીખ માંગવા જતા દુબઇ એરપોર્ટથી લીલા તોરણે પાછા ફર્યા.' મરિયમે બ્લેક હ્યુમર કહ્યો!

'નસરત બેગમ, હમણાં ફેફસાં ફાડ કોમેડી થઇ.' મરિયમે કહ્યું.

'કેમ, તમને તમારા ખાવિંદે તલાક આપી દીધા?' નસરતે ખિંચાઇ કરી.

'અરે, વો દિન કહાં કે બેગમ કે પાંવમે સેન્ડલ?' મરિયમે અફસોસ જાહિર કર્યો: 'પાકિસ્તાનમાં કોઇની આઝાદી કયાં આસાન છે?'

'નહીં, નહીં, એસા નહીં હૈ , બેગમ. અભી ચોર કે ઘર ચોર આયા.' નસરતે આંખ મિંચકારીને કહ્યું.

'ખાલી, પહેલિયા મત બુઝાવો. જે કહેવું હોય તે સાફ સાફ કહો. જલેબી ન બનાવો!' મરિયમે મુંઝાઈને કહ્યું.

'હમારે નેતાલોગ બડે ચોરચકકે હૈ. આવામને લૂંટી લૂંટીને બડી બડી એક સે જયાદા આલીશાન કોઠીઓ બનાવી છે. વિદેશી બેંક્માં રિશ્વતની રકમ જમા કરાવે છે. આપણા લીડરલોગ ચીનના શાહુકાર છે.' નસરતે નેતાલોગની બ્લેક સાઇડ છતી કરી.

'તમે કહેવા શું માગો છો?' મરિયમે માથું ખંજવાળતા કહ્યું.

'હમણાં આપણા સંસદ પરિસરમાં એક મસ્જિદ છે. ત્યાં સાંસદો અને સ્ટાફ નમાજ પઢવા ગયા. નમાજ પઢીને પરત આવ્યા તો એમના પગ નીચેથી જમીન સરકી ગઇ. તમામ સાંસદ અને સ્ટાફના જૂતાં કોઇ મોરલો કળા કરીને તફડાવી ગયેલો!'

'આવામ ઉઘાડા પગે જલતી ધૂપમાં જિંદગી બસર કરે છે. હવે,એની તકલીફ સાંસદોને ખબર પડી હશે કે કેમ?'

'સાંસદો જૂતાં પહેર્યા વગર સંસદ ગયા કે ઘરે ગયા તેની પણ માલૂમાત નથી. સાંસદોએ મસ્જિદનું બહાર પડેલા બીજાના જૂતાં પહેરી ચાલતી પકડી કે સાંસદોએ પીએને ફોન કરી મફતમાં નવાનકોર ચમચમતા જૂતાં પહેરીને સંસદ ગયા કે કેમ તે પણ વિગતો જણાવવમાં આવેલ નથી.' મરિયમ ડિટેક્ટિવની જેમ બોલી ગઇ.

આ ઘટનાને વલોવીએ તો હાસ્યનું માખણ નીકળે તેમ છે. સંસદમાં ઝેડ કેટેગરીની સુરક્ષા હોય છે.એકદમ ટાઇટ સિક્યોરિટી હોય છે, છતાં, કયા દરિન્દાઓ હાથની સફાઇ કરી ગયા? આઇએસઆઇને ચોરીની ઇનપુટ મળેલ કે નહીં? સાંસદોના ચપ્પલ ચોરીને સરકારનું નાક નહીં પણ પગ કાપ્યા કહેવાય કે નહીં? ચપ્પલ ચોરી પાછળ તાલિબાન કે લશ્કરે તોયબાનો દોરીસંચાર નહીં પણ ચપ્પલસંચાર એવું અમારા તકવાદી અને તકલાદી રાજુ રદીને લાગે છે.

ડાકણ સુધ્ધાં એક ઘર છોડે તેમ કહેવાય છે. નાના ચોરોએ મોટા ચોરોનું ઘર આઇ મિન ચપ્પલો કેમ ન છોડ્યા એ કટપ્પાએ બાહુબલીને શું કામ માર્યો તેના કરતાં પણ મોટો યક્ષ પ્રશ્ન લે છે.

તમે શું કહો છો, વાંચક રાજા? ■

**તસવીરની આરપાર**
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ભારતે પાકિસ્તાનને જેવો જડબાતોડ જવાબ આપ્યો,
# એવું નાટક 'જાણતા રાજા' મોરબીમાં ભજવાય છે





*મચ્છુ કાંઠો ને મોરબી, વચ્ચમાં વાંકાનેર,*
*ઇ 'નર પટાધર નિપજે ઈ' પાણી હુંદો ફેર.*

ભારતે 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાનને જેવો પાઠ: ભણાવ્યો છે, એવું ઐતિહાસિક યુદ્ધ મોરબીના આંગણે જાણતા રાજા મહા નાટકમાં છે, જેમાં શિવાજીનો અદ્ભુત જુસ્સો નિહાળવા જેવો છે.

ગુર્જર વસુંધરાનું વિશ્વ વિખ્યાત મોરબી સિટી છે...! ગુજરાતના અન્ય શહેરોની પેરેટીમાં અલગ તરી આવે છે...! મોરબીની સંનિધિમાં જશો તો રોમની નગરીના શિલ્પકળા અને લંડનની સ્થાપત્યકળાનાં દર્શન થશે...! નાવીન્યસભર બાંધણીથી શોભતું મયુરનગરી મન મોહી લે છે,,,! હૃદયને ઝંકૃત કરી દેશે. રૂપાળા પ્રવાસન સ્થળના અપ્રતિમ સૌંદર્યને માણવા જેવું સોહામણા સિટીની અંદર 'માતૃભૂમિ વંદના ટ્રસ્ટ' મોરબી દ્વારા નિર્મિત ભવ્યાતિભવ્ય પરમ વંદનીય ભારતમાતા ક્રાંતિ મંદિર. પરમ વંદનીય ભારતમાતા ક્રાંતિ મંદિરના વિવિધ પ્રકલ્પો,

મહર્ષિ દયાનંદ સરસ્વતી યજ્ઞશાળા, આર્ય ગૌ-શાળા, અમર જવાન સ્મારક, ગૌ માતા આધારિત સજીવ ખેતી, સંશોધન અને માર્ગદર્શન કેન્દ્ર, વૈદિક કુમાર ગુરુકુળ, વૈદિક કન્યા ગુરુકુળ, આયુર્વેદ અને પ્રાકૃતિક ચિકિત્સાલય મહર્ષિ દયાનંદના જીવનવૃતાંત પર આધારીત પ્રદર્શન, છત્રપતિ શિવાજી મહારાજના જીવનવૃતાંત પર આધારીત પ્રદર્શન સૃષ્ટિ આરંભથી અત્યાર સુધીનું ભવ્યાતિભવ્ય પ્રદર્શન.

માતૃભૂમિ વંદના ટ્રસ્ટની રાષ્ટ્ર ભક્તોને નમ્ર વિનંતી છે કે પરમ કૃપાળુ પરમાત્માએ બતાવેલ વેદ માર્ગ પર ચાલીને ઋષિ, મહર્ષિ, સંતો, મહંતો, વીર-વીરાંગનાઓએ પોતાનાં બલિદાનો આપીને નિરંતર શ્રેષ્ઠ કર્મો કરીને આ સૃષ્ટિને સ્વર્ગ સમાન બનાવી હતી, પરંતુ મહાભારતના સમય બાદ અનેક સંપ્રદાયવાદ, અંધ શ્રદ્ધા, કુરિવાજો, જાતિવાદ, ઊંચ-નીંચના ભેદભાવ તેમજ ખોટી ઇશ્વર ઉપાસના પદ્ધતિઓથી આ વિશ્વનું અધઃપતન થયું. મહર્ષિ દેવ દયાનંદ સરસ્વતીના 'વેદ તરફ પાછા વળો' સૂત્રને અપનાવીને એક ઇશ્વરના સંતાન થઇને વસુધૈવ કુટુમ્બકમનો ભાવ જગાડવો એ આ રાષ્ટ્રીય યજ્ઞ આ સંસ્થાનો છે.

માતૃભૂમિ વંદના ટ્રસ્ટ દ્વારા આયોજિત મહર્ષિ દેવ દયાનંદ સરસ્વતીની ૨૦૧ મી જન્મજયંતી નિમિત્તે છત્રપતિ શિવાજી મહારાજના જીવન વૃત્તાંત પર આધારિત વિશ્વ પ્રસિદ્ધ મહાનાટક 'જાણતા રાજા'નો શુભારંભ તારીખ ૦૨/૦૫/૨૦૨૫ થી મોરબી સ્થળ : રાયગઢ કિલ્લો, રવાપર ધુનડા રોડ, પર ભવ્યાતીભવ્ય 'રાયગઢ' અદ્ભુત ક્લાત્મક ત્રણ હજાર ફૂટનું વિશાળ રંગમંચ ને ૮૦ ફૂટ ઊંચો કિલ્લો જેમાં ૩૦૦થી વધારે કલાકારો ભાગ લઈ રહ્યા છે...!!!?. જી, હા. છત્રપતિ શિવાજી મહારાજનાં જીવન પર આધારિત મહા નાટક વિશ્વનું સૌથી મોટું નાટક છે...!!!?. તેમાં સાચા હાથી, ઘોડા, ઊંટ, બળદ ગાડાં સાચુકલા જોવા મળે છે. અંદાજિત ૧૨૦૦ વ્યક્તિની સુચારુ બેઠક વ્યવસ્થા છે, પ્રફુલ્લિત રીતે માણી શકો એટલા માટે મોટી એલ. ઈ. ડી. પેનલમાં લાઈવ જોવા મળે છે.

પ્રથમ દિવસે મોરબી તેમજ ભુજ તથા હળવદથી બસ દ્વારા તેમજ મુંબઈ, ટંકારા, સુરેન્દ્રનગર, રાજકોટ વગેરે જગ્યાએથી અનેરા ઉત્સાહ સાથે રાષ્ટ્રભક્તો આવ્યા હતા. મહાનાટક જોઈ ખૂબ પ્રભાવિત થયા હતા અને કાર્યક્રમ સફળ રહ્યો હતો. માતૃભૂમિ વંદના ટ્રસ્ટ દ્વારા નિર્મિત પરમ વંદનીય ભારત માતા ક્રાંતિ બનાવવાનું છે. તેની આબેહૂબ પ્રદર્શની બનાવાઈ છે તે જોઈને ખૂબ પ્રભાવિત થયા હતા. તેમજ મહર્ષિ દેવ દયાનંદ સરસ્વતીજીની જીવન પ્રદર્શની પણ અદભુત બનાવેલ છે, જે સવારે ૯ કલાકથી રાત્રે ૧૨ વાગ્યા સુધી ખુલ્લી રહે છે. જે વિનામૂલ્યે છે. તો આપ અને આપનાં બાળકોને અવશ્ય દેખાડો એવો અનુરોધમાતૃભૂમિ વંદના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

વિશ્વ પ્રસિદ્ધ મહા નાટક જાણતા રાજામાં ૧૬ વર્ષથી શિવાજીનું પાત્ર ભજવે છે તેવા અનુભવી કલાકાર છે, તો પૂર્ણ મહારાષ્ટ્રનાં દોઢસો કલાકારો સામેલ છે, અત્યારે આ નાટકમાં મોરબીનાં ૧૦૦ કલાકારો ભાગ લઈ રહ્યા છે જેમને છ દિવસની ટ્રેનિંગ આપવામાં આવી છે. તેમાં નાના શિવાજી ખુદ મોરબીના બાળ કલાકાર ભાગ લઈ રહ્યા છે તો માતૃભૂમિ વંદના ટ્રસ્ટના કર્તવ્ય નિષ્ઠ મોભી મહેશભાઈ પટેલ ખુદ પ્રધાનજીનું પાત્ર ભજવી રહ્યા છે તો સાથે તેમના ધર્મ પત્ની અને પુત્ર પણ આ નાટકમાં કલાકાર તરીકે છે, જાણતા રાજા નાટક આ અગાઉ ૨૦૧૮ માં આવેલ ત્યારે ભરપૂર સફળતા સાંપડી હતી, મયુરભૂમિ મોરબીની પ્રજા આ નાટક જોવા હોંશે હોંશે આવે છે અને શિવાજીનાં જીવન કવન વિશે જાણે સાચે તે સમયનો ભવ્ય રાયગઢ કિલ્લો, તેમાં ઝરૂખા, બારી, દરવાજા ને મોટી પ્રતિમા છે. આ નાટકની મુખ્ય વિશિષ્ટતા એ છે કે તેનો પહેરવેશ ઓરીજનલ છે, તેની પાઘડીઓ, લેડીઝ પાત્રો પણ મહારાષ્ટ્રિયન ડ્રેસ પહેરે છે, તો મુસ્લિમ સુલતાનનાં સમયમાં મુસ્લિમ પહેરવેશ હોય છે, તેમજ ખાસ તો લડાઈ થાય ત્યારે તલવાર બાજી કરતા કલાકારોમાં લાઇટિંગ ઇફેક્ટ જબર દસ્ત હોય છે, તેને અનુરૂપ ગીતો પ્રમાણે સંગીત છે, આખા કિલ્લામાં કેવી લાઇટિંગ આપવી તેની સમજણ પ્રમાણે લાઈટ અપાય છે, તો તેમાં ડાયલોગ પણ ચોટદાર છે તેની માઈક વ્યવસ્થા અફલાતૂન છે. જોકે તેમાં રેકોર્ડિંગ કરેલ ગીત, કથા છે તેને અનુરૂપ હોઠ ફફડાવવાના ને અભિનય કરવાનો હોય છે, પણ દૂર બેઠેલા પ્રેક્ષકોને તો સાચેજ બોલતા હોય તેવી અનુભૂતિ તંતોતંત થાય છે, નાટકનો શુભારંભ મોરબીના કલેકટર ઝવેરી સાહેબે આરતી પૂજા કરી કરાવેલ.

મોરબીમાં આઠ વર્ષ બાદ જાણતા રાજા મહા નાટક આવ્યું છે પણ તેમાં શિવાજીની દેશદાજ ઠાંશી ઠાંશીને ભરી છે. તેમની ન્યાયપ્રિયતા ઉજાગર થાય છે. તેના સમયમાં અમીર, ગરીબ સમાન રાખવામાં આવતા તો પ્રજા પણ શિવાજી પ્રત્યે નિષ્ઠા જોવા મળે છે. મરી જાય તેવી પળે પણ વફાદારી મૂકતા નથી, શિવાજીમાં કેટલી તાકાત છે તેની જાણ તેની માતા કહે છે અને દેશદાજવાળું મહા નાટક ત્રણ કલાકનું છે પણ તમને એક મિનિટ કંટાળો નાં આવે. ખરેખર ન્યાય પ્રિયતા, વફાદારી દેશ સેવાની ભાવના આજે પંદરમી ઓગસ્ટ, કે છવીસમી જાન્યુઆરીએ જોવા મળે છે, બાકી આઝાદીની ચળવળ કેમ થાય તેમનું ઉદાહરણ એટલે છત્રપતિ શિવાજી છે. માટે એક વાર દેશ દાજ જોવી હોય તો જાણતા રાજામાં છે. તેવો ભાવ ભારતે પાકિસ્તાનને જે રીતે સબક શીખવ્યો છે તેવો ભાવ જાણતા રાજામાં જોવા મળશે... ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ચેહરા ક્યા દેખના હૈ, ક્યૂઆર કોડ દેખો ના...



એકવીસમી સદીના ત્રીજા દાયકામાં પણ કેટલીક બાબતે આપણો દેશ અઢારમી સદીમાં જીવે છે. એક તરફ ભારતીય લશ્કરમાં અધ્યક્ષ સોફિયા કુરેશી અને વ્યોમિકા સિંહ નામની બે જાંબાઝ મહિલા દેશનું ગૌરવવંતુ પ્રકરણ છે તો બીજી તરફ લગ્ન પછી ઘરની વહુરાણી વડીલો સમક્ષ લાજ કાઢી મોઢું સંતાડી રહે એવી જડભરત પ્રથા પણ જોવા મળે છે. જોકે, હરિયાણામાં બનેલી ઘટના આફતમાં અવસર શોધવાના કૌટુંબિક કિમીયાનું લાક્ષણિક ઉદાહરણ છે. રિવાજ અનુસાર નવી વહુના હાથ રસોઈમાં કેવા પાવરધા છે એ ચકાસવા એને શીરો બનાવવાની જવાબદારી સોંપવામાં આવે. જમવા આવેલા સગા - સંબંધીઓ વહુની રસોઈ ચાખી શુકનનો સવા રૂપિયો (આજના ૧૦૦ - ૨૦૦ કે ૫૦૦) આપે. જોક, આજના આધુનિક જમાનામાં 'કેશલેસ' (ખિસ્સામાં રોકડનો દુકાળ) ફરતા મહેમાનો શુકન કરવાથી વંચિત ન રહી જાય એ માટે હરિયાણાની સોનલ નામની વહુરાણી મીઠાઈ પીરસતી વખતે સાથે ક્યૂઆર કોડની સગવડ પણ રાખી. પર્સ કે કેશ વગરના લોકો માટે ઓનલાઈન શુકન ટ્રાન્સફર કરવાની સુવિધા રાખી. સોનલનો આ વીડિયો ખાસ્સો વાઈરલ થઈ અનેક આગામી વહુરાણી માટે પ્રેરણા સાબિત થયો છે અને 'પેટીએમ કરો, પેટપૂજા કરો' જેવી પ્રતિક્રિયા પણ આવી છે. જુગાડમાં ભારત કા જવાબ નહીં.

## કઝાકસ્તાનમાં ભાષા ક્રાંતિ

ગુજરાતીઓમાં લક્ષ્મીપ્રેમની તુલનામાં ભાષાપ્રેમ ઓછો છે, પણ પૃથ્વીના પટ પર એવા લોકો સુધ્ધાં વસે છે જેમને ભાષા માટે અનન્ય લાગણી છે. સાડા ત્રણ દાયકા પહેલાં સોવિયેત રશિયામાંથી છુટા પડેલા કઝાકસ્તાનમાં આ વર્ષે ભાષા ક્રાંતિ થવાની છે. છેલ્લાં ૧૦૦ વર્ષમાં દેશની સત્તાવાર બારાખડી (ભાષાના મૂળાક્ષરો) ત્રણ વખત બદલવામાં આવ્યા બાદ હવે લેખિત ભાષાકીય વ્યવહાર સિરિલિકને બદલે લેટિનમાં કરવામાં આવશે. ૨૮ વર્ષ સુધી દેશના પ્રેસિડેન્ટ રહેલા નુરસુલતાન નેઝરબેયેવે આપેલા કાર્યકારી આદેશનો અમલ હવે થવાનો હોવાથી જનતા ગેલમાં આવી ગઈ છે.

| № | Написание | Звук | № | Написание | Звук |
|---|---|---|---|---|---|
| 1 | A a | [a] | 17 | N' n' | [н], [нг] |
| 2 | A' a' | [ə] | 18 | O o | [o] |
| 3 | B b | [б] | 19 | O' o' | [ө] |
| 4 | D d | [д] | 20 | P p | [п] |
| 5 | E e | [e] | 21 | Q q | [к] |
| 6 | F f | [ф] | 22 | R r | [р] |
| 7 | G g | [г] | 23 | S s | [с] |
| 8 | G' g' | [ғ] | 24 | S' s' | [ш] |
| 9 | H h | [x], [h] | 25 | C' c' | [ч] |
| 10 | I i | [i] | 26 | T t | [т] |
| 11 | I' i' | [и], [й] | 27 | U u | [ұ] |
| 12 | J j | [ж] | 28 | U' u' | [ү] |
| 13 | K k | [к] | 29 | V v | [в] |
| 14 | L l | [л] | 30 | Y y | [ы] |
| 15 | M m | [м] | 31 | Y' y' | [у] |
| 16 | N n | [н] | 32 | Z z | [з] |

૧૯૩૬થી ૧૯૯૧ સુધી સોવિયેત રશિયાનો હિસ્સો રહેલા કઝાકસ્તાનમાં અગાઉ અરેબિયન લિપિમાં લખાતી કઝાક ભાષાનો ઉપયોગ થતો હતો. જોકે, સોવિયેત સંઘે લેટિન ભાષાના મૂળાક્ષરોનો વપરાશ શરૂ કર્યો હતો. અચાનક ૧૯૪૦માં રશિયન મૂળાક્ષરો પર આધારિત સિરિલિક ભાષાનો અમલ શરૂ કર્યો. આ લિપિમાં ૪૨ અક્ષરો છે જેનો ડિજિટલ સર્વિસમાં ઉપયોગ મુશ્કેલ બની ગયો હતો એટલે તત્કાલીન પ્રેસિડેન્ટ નેઝરબેયેવે લેટિન ભાષાના મૂળાક્ષરો આધારિત ભાષાના ઉપયોગનો આગ્રહ રાખ્યો અને હવે એ આગ્રહ રાષ્ટ્રીય સ્તરે અમલમાં આવશે. ત્રણ વારના બદલાવથી કેટલાક લોકો પરેશાન છે તો એક વર્ગ એવો પણ છે જેનું માનવું છે કે લોકો ધીરે ધીરે ટેવાઈ જશે અને લાંબે ગાળે દેશને ફાયદો જ થશે. સોવિયેત રશિયામાંથી છૂટા પડેલા અઝરબૈજાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાન પણ લેટિન મૂળાક્ષરોનો જ ઉપયોગ કરે છે.

## નામમાં શું બળ્યું છે? બહુ બળ્યું છે, ભાઈ!



વિલિયમ શેક્સપિયર ભલે કહી ગયા હોય કે 'વોટ ઈઝ ઈન આ નેમ?' (નામમાં શું બળ્યું છે?) પણ ચીનના હુનાન પ્રાંતમાં રહેવાસી ૨૩ વર્ષના યુવકને પૂછશો તો 'નામમાં બહુ બધું બળ્યું છે, ભાઈ!' એમ કહી નામનો મહિમા ગાશે.

થયું છે એવું કે આ ભાઈસાહેબનો જન્મ થયો ત્યારે 'ઓળી ઝોળી પીપળ પાન ફૈબાએ પાડ્યું ઝૂ યુનફેઈ' નામની વિધિ તો રંગેચંગે પાર પડી ગઈ. જોકે, આઠેક વર્ષની ઉંમરે 'આવું તો કંઈ નામ હોતું હશે? સાવ કોમન છે' એવો બળાપો કાઢ્યો. એ દિવસથી એણે 'નામ બદલાવ ઝુંબેશ' શરૂ કરી જે આજદિન સુધી ચાલી રહી છે. છેલ્લાં ૧૫ વર્ષમાં ચીની યુવક અનેક વાર નામ બદલી ચુક્યો છે અને હવે તો સરકારી કાર્યાલય પણ તોબા પોકારી ગયું છે. પહેલા એણે Zhu Yunfei નામ બદલી Zhu Que Xuan Wu રાખ્યું. થોડા વખત પછી વિચાર બદલાયો અને બે શબ્દ જોડી Zhu Que Xuan Wu Chi Ling નામ અપનાવ્યું. જોકે, આ અખતરો ખતરો બની ગયો, કારણ કે ઇન્ટરવ્યૂ દરમિયાન નામ વિચિત્ર લાગવાને કારણે એને નોકરી ન મળી. પછી ભાઈએ માતાની અટક નામની આગળ રાખી Zhou Tian Zi Wei Da Di એવું નામ ધારણ કર્યું. જોકે, 'આ નામ સંવેદનશીલ છે' એમ કહી પ્રશાસને નામ બદલવાની મંજૂરી ન આપી. ૨૭ એપ્રિલે આપેલી નવી અરજીમાં યુવકે ૪૮ ચાઈનીઝ કેરેક્ટરવાળા નામનો આગ્રહ રાખ્યો. 'આટલા મોટા નામનો સમાવેશ આઈડી કાર્ડમાં નહીં કરી શકાય અને સરકારી કામકાજમાં મુશ્કેલી પડશે' એવું કારણ આપી અરજી રિજેક્ટ કરવામાં આવી છે. હવે ભાઈસાહેબ નવું નામ શોધે છે કે પછી અનામી રહેવાનું પસંદ કરે છે એ જોવાનું છે.

## પ્રયાગરાજમાં RRRનો અનોખો ત્રિવેણી સંગમ




'બાહુબલી'વાળા સાઉથના ફિલ્મમેકર રાજામૌલીએ RRR - Rise, Roar, Revolt લોક મનોરંજનની ફિલ્મ બનાવી તગડી કમાણી કરી લીધી. હવે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં લોકહિતની RRR - Reduce, Reuse, Recycle નામની પહેલ ગાજી રહી છે. અલબત્ત, અહીં ઉદ્દેશ જનતાનું એન્ટરટેઈનમેન્ટ કરી તગડી કમાણી કરવાનો નથી.

'વેસ્ટમાંથી બેસ્ટ' કલ્પના તમે જાણતા હશો. પ્રયાગરાજની જનતા ઘરમાં ઉપયોગ નહીં ધરાવતો સામાન મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટર પર જાતે આવી મૂકી જાય છે. કોર્પોરેશન એમાંથી વીણામણ કરી વાપરવા લાયક સામાન તારવી એને જરૂરિયાતમંદ લોકોને પહોંચાડે છે. ગુજરાતીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સુધરાઈ તરીકે ઓળાખાય છે અને એના અર્થને સાર્થક કરી જન જીવનમાં સુધાર લાવવાનું કામ પ્રયાગરાજમાં થઈ રહ્યું છે. પ્રયાગરાજ મ્યુનિસિપલ કોર્પોરેશને લોકોને જૂના માલનો યોગ્ય ઉપયોગ શીખવવા આરઆરઆર સેન્ટર શરૂ કર્યું હતું. જૂના કપડાં, જૂતાં, ચપ્પલ, પુસ્તકો, નોટબુક કે એવી વસ્તુ યોગ્ય સ્થિતિમાં હોવા છતાં જે લોકો એનો ઉપયોગ ન કરતા હોય તો એ ફેંકી ન દેતા સુધરાઈમાં જમા કરવા કહેવામાં આવ્યું છે. જમા થયેલી સામગ્રી તારવી સારી સ્થિતિમાં હોય છે તે જરૂરિયાતમંદોને પહોંચાડવામાં આવે છે. જે સામાન બિલકુલ ઉપયોગી નથી એ રિસાયકલ કરી અન્ય ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવે છે. પ્રયાગરાજ ગંગા, જમના અને સરસ્વતીના ત્રિવેણી સંગમ માટે ખ્યાતનામ છે પણ Reduce, Reuse, Recycle તરીકે જાણીતો બનેલો આ નવો ત્રિવેણી સંગમ જનહિત સુધારવાનું ઉમદા કામ કરી રહ્યો છે.

## લ્યો કરો વાત!

*'દિલ તો પાગલ હૈ, દિલ દીવાના હૈ' અને 'દિલ ચીઝ ક્યા હૈ આપ મેરી જાન લીજિયે' જેવી પ્રેમની અભિવ્યક્તિને આંટી દે એવો કિસ્સો જાણો.*

*એક ડોક્ટર અને એક વકીલ બેઉ એક જ યુવતીના પ્રેમમાં દીવાના થયા. ડોક્ટર રોજ એક લાલ રંગનું મસ્ત ગુલાબ યુવતીને મોકલતો હતો, જ્યારે વકીલ રોજ એક એપલ પ્રેમિકાને ભેટ આપતો હતો. આવી વિચિત્ર ભેટ જોઈને પેલી સોહામણી યુવતી જરા ગૂંચવાઈ ગઈ. ઘણા બધા દિવસ આવું ચાલ્યું એટલે એણે વકીલને એક દિવસ પૂછી જ નાખ્યું, 'પ્રેમમાં કોઈ ગુલાબ મોકલે એ તો સમજી શકાય એવી વાત છે, પણ ઇશ્ક અને ઍપલને શું સંબંધ છે?' આ સવાલની રાહ જ જોઈ રહ્યો હોય એમ વકીલ તરત બોલ્યો કે 'રોજ એક એપલ ખાવાથી ડોક્ટર દૂર રહે છે.!*

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પરણ્યા એટલે પ્યારા લાડી...અને છૂટાછેડા એટલે..?**
* છૂટ્યા ઘરવાળી...

**લગ્ન એટલે લાઈફ લાઈન.. અને પ્રેમ એટલે...?**
* એક્સ્ટ્રા પાઈપ લાઈન.

**પત્ની ઠંડું શરબત ગરમ કરીને આપે તો?**
* ઠંડા દિમાગથી લપછપ કર્યા વિના પી લેવું...

**સામનેવાલી ખિડકી મેં ચાંદ કા ટુકડા...આવું ખરેખર હોય તો?**
* પેલી ચાંદના ટુકડાવાળીનો બાપ ગ્રહણ બને...

**પહેલાં યુદ્ધની નોબત વાગતી. હવે સાયરન કેમ?**
* મહેનત ઓછી ને કામ ફટાફટ ...

**ભગવાન ભૂલો પડે તો ક્યાં જાય?**
* ભક્ત પાસે...મંદિરમાં !

**સમજદારને ઉછીના પૈસા અપાય?**
* હા, પણ બીજાને માત્ર સમજ જ અપાય કે ઉધાર ન માગવાની !

**બુદ્ધિનું પ્રદર્શન કેવું હોય?**
* જોવા જેવું....

**બાળ બુદ્ધિ, જાડીબુદ્ધિવાળાને શું કહેવું ?**
* ભગવાન ત મને સદબુદ્ધિ આપે...

**શિક્ષકની ભૂલ કોણ શોધે?**
* આચાર્ય...

**મુંહદિખાઈ વખતે પૈસા દેવા પડે તો મુંહ છિપાઈમાં?**
* પૈસા લેવા પડે...

**પ્રેમ આંધળો હોય તો કોણ જોતું હશે?**
* પરિવાર- સમાજ ને દુનિયા...

**એજન્ડા કેવો હોય?**
* રિટર્ન (લેખિત) અને હિડન (છૂપો)....

**ડાઘ કેમ જિદ્દી હોય છે?**
* વોશિંગ પાવડરની સહનશીલતા ચકાસવા...

**કાનમાં કહેવું અને સાનમાં સમજાવવું... સારું શું?**
* તમને જે ફાયદો કરાવી દે એ...

**આરામ કેવા રામ હશે?**
* વિરામ.

**સટ્ટાખોરી અને સંગ્રહખોરી વચ્ચે ભેદ શું?**
* બંને ધંધા ખાનગીમાં કરવા પડે...

**ગાંધીજીનો ચોથો વાંદરો હોત તો શું કરતો હોત?**
* એ સોશિયલ મીડિયામાં એક્ટિવ હોત...

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# પ્રવૃત્તિ વગરનું જીવન એક પડછાયા જેવું છે, નજરે પડે પણ એ જીવંત નથી...

### જ્યારે એની સરખામણીમાં નિવૃત્તીમાં પ્રવૃત્ત લોકો આજના યુગમાં જીવંત પુસ્તક સમાન છે!



**માનવ** જીવનની સફળતા માટે અનેક ગુણ જરૂરી હોય છે, પરંતુ તેમાં પ્રવૃત્તિ અર્થાત એક્ટિવિટી કે કાર્યશીલતા એ એક અગત્યનું સ્થાન ધરાવે છે. પ્રવૃત્તિ એટલે કોઈ કાર્યમાં સતત લાગી રહેવું. કામથી દૂર ન ભાગવું અને જીવનને ગતિશીલ બનાવવું. માનવ જીવનમાં પ્રવૃત્તિ એ પ્રાણવાયુ સમાન છે, કારણ કે એ ના હોય તો જીવન રસહીન અને નિરર્થક બની જાય છે.

પ્રકૃતિ તરફ જો નજર દોડાવીએ તો દરેક તત્ત્વ પ્રવૃત્તિમય જ દેખાય છે. સૂર્ય ઊગે છે. ચંદ્ર ઊગે છે. નદીઓ વહે છે. પવન ફૂંકાય છે અને વૃક્ષો ઊગે છે....આ બધાં પ્રવૃત્તિનાં જીવંત ઉદાહરણ છે. જો આ તત્ત્વો સ્થિર થઈ જાય તો દુનિયાની વ્યવસ્થા જ બગડી જાય.

વિચારો કે સૂર્ય પોતાના નિત્યક્રમ મુજબ ઊગીને ગતિ ન કરે તો આ વિશ્વમાં કેવી અંધાધૂંધી સર્જાય? એ કલ્પના . નદીઓ વહેતી ન હોય તો? આ પૃથ્વી પર વૃક્ષો જ ન હોત તો? આમ દરેક તત્ત્વની પ્રવૃત્તિ એ મનુષ્ય જીવનનું પ્રેરકબળ છે.

સૌ કોઈ મનુષ્ય આ જુએ છે, જાણે છે, સમજે છે તેમ છતાં પોતાના જીવનમાં આળસ ખંખેરીને પ્રવૃત્તિમય બનવાની તત્પરતા જોવા મળતી નથી. પ્રવૃત્તિ વગર વ્યક્તિ માત્ર એક શારીરિક આકાર બની રહે છે.

બીજી તરફ, પ્રવૃત્તિશીલ વ્યક્તિ નવા વિચારોને આત્મસાત કરે છે. અવરોધોનો સામનો કરે છે અને સફળતાની નવી ઊંચાઈ સુધી પહોંચે છે. ઈતિહાસ એનો સાક્ષી રહ્યો છે કે વિશ્વમાં જે લોકો મહાન બન્યા છે એ બધા પોતાને પ્રવૃત્તિ થકી જ ઓળખ ઊભી કરી શક્યા છે. સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરુષ તો અલ્પાયુમાં આભને આંબે એવું કામ કરી ગયા. વિશ્વના મહાન ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીએ પોતાની કારકિર્દીની શરૂઆત પેટ્રોલ પંપના સામાન્ય ફિલર મેનથી શરૂ કરીને સતત પ્રવૃત્તિ અને મહેનતથી રિલાયન્સ કંપનીની સ્થાપના કરી, વિશ્વના શ્રેષ્ઠ ઉદ્યોગપતિઓમાં પોતાનું સ્થાન ઊભું કર્યું. તેમનું જીવન જ દર્શાવે છે કે પ્રવૃત્તિથી કોઈપણ સપનાંને સાકાર કરી શકાય છે. ડો.એ.પી.જે અબ્દુલ કલામે વિજ્ઞાનના ક્ષેત્રમાં સતત કાર્યશીલ રહીને ભારતના 'મિસાઈલ મેન' બન્યા. રાષ્ટ્રપતિ તરીકે પણ સેવા આપી. એમનું જીવન સતત પ્રવૃત્તિનું જ્વલંત ઉદાહરણ છે.

પ્રવૃત્તિમય વ્યક્તિ સમયનો સાચો ઉપયોગ કરે છે, જ્યારે આળસુ વ્યક્તિ સમય વેડફી નાખે છે. વર્તમાન સમય સ્પર્ધા અને ઝડપનો સમય છે. જ્યારે તકનો વરસાદ વરસી રહ્યો છે ત્યારે પ્રવૃત્તિશીલ રહેવું વધુ જરૂરી બન્યું છે. માત્ર ભણતર પર્યાપ્ત નથી પણ દરેક ક્ષેત્રે સતત પ્રયત્ન અને કાર્યશીલતા જરૂરી છે.

પ્રવૃત્તિ બાબતે ઘણાં ઉદાહરણ આપી શકાય. સમજો કે એક ગૃહિણી દિવસભર ઘરના તમામ કામ કરે છે. કુટુંબના સુખદ જીવન માટે સતત કાર્યશીલ રહે છે. ખેડૂત સવારથી સાંજ સુધી ખેતરમાં મહેનત કરે છે. ઠંડી,ગરમી કે વરસાદને ગણકાર્યા વગર પોતાના ખેતરમાં સતત પ્રવૃત્તિમાં રહે છે. તેની પ્રવૃત્તિથી જ અન્નનું ઉત્પાદન થાય છે. આ બધાં ઉદાહરણો દર્શાવે છે કે જીવનમાં દરેક ક્ષેત્રે પ્રવૃત્તિ જરૂરી છે, પછી ભલે તે શિક્ષણ હોય, વ્યવસાય હોય, વિજ્ઞાન હોય કે ઘરેલું જીવન હોય, દરેક પરિસ્થિતિમાં કાર્યશીલતા સફળતા તરફ દોરી જાય છે.

વર્તમાન સમયમાં નિવૃત્તિનો અર્થ એવો કરવામાં આવી રહ્યો છે કે નિવૃત્તિ એટલે બસ આરામ. ખાવું પીવું અને મોજ કરવાની, આ સિવાય કંઈ નહીં કરવાનું. હકીકતમાં નિવૃત્તિનો અર્થ માત્ર નોકરીમાંથી નિવૃત્ત થવાનો હોય છે, જીવનમાંથી નહીં. નિવૃત્તિ પછી વ્યક્તિ પાસે પોતાનો સમય, અનુભવ અને ક્ષમતા હોય છે, જેનો સમાજના હિત માટે ઉપયોગ કરી શકાય છે. શિક્ષણ ક્ષેત્રે નિવૃત્ત શિક્ષકો ગામડામાં જઈને બાળકોને મફત ભણાવવાનું કાર્ય પણ કરી શકે છે. એમના અનુભવથી બાળકોને સારી દિશા મળે છે. નિવૃત્ત સરકારી કર્મચારીઓ કે અન્ય નિષ્ણાત નિવૃત્ત લોકો એનજીઓ, અનાથાલયો કે વૃદ્ધાશ્રમોમાં સેવાભાવથી કામ કરી શકે છે. પોતાના જીવનની કુશળતા અને આવડત સમાજને પાછી આપી શકે છે. લેખન અને પ્રવચન દ્વારા પણ યુવા વર્ગ અને સમાજ માટે માર્ગદર્શન આપવાનું કાર્ય થઈ શકે છે. નિવૃત્તિ જીવનનો વિરામ નથી પણ નવી શરૂઆત છે. પ્રવૃત્ત નિવૃત્ત લોકો આજના યુગમાં જીવંત પુસ્તક સમાન છે. એ સમાજને બોધ આપે છે કે જ્યાં સુધી શ્વાસ છે, ત્યાં સુધી પ્રયાસ કરવો જરૂરી છે.

પ્રવૃત્તિ વગરનું જીવન એક પડછાયા જેવું છે. નજરે તો પડે પણ જીવંત નથી તેથી દરેક મનુષ્યએ પોતાના જીવનમાં પ્રવૃત્તિશીલ રહેવું જોઈએ. ■

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# બંધ મૂઠી લાખની, ઉઘાડી વા ખાય!

**ઈશ્વરની** ઈચ્છા વગર પાંદડું પણ હાલતું નથી. આવું આપણે બોલીએ, સાંભળીયેં અને સમજીએં છીએં. કચ્છી ચોવકમાં એ હકીકત આ રીતે વણાયેલી છેઃ **'જન ડે જનેતા પ કરમ ડે કિરતાર'** ભાવાર્થ છેકે, માત્ર વૃક્ષનાં પાંદડાં જ નહીં પણ માનવજીવન પણ ઈશ્વરકૃપાથી જ ચાલતું હોય છે. શબ્દ છેઃ **'જનમ ડે જનેતા'** એટલે કે માતા જન્મ આપે છે. 'પ' એટલે પણ અને આ શબ્દસમૂહ **'કરમ ડે કિરતાર'**નો અર્થ છેઃ જીવન ઈશ્વરના હાથમાં જ હોય છે.

ઘણા લોકોની જબાન કડવી હોય છે. વક્ર હોય છે. ઘણા લોકો બહુ બોલતા હોય છે. ઘણા બોલવામાં થાપ ખાઈ જાય છે. માણસ કેવું બોલે છે, તેના પરથી તેનું સ્થાન નક્કી થાય છે. કક્ષા નક્કી થાય છે. જબાન એટલે જીભ. આપણે કહેતા હોઈએ છીએં કે, 'લૂલી પર લગામ' જરૂરી હોય છે. એજ જીભ ઘોડે પણ ચઢાવે અને એજ જીભ ગધેડે પણ બેસાડે! ચોવક પ્રચલિત છેઃ **'ઈજ જિભ ઘોડે ચડાય, ઈજ જિભ ગડોડે ચડાય'** 'જિભ' એટલે જીભ. અને એક અજાણ્યો શબ્દ તમારા મારે કદાચ હોઈ શકેઃ 'ગડોડે' તેનો અર્થ થાય છે, ગધેડા પર!

એક અદ્‌ભુત ચોવક છેઃ **'ધૂડ વગર ધાણી ન ને વા વિગર પાણી ન'** 'ધૂડ' એટલે ધૂળ. 'ધાણી' એટલે પણ ધાણી, જે ભઠ્ઠી પર રેતી સાથે શેકવામાં આવે છે, જેને આપણે 'રૂલા' પણ કહીએ છીએં. 'વા'નો અર્થ છે પવન. શબ્દાર્થ થાય છેઃ ધૂળ વગર ધાણી ન શેકાય અને પવન વગર વરસાદ (પાણી) ન હોય! પરંતુ ચોવકને કહેવું એટલું જ છે કે, બધું વાતાવરણ (સંજોગ) પ્રમાણે થાય.

**'ડીં ડીં કે ખેંધા અચેં'** બહુ સરસ ચોવક છે. ગુજરાતીમાં આપણે કહેતા હોઈએ છીએં કે, ''સમય જતાં વાર નથી લાગતી''. એજ વાત ચોવક આ રીતે કરે છે. 'ડીં' એટલે દિવસ. 'ખેંધા'નો અર્થ થાય છે, ખાય છે, ખાઈ જાય છે અન 'અચેં' જાયના અર્થમાં અહીં પ્રયોજાયેલો શબ્દ છે. શબ્દાર્થ સરળ થઈ ગયો. દિવસ દિવસને ખાઈ જાય છે. એવા જ અર્થમાં ભાવાર્થ છે કે સમય ઝડપથી નીકળી જવો!

માણસમાં જે સ્વભાવ દોષ હોય છે, એ કૂતરાની પૂંછડી જેવો હોય છે. પૂંછડી સીધી કરવાના હજારો પ્રયાસ કરવા છતાં વાંકી જ રહે છે તેજ રીતે કોઈ માણસોના સ્વભાવ દોષ લાખ પ્રયત્નો પછી પણ દૂર નથી થતો. એટલે જ આપણામાં કહેવત છે કે, 'પ્રકૃતિ અને પ્રાણ ભેગા જ જાય'! એવી જ રીતે ચોવક પણ કહે છે કે, **'પ્રાણ નેં પ્રકૃતી ભેરા વિંઝે'.**

ઘણી કહેવતો અને ચોવકો સરખી જ હોય માત્ર તેમાં ભાષાનો ફરક જોવા મળે છે. ગુજરાતીમાં કહેવત છે કે 'બાંધી મુઠી લાખની ખુલે તો વા ખાય' એજ ભાવાર્થ સાથેની ચોવક પણ છેઃ **'ભંધ મુઠ લખજી, ખુલઈ ત કખજી'** 'ભંધ' એટલે બંધ. મુઠીને કચ્છીમાં મુઠ કહેવાય. 'લખજી' એટલે લાખની. 'ખુલઈ ત' આ બે શબ્દોનો સમૂહ છે જેનો અર્થ થાય છેઃ ખુલી જાય તો! 'કખજી' 'કખ જી' આ પણ બે શબ્દોનો સમૂહ છે, જેનો અર્થ થાય છેઃ તણખલા જેવી (અહીં જેટલી). બાંધી મૂઠીની કિંમત લાખની (એટલે કે અમોલ) અને જો મુઠી ખુલી જાય તો તેની કિંમત તણખલા જેટલી થઈ જાય છે. પણ મૂઠીમાં શું હોય છે, જે અમૂલ્ય છે? વાત છે કોઈ એક ખાસ વાતની. જે કોઈને કહેવાની નથી હોતી! અને જો ન રહેવાય અને કોઈને કહેવાઈ જાય તો તેનો જે ભેદ છે તે જાહેર થઈ જાય! વળી, બીજા અર્થમાં કહીએં તો, મુઠી ખુલી જવી એટલે માણસ ઓળખાઈ જવો! તેની અસલિયત બહાર આવી જવી!

# વિદેશી ખેલાડીઓને બીસીસીઆઇની સૂચના, 'જલદી ભારત પાછા આવી જાઓ'

નવી દિલ્હીઃ બીસીસીઆઇએ આઇપીએલની બાકી રહેલી મૅચોનું નવું શેડ્યૂલ જાહેર કર્યું એ સાથે હવે વિદેશી ખેલાડીઓને ભારત પાછા બોલાવવા બાબતમાં ભાર પણ આપવામાં આવી રહ્યો છે. બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) આ બાબતમાં વિદેશી ક્રિકેટ બોર્ડો સાથે અને ફ્રૅન્ચાઇઝીઓ વ્યક્તિગત રીતે પોતપોતાના વિદેશી ખેલાડીઓ સાથે સતત સંપર્કમાં છે.

ક્રિકેટ જગતની સૌથી મોટી ટૂર્નામેન્ટ આઇપીએલ ફરી ૧૭મી મેએ શરૂ થશે અને ત્રીજી જૂને ફાઇનલ રમાશે. ફાઇનલ સહિત કુલ ૧૭ મૅચ રમાવાની બાકી છે જે માટે બેંગલૂરુ, જયપુર, દિલ્હી, લખનઊ, મુંબઈ અને અમદાવાદ નક્કી કરાયા છે.

પાકિસ્તાન સાથેના ટૂંકા યુદ્ધ બાદ હવે સરહદ પર શાંતિ પુનઃસ્થપાઈ રહી હોવાથી બીસીસીઆઇ તમામ વિદેશી ક્રિકેટ બોર્ડને આગ્રહ કરી રહ્યું છે કે તમે આઇપીએલ માટેના તમારા ખેલાડીઓ વહેલાસર ભારત પાછા મોકલો. એ જ રીતે ફ્રૅન્ચાઇઝીઓ પણ પોતાના વિદેશી ખેલાડીઓને આવો આગ્રહ કરી રહ્યા છે.

પાકિસ્તાન સાથેના જંગને પગલે કેટલાક વિદેશી ખેલાડીઓને (અમુક વિદેશી ક્રિકેટ બોર્ડને) ભારતમાં સલામતી બાબતમાં ચિંતા થઈ રહી હોવાથી બીસીસીઆઇ સંબંધિત વિદેશી બોર્ડને સિક્યૉરિટી વિશે ખાતરી આપી રહ્યું છે. એ જ પ્રમાણે, ફ્રૅન્ચાઇઝીઓએ પ્લેયર્સને આવી ખાતરી આપી છે.

બીસીસીઆઇના એક સૂત્રએ પીટીઆઇને મંગળવારે કહ્યું હતું કે 'અમને ખાતરી છે કે મોટા ભાગના વિદેશી ખેલાડીઓ ભારત પાછા આવશે.'

ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે ભારત પાછા જવું કે નહીં એનો નિર્ણય પોતાના ખેલાડીઓ પર છોડ્યો છે. જોકે એ નિર્ણયમાં સંબંધિત ખેલાડીઓના ક્રિકેટ બોર્ડની પણ મહત્ત્વની ભૂમિકા રહેશે.

પંજાબ કિંગ્સનો ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડર માર્કસ સ્ટોઇનિસ અને જોશ ઇંગ્લિસ કદાચ ભારત પાછા ન પણ આવે. જોકે હેડ-કોચ રિકી પૉન્ટિંગ તેમને પાછા બોલાવવા પૂરા પ્રયત્નો કરી રહ્યો છે. આ ટીમ ૨૦૧૪ પછી પહેલી વાર પ્લે-ઑફમાં પહોંચી શકે એમ છે.

ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે ૧૧મી જૂને લૉર્ડ્સમાં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલ રમાવાની છે એ જોતાં આ બે દેશના કોઈક ખેલાડી ત્રીજી જૂનની ફાઇનલ સુધી ભારતમાં રહેવાનું કદાચ પસંદ ન પણ કરે.

જોકે પૅટ કમિન્સ અને ટ્રૅવિસ હેડ હૈદરાબાદની ટીમ સાથે જોડાવા પ્રયત્નશીલ છે, જ્યારે બેંગલૂરુની ટીમમાં આન્દ્રે રસેલ અને સુનીલ નારાયણ પણ પાછા આવી રહ્યા છે. ઇંગ્લૅન્ડના જૉસ બટલર, જૅકબ બેથેલ અને વિલ જૅક્સ પાછા આવશે એમાં શંકા છે, કારણકે વેસ્ટ ઇન્ડિઝ સામેની સિરીઝ માટેની ઇંગ્લૅન્ડની ટીમમાં આ ત્રણેયનાં નામ સામેલ કરવામાં આવ્યા છે. ■

### આઇપીએલનું નવું શેડ્યૂલ

(૧) શનિવાર, ૧૭ મેઃ બેંગલૂરુમાં બેંગલૂરુ વિરુદ્ધ કોલકાતા, સાંજે ૭.૩૦
(૨) રવિવાર, ૧૮ મેઃ જયપુરમાં રાજસ્થાન વિરુદ્ધ પંજાબ, બપોરે ૩.૩૦
(૩) રવિવાર, ૧૮ મેઃ દિલ્હીમાં દિલ્હી વિરુદ્ધ ગુજરાત, સાંજે ૭.૩૦
(૪) સોમવાર, ૧૯ મેઃ લખનઊમાં લખનઊ વિરુદ્ધ હૈદરાબાદ, સાંજે ૭.૩૦
(૫) મંગળવાર, ૨૦ મેઃ દિલ્હીમાં ચેન્નઈ વિરુદ્ધ રાજસ્થાન, સાંજે ૭.૩૦
(૬) બુધવાર, ૨૧ મેઃ મુંબઈમાં મુંબઈ વિરુદ્ધ દિલ્હી, સાંજે ૭.૩૦
(૭) ગુરુવાર, ૨૨ મેઃ અમદાવાદમાં ગુજરાત વિરુદ્ધ લખનઊ, સાંજે ૭.૩૦
(૮) શુક્રવાર, ૨૩ મેઃ બેંગલૂરુમાં બેંગલૂરુ વિરુદ્ધ હૈદરાબાદ, સાંજે ૭.૩૦
(૯) શનિવાર, ૨૪ મેઃ જયપુરમાં પંજાબ વિરુદ્ધ દિલ્હી, સાંજે ૭.૩૦
(૧૦) રવિવાર, ૨૫ મેઃ અમદાવાદમાં ગુજરાત વિરુદ્ધ ચેન્નઈ, બપોરે ૩.૩૦
(૧૧) રવિવાર, ૨૫ મેઃ દિલ્હીમાં કોલકાતા વિરુદ્ધ હૈદરાબાદ, સાંજે ૭.૩૦
(૧૨) સોમવાર, ૨૬ મેઃ જયપુરમાં મુંબઈ વિરુદ્ધ પંજાબ, સાંજે ૭.૩૦
(૧૩) મંગળવાર, ૨૭ મેઃ લખનઊમાં લખનઊ વિરુદ્ધ બેંગલૂરુ, સાંજે ૭.૩૦
(૧૪) ગુરુવાર, ૨૯ મેઃ ક્વૉલિફાયર-વન
(૧૫) શુક્રવાર, ૩૦ મેઃ એલિમિનેટર
(૧૬) રવિવાર, ૧ જૂનઃ ક્વૉલિફાયર-ટૂ
(૧૭) મંગળવાર, ૩ જૂનઃ ફાઇનલ

**નોંધઃ** છેલ્લી ચાર મૅચ (પ્લે-ઑફ)ના સ્થળ અને સમય હવે પછી નક્કી થશે.

# રોહિત-વિરાટ ૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ રમતા જોવા મળશે? ગાવસકરની પ્રતિક્રિયા ચિંતા કરાવે છે

## ▶ લિટલ માસ્ટરે બુમરાહને ટેસ્ટની કૅપ્ટન્સી સોંપવા વિશે રસપ્રદ કારણ બતાવ્યું



નવી દિલ્હીઃ ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકરનું માનવું છે કે ટી-૨૦ બાદ હવે ટેસ્ટ-ક્રિકેટમાંથી પણ સંન્યાસ લઈ લેનાર રોહિત શર્મા અને વિરાટ કોહલી ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપમાં રમતા કદાચ ન પણ જોવા મળે. લિટલ માસ્ટરે કહ્યું છે કે જો સિલેક્ટરોને એ સમયે એવું લાગશે કે આ દિગ્ગજો વન-ડે ટીમમાં સારું એવું યોગદાન આપી શકશે તો આ બન્ને ખેલાડી ટીમમાં અચૂક જોવા મળશે.

ગાવસકરના નિવેદનને અલગ રીતે જોઈએ તો તેમનું કહેવું છે કે આ બન્ને કાબેલ બૅટ્સમેન ટી-૨૦ અને ટેસ્ટમાંથી રિટાયર થઈ ગયા હોવાથી વન-ડે વર્લ્ડ કપ માટેની ટીમમાં તેમના સમાવેશ પર અસર જોવા મળી શકે.

ગાવસકરે તો એક જાણીતા સામયિકને ચોખ્ખું કહ્યું છે કે તેમને નથી લાગતું કે રોહિત-વિરાટ વન-ડેના ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમતા જોવા મળશે. સનીએ મુલાકાતમાં એવું પણ જણાવ્યું છે કે 'મને નથી લાગતું કે આ બન્ને પ્લેયર હવે ક્યાં સુધી રમશે. હા, આવતા એક વર્ષમાં તેઓ બહુ સારી લયમાં રમતા જોવા મળશે અને (વન-ડેમાં) શાનદાર સદીઓ ફટકારશે તો ભગવાન પણ તેમને વન-ડેના ૨૦૨૭ના વર્લ્ડ કપની ટીમની બહાર નહીં કરી શકે.'

રોહિત અને વિરાટે ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપના ચૅમ્પિયનપદ બાદ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાનું છોડી દીધું હતું અને તાજેતરમાં ભારતને વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી અપાવી હતી અને તાજેતરમાં તેમણે વારાફરતી જાહેરાત કરીને ટેસ્ટ-ક્રિકેટને અલવિદા કરી છે.

ગાવસકરનું એવું માનવું છે કે 'તાજેતરની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તો રોહિત-કોહલીએ ભારતને ટ્રોફી અપાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું, પરંતુ ૨૦૨૭નો વન-ડેનો વર્લ્ડ કપ હજી દૂર છે. ત્યારે સિલેક્શન કમિટી ટીમ નક્કી કરવા બેસશે ત્યારે તેમને લાગશે કે આ બન્ને દિગ્ગજો હજી પણ વન-ડેમાં સારું રમી શકે એમ છે તો જ તેમને સ્ક્વૉડમાં સમાવશે. હું ક્યારેય સિલેક્ટર નથી બન્યો એટલે સિલેક્ટરના દૃષ્ટિકોણ વિશે ખાસ કંઈ તો ન કહી શકું, પણ જો તમે ટીમનો વિકાસ જોવા માગતા હશો અને ટીમને વેગપૂર્વક આગળ વધતી જોવા માગશો તો તમે એ પણ માનતા હશો કે ક્યારેક પરિસ્થિતિ અનુસાર કઠોર નિર્ણયો લેવા પડતા હોય છે.'

ગાવસકરે રોહિત-કોહલી વિશે એવું પણ કહ્યું કે 'કોઈ પણ ખેલાડી પોતાની શરતે (પોતાની મરજી મુજબ) નિવૃત્તિ લેવા માગતો હોય છે અને રોહિત-કોહલીએ એવું જ કર્યું છે.'

ગાવસકરના મતે જસપ્રીત બુમરાહ વારંવાર ઈજા પામતો હોવા છતાં રોહિત પછી હવે તે જ ટેસ્ટ-કૅપ્ટન બનવા માટે યોગ્ય છે. સનીએ કહ્યું છે, 'મારી દૃષ્ટિએ જસપ્રીત બુમરાહ જ ટેસ્ટનો કૅપ્ટન બનવો જોઈએ. જો કોઈ બીજાને કૅપ્ટન બનાવવામાં આવશે તો તે બુમરાહ પાસે વધુ એક ઓવર કરાવવાનું પસંદ કરશે જ, કારણકે તે નંબર-વન બોલર છે. તે વિકેટ લેવા માટે સક્ષમ હોવાથી કોઈ પણ સુકાની તેની પાસે વધુ બોલિંગ કરાવવાનું ઇચ્છશે. જો ખુદ બુમરાહ કૅપ્ટન હશે તો તે પોતે જાણતો હશે કે ક્યારે બ્રેક લેવો અને ક્યારે નહીં. પોતાના શરીર વિશે તે ખુદ સૌથી વધુ જાણતો હશે અને પોતાની જવાબદારી વિશે પણ વધુ વાકેફ હશે.' ■

### કોહલીની કૅપ્ટન્સીમાં ૧૩ ખેલાડીના ડેબ્યૂ

ટેસ્ટ-ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરનાર કોહલીએ વિશે અનોખી કહી શકાય એવી એક જાણકારી ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સાથે સંકળાયેલા મુંબઈના જાણીતા સ્કોરર દીપક જોશીએ 'મુંબઈ સમાચાર'ને આપી છે. તેમણે જણાવ્યું છે કે ૧૩ ખેલાડીઓએ વિરાટ કોહલીની કૅપ્ટન્સીમાં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતુંઃ કર્ણ શર્મા, નમન ઓઝા, જયંત યાદવ, કરુણ નાયર, હાર્દિક પંડ્યા, જસપ્રીત બુમરાહ, રિષભ પંત, હનુમા વિહારી, પૃથ્વી શૉ, શાર્દુલ ઠાકુર, મયંક અગરવાલ, શાહબાઝ નદીમ અને અક્ષર પટેલ.

કોહલીએ ૨૦૧૪થી ૨૦૧૯ દરમ્યાન પંચાવન ટેસ્ટમાં ૨૧ સેન્ચુરી ખડકી દીધી હતી, એમાં (ભારતીયોમાં સૌથી વધુ) સાત ડબલ સેન્ચુરી સામેલ હતી, તેણે છ ડબલ સેન્ચુરી માત્ર બાવીસ ટેસ્ટમાં ફટકારી હતી, ભારતીય ટેસ્ટ ખેલાડીઓમાં કોહલીની ૪૬.૮૫ની બૅટિંગ-ઍવરેજ સચિન (૫૩.૭૮), દ્રવિડ (૫૨.૩૧), ગાવસકર (૫૧.૧૨) પછી ચોથા નંબરે હતી, ૫૦ ટેસ્ટમાં સૌથી વધુ રન કરનારાઓમાં તે ૩,૩૦૯ રન સાથે ગૅરી સોબર્સ (૩,૨૯૧ રન), સ્ટીવ સ્મિથ (૩,૨૮૯) અને મોહમ્મદ યુસુફ (૩,૨૫૩) કરતાં ચડિયાતો હતો. ■

# વકાર, મિસબાહ, સક્લેન, સરફરાઝ, શોએબની પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે કરી હકાલપટ્ટી

## ▶ ૫૦-૫૦ લાખ રૂપિયાના પગારવાળા પાંચેય દિગ્ગજ ક્રિકેટરના મેન્ટર તરીકેના કામથી પીસીબી ખુશ નહોતું

લાહોરઃ ભારતના સશસ્ત્ર દળોના હાથે માર ખાઈને પાકિસ્તાન અનેક રીતે પાયમાલ થઈ ગયું છે એને પગલે પાકિસ્તાન ક્રિકેટ પણ ગંભીર હાલતમાં આવી ગયું છે. દેશના સૌપ્રથમ ચૅમ્પિયન્સ વન-ડે કપ માટે પ્રત્યેક સ્થાનિક ટીમ માટે પાકિસ્તાનના દિગ્ગજ ખેલાડીઓને મેન્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને દરેક માટે મહિનાનો ૫૦ લાખ રૂપિયાનો પગાર નક્કી થયો હતો, પરંતુ મંગળવારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ દરેક મેન્ટરની તેમના હોદ્દા પરથી હકાલપટ્ટી કરી છે.

૫૦-૫૦ ઓવરની સ્પર્ધા માટેની ટીમોના મેન્ટર (માર્ગદર્શક) તરીકે જેમની નિમણૂક કરાઈ હતી એમાં વકાર યુનુસ, મિસબાહ-ઉલ-હક, સક્લેન મુશ્તાક, સરફરાઝ અહમદ અને શોએબ મલિકનો સમાવેશ છે.

એ તો નક્કી છે કે ભારત સાથે કારણ વિના યુદ્ધનું દુઃસાહસ કરીને પાકિસ્તાને પોતે જ પોતાને ત્યાં ખાનાખરાબીને આમંત્રણ આપ્યું છે. હવે પાકિસ્તાને બેઠાં થવા માટે કરોડો રૂપિયાની જરૂર પડશે એટલે બની શકે કે અત્યારથી ઠેકઠેકાણેથી પૈસાની બચત કરવાના હેતુસર લાખો રૂપિયાના પગારવાળા આ પાંચેય મેન્ટરને તેમના પદ પરથી હાંકી કાઢવામાં આવ્યા છે.

પીટીઆઇના અહેવાલ મુજબ એક સૂત્રએ પીસીબીના ચૅરમૅન મોહસિન નકવીએ આ પાંચ મેન્ટરને પોતપોતાની ટીમના મેન્ટર તરીકેની જવાબદારી માટે ચોક્કસ દિવસો ફાળવવા ઉપરાંત મીડિયામાં અમુક પ્રકારની ભૂમિકા ભજવવાનું કહ્યું હતું તેમ જ બીજી કેટલીક જવાબદારીઓ પણ સોંપી હતી. જોકે મોહસિન નકવીની પીસીબીના અધિકારીઓ સાથેની બેઠકમાં એવી સહમતી સાધવામાં આવી હતી કે આ તમામ મેન્ટર માટે (૫૦-૫૦ લાખ રૂપિયાનો) જે માસિક પગાર નક્કી કરાયો છે એ ફોગટમાં જઈ રહ્યો છે, કારણકે તેમણે આજ સુધી જોઈએ એવું કામ કર્યું જ નથી.

શોએબ મલિકે મેન્ટર તરીકેની જવાબદારી અદા કરવાને બદલે નૅશનલ ટી-૨૦ ચૅમ્પિયનશિપમાં સિયાલકોટ ટીમની કૅપ્ટન્સી સંભાળવાની જીદ પકડી હતી જેને લીધે પીસીબીના અધિકારીઓ નારાજ હતા. ■

# ભારતીય મૂળના ક્રિકેટર અર્જુન મેનનની માલવીમાં 'હત્યા'



સિંગાપોરઃ થોડા વર્ષો પહેલાં સિંગાપોર વતી ક્રિકેટ રમી ચૂકેલા ભારતીય મૂળના વિકેટકીપર-બૅટ્સમૅન અર્જુન મેનનનું માલવી દેશના પાટનગર બ્લૅન્ટાયરમાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હોવાનું મનાય છે અને પોલીસ એ કિસ્સામાં તપાસ કરી રહી છે.

કેટલાક અહેવાલો મુજબ પૂર્વ આફ્રિકાના દેશ માલવીમાં અર્જુનની તેમના ઘરમાં હત્યા થઈ હોવાની જાણકારી માલવી નૅશનલ કાઉન્સિલ ઑફ સ્પોર્ટ્સે આપી હતી.

અર્જુન ૪૮ વર્ષના હતા. તેઓ માલવીના ક્રિકેટ ઑપરેશન્સ વિભાગના ડિરેક્ટર હતા. ભૂતકાળમાં તેમણે ચિલી બૉટ્સવાના અને ઇન્ડોનેશિયા જેવા ક્રિકેટના નાના દેશોની આંતરરાષ્ટ્રીય ટીમોને તાલીમ આપી હતી. આ દેશોની ટીમોને કોચિંગ આપ્યા બાદ ૨૦૨૦માં તેઓ માલવીની ક્રિકેટમાં જોડાયા હતા.

માલવી ક્રિકેટ બોર્ડના પ્રમુખ વિવેક ગણેશન પણ ભારતીય મૂળના છે. તેમણે એક મુલાકાતમાં કહ્યું હતું કે 'ક્રિકેટમાં માલવી નવો દેશ છે, પણ આ રમતમાં માલવીએ જે પણ સફળતાઓ મેળવી છે એનું શ્રેય અર્જુનને ફાળે જાય છે.' ૨૦૧૭ની સાઉથ-ઇસ્ટ એશિયન ગેમ્સમાં મેનને સિંગાપોરની ટીમને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

સપ્ટેમ્બર, ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપ માટે આફ્રિકા ખંડની જે સબ-રિજનલ ક્વૉલિફાઇંગ ટૂર્નામેન્ટ યોજાઈ હતી એમાં તાન્ઝાનિયાની ટીમ ચૅમ્પિયન બની હતી, જ્યારે માલવીની ટીમ રનર-અપ હતી. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PALE | હથેળી |
| PAIL | મિત્ર |
| PLEA | નિસ્તેજ, ઝાંખું |
| PAL | અરજી, દલીલ |
| PALM | બાલદી |

### ઓળખાણ પડી?



અલગ અલગ સમયે ભારત અને પાકિસ્તાન વતી ટેસ્ટ ક્રિકેટ રમતા ખેલાડીની ઓળખાણ પડી? પાકિસ્તાની ટીમના કેપ્ટન બન્યા હતા.

અ) ઈસરાર અલી બ) હનીફ મોહમ્મદ ક) અબ્દુલ કારદાર ડ) ખાલિદ ઈબાદુલ્લા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | ગ | ૨ ત | ૩ વા | ર | ■ | ૪ કા | ર્ય | ૫ વા | ૬ હી |
| શે | ■ | ૭ ડ | ર | ■ | ૮ પ્ર | થા | ■ | ૯ ચા | રા |
| ૧૦ ષ | ૧૧ ટ | કો | ણ | ■ | કાં | ■ | ૧૨ આ | ળ | સ |
| ૧૩ તા | પ | ■ | ■ | ૧૪ ઝ | ડ | ૧૫ પ | ■ | ■ | ત |
| ■ | ૧૬ કું | ૧૭ જ | ૧૮ ર | ■ | ■ | ૧૯ નિ | ર્દો | ષ | ■ |
| ૨૦ મા | ■ | ૨૧ ખ | મ | તી | ૨૨ ધ | ર | ■ | ■ | ૨૩ નિ |
| ૨૪ હિ | ૨૫ ક | મ | ત | ■ | બ | ■ | ૨૬ વ | ર | વા |
| ૨૭ ત | મ | ■ | ■ | ૨૮ એ | કા | વ | ન | ■ | પાં |
| ૨૯ ગા | ર | ૩૦ મા | ૩૧ ટી | ■ | ર | ■ | ■ | ૩૨ સા | જ |
| ૩૩ ર | ખ | ડ | પ | ટ્ટી | ■ | ૩૪ શ્ર | દ્ધાં | જ | લિ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | | ■ | ૬ |
| | ■ | ૭ | ૮ | ■ | ૯ | | ■ | ■ | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | | ■ | ૧૩ | |
| | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | | |
| ■ | ૧૭ | | | | ■ | ૧૮ | | | ■ |
| ૧૯ | | ■ | | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ |
| | ■ | ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | ૨૭ | ■ | | ■ | ૨૮ | | |
| | ■ | ■ | | ■ | ૨૯ | ૩૦ | ■ | | ■ |
| ■ | ૩૧ | | | | ■ | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. સાથ (૩)
૩. નડતર, ડખલ, હરકત (૪)
૭. નડે, ખૂંચે (૨)
૯. એક ઉડતું જીવડું (૨)
૧૦. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ (૨)
૧૧. ઠેકાણું, વાર્તા (૪)
૧૩. પૈસા, કિંમત (૨)
૧૪. ઈજારો, કોન્ટ્રેક્ટ (૨)
૧૫. ભરપેટ, ખૂબ, યથેચ્છ મિજબાની (૪)
૧૭. એક વિદેશી ફળ (૪)
૧૮. તીર નિશાના પર --- જોઈએ (૩)
૧૯. દેગ, પહોળા મોંનું વાસણ (૨)
૨૦. એકાણું પછીની સંખ્યા (૨)
૨૩. સાચા (૨)
૨૪. કંઠ, સ્વર, શોભા (૩)
૨૬. ચોખ્ખું, ખલાસ (૪)
૨૮. ભેટ (૩)
૨૯. ---- લાઈટમાં ઝાંખો પ્રકાશ દેખાય (૨)
૩૧. કાર્યક્રમ, પ્રોસિજર (૪)
૩૨. યુદ્ધ વખતે વાગે (૪)

**ઊભી ચાવી**

૧. નિર્દય, પથ્થર હૃદયી (૪)
૨. મોકો (૨)
૪. બાર નંગ એટલે --- (૩)
૫. છોકરાંની એક રમત (૬)
૬. રહેવાનું સ્થાન, મુકામ (૪)
૮. જ્યાં ત્યાં, ઠેકાણે ઠેકાણે (૫)
૧૩. નૃત્ય કરવું (૩)
૧૨. ખૂબ જ થાક, શ્રમ (૩)
૧૬. કવિ દુલા ભાયા .... (૨)
૧૭. સાપ (૨)
૧૯. તપાસ, પરીક્ષણ (૪)
૨૦. ભાષા શીખવા કક્કો --- ભણવાં પડે (૪)
૨૧. માત્ર (૩)
૨૨. દર્પણ, પાસાદાર મિશ્ર ધાતુ (૨)
૨૪. 'હસવું'નું આજ્ઞાર્થ (૨)
૨૫. સતત, એકધારું (૪)
૨૭. સ્પર્ધામાં ---- મહેનત કરવી પડે (૩)
૩૦. હરસનું દરદ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'પરિવારમાં આપસી અદાવત સારી નહીં' પંક્તિમાં અદાવત શબ્દનો અર્થ જણાવો.

અ) વેર બ) અકળામણ ક) અદાલત ડ) મતભેદ

### માતૃભાષાની મહેક

માટી એટલે ધૂળ પ્રચલિત અર્થ છે. જોકે, માટી - માટીડો એટલે પુરુષ - મરદ કે ધણી - વર તેમજ શૂરો એવો અર્થ પણ છે. અસલના વખતમાં સ્ત્રી એકલી બહાર ન જતી, નાના છોકરાને સાથે લઈને નીકળતી. પોતાની સાથે રક્ષણ કરનાર કોઈ છે એવી એના હૈયે ધરપત રહેતી. 'મૂઠી જેવડોય માટી સાથે હોય પછી ભો નહીં'. ગણે તે ઉંમરનો પુરુષ સાથે હોય એ સ્ત્રી માટે સુરક્ષા કવચ માનવામાં આવતું.

### સુડોકુ-૮૦૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૬ | | ૩ | ૮ | ૧ | | |
| | ૧ | | | ૬ | | | | ૨ |
| ૩ | ૯ | | | | | | | |
| | ૩ | | ૬ | | | | | |
| ૭ | | | ૩ | | ૪ | | | ૬ |
| | | | | | ૨ | | ૩ | |
| | | | | | | | ૭ | ૩ |
| ૫ | | | | ૯ | | | ૨ | |
| | | ૩ | ૪ | ૭ | | ૬ | ૯ | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૫ | ૨ | ૬ | ૩ | ૪ | ૯ | ૮ |
| ૮ | ૩ | ૪ | ૭ | ૫ | ૯ | ૬ | ૧ | ૨ |
| ૨ | ૯ | ૬ | ૪ | ૮ | ૧ | ૭ | ૩ | ૫ |
| ૪ | ૧ | ૯ | ૬ | ૩ | ૨ | ૮ | ૫ | ૭ |
| ૩ | ૨ | ૮ | ૫ | ૭ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૯ | ૮ | ૩ | ૨ | ૪ |
| ૫ | ૮ | ૩ | ૯ | ૧ | ૭ | ૨ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૧ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૧ | ૩ | ૨ | ૬ | ૫ | ૮ | ૯ |

### ગુજરાત મોરી મોરી રે

'સુખના દિવસો પછી દુઃખના આવે જ' એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

દિવસની ચાંદની ફિર રાત ચાર અંધારી

### ઈર્શાદ

એ અધવચથી જ મારા દ્વાર પર પાછા ફરી આવે,
એવું કોઈ માર્ગમાં અપશુકન થઈ જાય તો સારું.
-- નાઝિર 'દેખૈયા'

### માઈન્ડ ગેમ

એકથી વધુ ખંડમાં વિસ્તાર ધરાવતા દેશ ટ્રાન્સ કોન્ટિનેન્ટલ કન્ટ્રી કહેવાય છે. એશિયા અને યુરોપમાં ફેલાયેલા દેશને ઓળખી કાઢો.

અ) ઈક્વાડોર બ) કોલંબિયા ક) જ્યોર્જિયા ડ) સાયપ્રસ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| GRADE | દરજ્જો |
| GRACE | મોહકતા |
| GRAVE | કબર |
| GREED | લોભ |
| GRIND | દળવું |

ગુજરાત મોરી મોરી રે
કુંભાર રીસે બળે ત્યારે ગધેડીના કાન આમળે

ઓળખાણ પડી?
એન્જિનિયર

માઈન્ડ ગેમ
કુવૈત

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પથ્થર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલારાજ કપૂર (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ હર્ષા મહેતા (૭) ધીરેન ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મહેન્દ્ર લોઢાવિયા (૧૫) મહેશ દોશી (૧૬) પુષ્પા પટેલ (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) શ્રદ્ધા આશર (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) પ્રવીણ વોરા (૨૨) મીનળ કાપડિયા (૨૩) કિશોર બી. સંઘરાજકા (૨૪) ભાવના કર્વે (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) નુતન વિપીન શાહા (૩૧) હેમા હરીશ ભટ્ટ (૩૨) અલકા વાણી (૩૩) અંજુ ટોલિયા (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) રમેશ દલાલ (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) હિના દલાલ (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) વિણા સંપટ (૪૫) અંબરીશ ઓઝા (૪૭) નિતિન બજરિયા (૪૮) જયશ્રી ભાવેશી (૪૯) વિજય આસર (૫૦) જગદીશ ઠક્કર (૫૧) અરવિંદ કામદાર

# મુખ્ય પ્રધાનની આગેવાનીમાં અમદાવાદમાં ૨૨૦૦ ફૂટના રાષ્ટ્ર ધ્વજ સાથે બે કિમી લાંબી તિરંગા યાત્રા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જમ્મુ-કાશ્મીરના પહલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ઓપરેશન સિંદૂર મારફત ભારતીય સેનાએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતીય સેનાનાં પરાક્રમને બિરદાવવા અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. શહેરના નવા વાડજ વ્યાસવાડી ચાર રસ્તાથી આરટીઓ સર્કલ થઈ સુભાષબ્રિજ સુધી બે કિલોમીટર લાંબી યાત્રા યોજાઈ હતી.

તિરંગા યાત્રામાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, કેબિનેટ પ્રધાનો, ધારાસભ્યો, કોર્પોરેટરો સહિત મોટી સંખ્યામાં લોકો આ યાત્રામાં જોડાયા હતા. મુખ્ય પ્રધાને યાત્રાના પ્રસ્થાન પહેલા ઓપરેશન સિંદૂર શરૂ કરવા અંગે વડા પ્રધાન મોદી અને ભારતીય સેનાને ગુજરાતની જનતા તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

યાત્રામાં ૬૮૦ મીટર એટલે કે ૨૨૦૦ ફૂટથી વધુ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે અમદાવાદ મનપા સ્કૂલ બોર્ડના શિક્ષકો જોડાયા હતા. મુસ્લિમો પણ યાત્રામાં જોડાયા હતા. યાત્રામાં જોડાયેલા લોકોએ 'ભારત માતા કી જય અને વંદે માતરમ'ના નારા લગાવ્યા હતા. યાત્રાના રૂટમાં રોડની બંને તરફ લોકોએ હાથમાં તિરંગો લઈ યાત્રાને આવકારી હતી.

યાત્રાની શરૂઆત પહેલા આરટીઓ સર્કલથી રાણીપ ડી-માર્ટ તરફ વાહનોની લાંબી લાઇન લાગી હતી. જ્યારે યાત્રા આરટીઓ સર્કલ અને ચીમનભાઈ બ્રિજ પાસેથી પસાર થઈ હતી તે દરમિયાન થોડીવાર માટે વાહન વ્યવહાર રોકી દેવામાં આવ્યો હતો. જ્યારે યાત્રા પૂર્ણ થયા બાદ પણ સુભાષબ્રિજ સર્કલ પાસે ટ્રાફિક જામનાં દૃશ્યો સર્જાયાં હતા. ■

# ગુજરાત હાઈ કોર્ટે રાજકોટની દુષ્કર્મ પીડિતા સગીરાને ૩૩ સપ્તાહના ગર્ભપાતની મંજૂરી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઇકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. ગુજરાત હાઇ કોર્ટનાં જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈએ રાજકોટની એક ૧૩ વર્ષીય દુષ્કર્મ પીડિતા સગીરાને તેના ૩૩ સપ્તાહના ગર્ભના ગર્ભપાતની મંજૂરી આપી હતી. મેડિકલ ટર્મીનેશન ઓફ પ્રેગ્નન્સીન અમેન્ડિમેન્ટી બિલની જોગવાઈ હેઠળ સામાન્ય સંજોગોમાં ૨૪ સપ્તાહ સુધીના ગર્ભપાતની મંજૂરી હોય છે, પરંતુ હાઇકોર્ટે પીડિતાની વિશિષ્ટ પરિસ્થિતિ અને મેડિકલ રિપોર્ટને ધ્યાનમાં લઈને આ નિર્ણય કર્યો હતો.

આ અંગે હાઇ કોર્ટે આદેશ આપ્યો હતો કે પીડિતા અને તેના વાલીને ગર્ભપાતના જોખમ સહિતના તમામ પાસાં તેઓ સમજી શકે તેવી ભાષામાં સમજાવવામાં આવે અને તેમની લેખિત સંમતિ મેળવ્યા બાદ જ ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરવામાં આવે. રાજકોટની પીડીયુ જનરલ હોસ્પિટલના સિનિયર મોસ્ટ ગાયનેકોલોજીસ્ટ અને સાયકોલોજીસ્ટ સહિતના નિષ્ણાત તબીબોની ટીમને ગર્ભપાત દરમિયાન હાજર રહેવા અને પીડિતાની ઉંમરને ધ્યાનમાં રાખીને તેની ખાસ કાળજી લેવા અને ધ્યાન રાખવા પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

૧૩ વર્ષીય સગીરા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજીમાં હાઇકોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું કે પાડોશમાં રહેતા આરોપીએ તેની કુમળી વય અને માનસિકતાનો ગેરલાભ ઉઠાવીને દુષ્કર્મ આચર્યું હતું, જેના કારણે તે ગર્ભવતી બની હતી. પીડિતાની માનસિક, સામાજિક અને શારીરિક સ્થિતિ અને સંજોગોને જોતાં તે બાળકને જન્મ આપવા ઇચ્છતી નથી અને ગર્ભપાત કરાવવા માગે છે. આ અરજી અંગે હાઇકોર્ટે રાજકોટની પીડીયુ જનરલ હોસ્પિટલને પીડિતાની મેડિકલ તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું હતું. સરકાર તરફથી રજૂ કરેલા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે પીડિતાને ૩૩ સપ્તાહનો ગર્ભ છે અને ગર્ભપાતમાં ઊંચું જોખમ રહેલું છે. ગર્ભનું વજન ૧.૯૯ કિલો છે અને પીડિતા એનિમિયા અને માઈલ્ડ ઇન્ટેલેક્ચુઅલ ડિસેબિલિટીથી પણ પીડિત હોવાનું સામે આવ્યું હતું. નિષ્ણાત ડોક્ટરોની પેનલે રિપોર્ટમાં સૂચવ્યું હતું કે એનિમિયાનું મૂલ્યાંકન અને સુધારણા કર્યા બાદ ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરી શકાય છે.

આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને હાઇકોર્ટે સગીરાના ૩૩ સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે મંજૂરી આપી હતી અને ઓપરેશન કે પ્રક્રિયા દરમિયાન લોહીની વ્યવસ્થા રાખવા અને અનુભવી ડોક્ટરોને હાજર રહેવા ખાસ તાકીદ કરી હતી. હાઇકોર્ટનો આ ચુકાદો દુષ્કર્મ પીડિત સગીરાને ન્યાય અપાવવામાં અને તેના શારીરિક તથા માનસિક સ્વાસ્થ્યને જાળવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. ■

# અમદાવાદમાં આજથી સાબરમતી નદીની સફાઈ શરૂ

## પાંચમી જૂન સુધી સ્વચ્છતા અભિયાન ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના મધ્યમાંથી વહેતી સાબરમતી નદીને ૧૪મી મેથી સાફ કરવાની શરૂઆત કરવામાં આવશે. આ નિર્ણય પાછળનું કારણ એ છે કે રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા વાસણા બેરેજના દરવાજાના સમારકામ અને ઉપરવાસમાં માટીના રેમ્પની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય આથી નદીને સંપૂર્ણપણે ખાલી કરવામાં આવશે. આ મહત્ત્વપૂર્ણ કામગીરી આગામી ૫મી જૂન સુધી ચાલશે.

પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદ શહેરના મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદીને સ્વચ્છ કરવાની કામગીરી ૧૪મી મેથી શરૂ થશે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જણાવ્યા અનુસાર, વાસણા બેરેજના દરવાજાના રિપેરિંગ અને ઉપરવાસમાં માટીના રેમ્પની કામગીરી આગામી ૫મી જૂન સુધી ચાલશે. આ કામગીરી માટે રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા સાબરમતી નદી ખાલી કરવામાં આવી છે, જેના પગલે હવે નદીને તબક્કાવાર સાફ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં સુભાષબ્રિજથી લઈને ગાંધીઆશ્રમ વચ્ચેના ભાગમાં સફાઈની શરૂઆત થશે અને નદીમાં રહેલો કચરો તેમજ કાંપ દૂર કરવામાં આવશે. જો કે, આ સફાઈ અભિયાનમાં કોઈ ભાજપના પદાધિકારીઓ કે અન્ય કોઈ સંસ્થા જોડાશે કે કેમ તે અંગે રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા હજી સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

આ સમયગાળા દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા સંયુક્ત રીતે નદીના પટને સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. નોંધનીય છે કે નદીના પટને સ્વચ્છ કરવાની આ કામગીરીમાં જનભાગીદારીને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. આ કામગીરીને કારણે સુભાષ બ્રિજથી લઈને વાસણા બેરેજ સુધીનો સમગ્ર નદીનો વિસ્તાર લગભગ પાણી વિનાનો થઈ જશે. ■

# ગુજરાત સરકાર દર વર્ષે ૭૦ હજાર નાગરિકોને સિવિલ ડિફેન્સની તાલીમ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઓપરેશન સિંદૂર બાદ ગુજરાત સરકારે એક મહત્ત્વનો નિર્ણય લીધો હતો. સરકાર દ્વારા મજબૂત સિવિલ ડિફેન્સને પ્રાથમિકતા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રાજ્યમાં દર વર્ષે લગભગ ૭૦,૦૦૦ લોકોને સિવિલ ડિફેન્સની તાલીમ આપવામાં આવશે. રાજ્યમાં વિવિધ પ્રકારની ઈમર્જન્સી ઘટનાઓને પહોંચી વળવા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સંખ્યા હાલમાં તાલીમ પામી રહેલા ૧૫૦૦ વ્યક્તિઓની સરખામણીએ ખૂબ વધારે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે અચાનક વધેલા તણાવે કટોકટીના સમયે રાષ્ટ્રની સેવા કરી શકે તેવા તાલીમ પામેલા કર્મચારીઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ઓપરેશન સિંદૂર બાદ રાજ્યમાં સિવિલ ડિફેન્સ મિકેનિઝમને મજબૂત બનાવવાની જરૂરિયાત અનુભવાઈ હતી.

સૂત્રોના કહેવા પ્રમાણે, રાજ્યમાં દર ૧૦૦૦ વ્યક્તિઓ દીઠ એક વ્યક્તિને સિવિલ ડિફેન્સ પ્રક્રિયાઓ અને પ્રોટોકોલની તાલીમ આપવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું છે. હાલમાં તાલીમ પામી રહેલા ૧૫૦૦ વ્યક્તિઓના બદલે દર વર્ષે આશરે ૭૦,૦૦૦ વ્યક્તિઓને સિવિલ ડિફેન્સ પ્રક્રિયાની તાલીમ આપવામાં આવશે. હાલમાં, સિવિલ ડિફેન્સ તાલીમ ફક્ત ૧૪ જિલ્લાઓમાં જ આપવામાં આવે છે, પરંતુ સરકારનો ઉદ્દેશ્ય તમામ જિલ્લાઓને આવરી લેવાનો છે.

રાજ્ય સરકારે સિવિલ ડિફેન્સ તાલીમ માટે જરૂરી તમામ સાધનોની ખરીદી માટે જિલ્લા કલેક્ટરોને સત્તા આપી છે. હાલમાં, ફક્ત ૧૨ પ્રકારની તાલીમ આપવામાં આવી રહી છે, પરંતુ ઉદ્દેશ્ય નાગરિકોને બોમ્બ ડિસ્પોઝલ, ઇમરજન્સી ટ્રાન્સપોર્ટ, મહત્ત્વપૂર્ણ સંચાર સાધનો વગેરેમાં તાલીમ આપવાનો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સિવિલ ડિફેન્સના તાલીમ મોડ્યુલોને તમામ પ્રકારની કુદરતી અને માનવસર્જિત કટોકટીની પરિસ્થિતિઓને આવરી લેવા માટે સુધારવામાં આવશે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું હતું કે, ઓપરેશન સિંદૂર બાદ જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલતો હતો ત્યારે સરકારને પ્રતિસાદ મળ્યો હતો કે સિવિલ ડિફેન્સ તાલીમ પામેલા કર્મચારીઓની તીવ્ર અછત છે. સરકારે આધુનિક સિવિલ ડિફેન્સ તાલીમ આપવા માટે એસડીઆરએફ અને જીએસડીએમએમાંથી વિશેષ ભંડોળ આપવાનો નિર્ણય લીધો છે અને ટૂંક સમયમાં રાજ્યભરમાં ઓછામાં ઓછા ૧૫,૦૦૦ નવા સ્વયંસેવકોને તૈયાર કરવાનો લક્ષ્યાંક છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કટોકટીના સમયે સરળતાથી ઉપયોગી થઈ શકે તેવા કોમ્યુનિટી ગ્રુપ, એનસીસી, એનએસએસ, કોલેજો અને અન્ય ગ્રુપો સાથે જનભાગીદારી કરવામાં આવશે. ■

# રાજ્યમાં ૧૮થી ૨૦ જૂન શાળા પ્રવેશોત્સવ યોજાશે: ઉચ્ચ અધિકારીઓ શાળાની મુલાકાત લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં શાળા પ્રવેશોત્સવની તારીખ જાહેર કરવામાં આવી છે. રાજ્યમાં ૧૮ થી ૨૦ જૂન શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવશે. કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.

શહેરી-ગ્રામ્ય વિસ્તારનો સંયુક્ત શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવશે. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ અંતર્ગત પ્રત્યેક દિવસે એક પ્રાથમિક શાળા અને બે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવેશોત્સવની કામગીરી કરાવવામાં આવશે. વધુમાં જિલ્લા કક્ષાએથી આવનાર પદાધિકારીઓ અને અધિકારીઓના રૂટ તેમજ કીટ આપવાની કામગીરી જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સંકલનમાં રહીને કામગીરી કરવાની રહેશે.

શિક્ષણ વિભાગે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કેટલા વિદ્યાર્થીઓ બાલવાટીકા, ધોરણ-૧, ધોરણ-૯માં પ્રવેશ લેનાર છે, તેની આંકડાકીય માહિતીનું સંકલન કરવા માટે સર્વે કરવાનો આદેશ કર્યો છે.

સમાજના તમામ વર્ગોનાં સંતાનો માટે શિક્ષણ સરળ અને સુલભ બને, છેવાડાના પરિવારો અને ગામડાના વિદ્યાર્થીઓને ગુણવત્તા સભર શિક્ષણની સુવિધા આપીને સાક્ષરતા દરમાં વધુને વધુ વૃદ્ધિ કરવા શાળા પ્રવેશોત્સવનું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે. વડા પ્રધાન મોદીએ ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધારવા સાથે દીકરીઓના અભ્યાસને વેગ આપવા આ કાર્યક્રમની શરૂઆત કરી હતી.

રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડી છે. દીકરીઓ માટે નમો લક્ષ્મી યોજના તથા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નમો સરસ્વતી યોજના અમલી બનાવી છે. એટલું જ નહીં, ઉચ્ચ શિક્ષણ માટેની અનેકવિધ યોજનાઓ પણ રાજ્ય સરકારે શરૂ કરી છે. આજે બાળકને સ્માર્ટ ક્લાસ, કમ્પ્યુટર લેબ, સ્કીલ બેઈઝ્ડ એજ્યુકેશન શિક્ષકો દ્વારા સરકાર પૂરું પાડે છે. ■

# ગુજરાતમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી: ૩૦થી ૪૦ કિ.મી.ની ગતિથી પવન ફૂંકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લાં કેટલાક દિવસથી ગાજવીજ સાથે કમોસમી વરસાદ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે ફરી ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરી હતી. આ ઉપરાંત આગામી બે દિવસ થન્ડરસ્ટ્રોમ સાથે વરસાદની આગાહી કરી હતી.

હવામાન વિભાગની આગાહી અનુસાર, ૧૪મી મે બુધવારના રોજ કચ્છ, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડના છૂટાછવાયાં સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી છે. આ વિસ્તારોમાં ૩૦થી ૪૦ કિ.મી.ની ગતિથી પવન ફૂંકાશે.

તે ઉપરાંત ૧૫મી મેના રોજ અમરેલી, ભાવનગર, તાપી, નવસારી, ડાંગ અને વલસાડનાં છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી હતી. આ સિવાય રાજ્યના તમામ જિલ્લામાં શુષ્ક હવામાન રહેશે. ■

# લર્નિંગ ડ્રાઈવિંગ લાઇસન્સ માટે આરટીઓના ધક્કા ખાવાથી રાહત મળશે: ઘરે બેઠા જ ટેસ્ટ આપી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર સહિત સમગ્ર રાજ્યમાં દિન પ્રતિદિન વાહનોની સંખ્યા વધી રહી છે. વાહનો વધવાની સાથે લોકો લાઈસન્સ માટે પણ અરજી કરી રહ્યા છે. હાલ સ્કૂલ-કોલેજોમાં વેકેશન છે, જેના કારણે અમદાવાદ સહિત રાજ્યની તમામ આરટીઓમાં લર્નિંગ, પાકા લાઈસન્સ માટે વાહનચાલકો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. ગુજરાતમાં આવતા અઠવાડિયાથી લર્નિંગ લાઈસન્સ મેળવવું સરળ બનશે. મળતી વિગત પ્રમાણે, રાજ્યના પરિવહન વિભાગે હોમ-મેડ લર્નિંગ લાઈસન્સ પ્રોજેક્ટ શરૂ કરવા માટે સજ્જ છે, જેમાં અરજદારોને ઘરે બેઠા લેપટોપ દ્વારા તેમની ડ્રાઇવિંગ થિયરીની પરીક્ષા ઓનલાઇન આપવાની મંજૂરી આપવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અરજદારો હવે સારથી પોર્ટલ દ્વારા એપોઇન્ટમેન્ટ બુક કરીને લેપટોપ અથવા ડેસ્કટોપ કમ્પ્યુટરનો ઉપયોગ કરીને ઘરે બેઠા ઓનલાઇન પરીક્ષા આપી શકશે. એકવાર તેઓ પાસ થઈ જાય, પછી તેમની પાસે પાકા લાઈસન્સ માટે ટ્રેક ટેસ્ટ આપવા માટે ૩૦ દિવસનો સમય રહેશે. અત્યાર સુધી, ઓનલાઇન લર્નિંગ લાઈસન્સની પરીક્ષા ફક્ત નિયુક્ત આઇટીઆઇ અને પોલિટેકનિક સંસ્થાઓમાં જ લેવામાં આવતી હતી. અરજદારોએ સારથી પોર્ટલ પર દસ્તાવેજો અપલોડ કર્યા બાદ ફી ભરવી પડતી હતી. આ પછી પરીક્ષા માટે કેન્દ્રની મુલાકાત લેવાની હતી વિભાગે હોમ-મેડ લર્નિંગ લાઈસન્સમાં દસ્તાવેજો અપલોડ કરવાથી લઈને પરીક્ષા આપવા સુધીનું બધું જ ઓનલાઇન થશે.

આરટીઓનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અરજદારો પોર્ટલ પર લોગ ઇન કરી શકે છે, દસ્તાવેજો અપલોડ કરી શકશે, ફી ભરી શકશે. તેમજ ઓનલાઇન પરીક્ષાનું સમયપત્રક તેમની અનુકૂળતા મુજબ નક્કી કરી શકશે. પરીક્ષા કાર્યરત વેબકેમ ધરાવતા કમ્પ્યુટર પર જ આપવી પડશે.

તેમાં ૧૫ બહુ વિકલ્પીય પ્રશ્નો હશે, જેમાંથી પાસ થવા માટે ઓછામાં ઓછા નવના સાચા જવાબ આપવા પડશે. વેબકેમ આખી પ્રક્રિયા દરમિયાન ચાલુ રહેવું જોઈએ. કોઈપણ શંકાસ્પદ વર્તન આપોઆપ ગેરલાયક ઠરશે. સિસ્ટમને સપોર્ટ કરવા માટે એક મોબાઇલ એપ્લિકેશન પર કામ ચાલી રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હોમ-મેડ લર્નિંગ લાઈસન્સનો વિચાર ગયા વર્ષે જ રજૂ કરવામાં આવ્યો હતો. એક નિષ્ણાત પેનલે ડિસેમ્બર ૨૦૨૪માં ભલામણો સબમિટ કરી હતી. જો કે લોન્ચ જાન્યુઆરી માટે આયોજન કરવામાં આવ્યું હતું, તે હવે મે મહિનામાં શરૂ થઈ રહ્યું છે. હજારો અરજદારોને તેનો લાભ મળવાની અપેક્ષા છે.

આ પહેલા સરકારે અરજદારોને હેરાનગતિ અને બિનજરૂરી ખર્ચથી બચાવવા માટે આરટીઓ કચેરીઓમાં દલાલો પર પહેલેથી જ કાર્યવાહી કરી છે. ઘણા લોકો અગાઉ લાઈસન્સ મેળવવા અથવા વાહનની માલિકી ટ્રાન્સફર કરવામાં માટે એજન્ટો પર નિર્ભર રહેતા હતા. ■

# અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પરથી પાંચ નકલી કુલી ઝડપાયા: બેકારીને કારણે કામ કરતા હોવાની કબૂલાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં નકલીની ભરમાર વચ્ચે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પરથી નકલી કુલી ઝડપાયા હતા. નકલી કુલી અસલી કુલીનો વેશ ધારણ કરીને મુસાફરો પાસે સામાન ઉપાડવા માટે આવતા અને ભીડમાં ક્યાંક ગાયબ થઈ જતા હતા. આ અંગે પોલીસને મળેલી ફરિયાદ બાદ વોચ ગોઠવવામાં આવી હતી. જેમાં રેલવે પ્રોટેક્શન ફોર્સે મુખ્ય રેલવે સ્ટેશન પર લાઈસન્સ ધરાવતા પોર્ટર (કુલી) તરીકે ડોળ કરતા પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી હતી.

આ નવા કૌભાંડથી સ્ટેશન પરના મુસાફરો અને સત્તાવાર પોર્ટર (કુલી) તરીકે કામ કરતાં સમુદાયમાં ચિંતા ફેલાઈ હતી. કુલી એસોસિએશનના પ્રમુખના કહેવા પ્રમાણે, તેમણે તાજેતરમાં કેટલાક ચોરોને પોર્ટર તરીકે ડોળ કરીને સામાનની ચોરી કરતા જોયા હતા. આનાથી માત્ર મુસાફરોને જ નુકસાન નથી થતું પરંતુ અમારી છબી ખરડાઈ રહી છે. અમે અમારા સભ્યો સાથે એક બેઠક યોજી હતી અને તેમને સતર્ક રહેવાની સૂચના આપી હતી.

રેલવે પોલીસના અધિકારીઓએ પણ આવી ઘટનાઓ અંગે અનેક ફરિયાદો મળ્યાની પુષ્ટિ કરી હતી. આ અંગે રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે, અમે મુસાફરોને તેઓ તેમનો સામાન સોંપતા પહેલા હંમેશાં પોર્ટરના ઓળખ બેજ (બિલ્લા) નંબરની તપાસ કરવાની સલાહ આપીએ છીએ. અસલી કુલીઓએ તેમના બેજ સ્પષ્ટપણે દર્શાવવાના હોય છે, અને જો કોઈ તેને બતાવવાનો ઇનકાર કરે છે, તો તે એક રેડ એલર્ટ છે. વધતી ચોરીની ઘટનાઓને રોકવા માટે, આરપીએફ સ્ટેશન પર, ખાસ કરીને પીક અવર્સ દરમિયાન પેટ્રોલિંગ પણ વધારી દીધું છે. તેઓ કુલી એસોસિએશન સાથે પણ ગાઢ રીતે કામ કરી રહ્યા છે.

આરપીએફ સૂત્રોના જણાવ્યા અનુસાર, પાંચેય વ્યક્તિઓ વર્તમાન કુલીઓના નજીકના પરિચિતો છે અને લાયસન્સ ધરાવતા પોર્ટરોની કાર્યશૈલીનું અવલોકન કરીને અનૌપચારિક રીતે તાલીમ લીધી હતી. તેઓએ કબૂલ્યું હતું કે તેઓએ બેરોજગારીને કારણે આ કામ શરૂ કર્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કાલુપુર રેલવે સ્ટેશન પર લાઈસન્સ ધરાવતાં પોર્ટરોના પુત્રો તેમના પિતાના બિલ્લાનો ઉપયોગ બિનસત્તાવાર રીતે કામ કરવા માટે કરે છે. રેલવેના નિયમો મુજબ આ ગેરકાયદે છે. અમે મુસાફરોને તેઓ હંમેશાં પોર્ટરના બિલ્લાને ક્રોસ-ચેક કરે અને પછી જ તેમનો સામાન સોંપે તેવી સલાહ આપીએ છીએ. ■

# ભરૂચ ભાજપમાં આંતરિક વિખવાદ વકર્યો

## સંગઠનના હોદ્દેદારોની નિમણૂક મુદ્દે સાંસદ મનસુખ વસાવા નારાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભાજપના નવા સંગઠનની રચના બાદ ધીમે ધીમે અસંતોષ બહાર આવી રહ્યો છે. ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ સંગઠનના હોદ્દેદારોની નિમણૂક મુદ્દે સોશિયલ મીડિયામાં ખુલ્લી નારાજગી વ્યક્ત કરતાં ભરૂચ ભાજપમાં ભડકો થયો હતો. ઝઘડિયા અને વાલિયા તાલુકા સંગઠનના હોદ્દેદારોની નિમણૂક બાબતે જિલ્લા ભાજપ પ્રમુખની ઝાટકણી કાઢતી પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ કરતાં રાજકારણ ગરમાયું હતું. બીટીપી અને આપ જેવા અન્ય પક્ષમાંથી આવેલા કાર્યકરોને હોદ્દા આપવામાં આવ્યા હોવાનો તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો.

ભરૂચ લોકસભાના ભાજપ સાંસદ મનસુખ વસાવાએ સોશિયલ મીડિયા 'એક્સ' પર પોસ્ટ કરીને કહ્યું હતું કે, ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ તાલુકા સંગઠનમાં ભાજપના હોદ્દેદારોની વરણી કરી છે. તેમાં મોટાભાગના સ્થાનિક ધારાસભ્યો તેમજ સાંસદ તરીકે મને વિશ્વાસમાં લીધો નથી. જિલ્લા પ્રમુખ સાથે અમારી વારંવાર મીટિંગ થવા છતાં પણ ધારાસભ્યો અને અમારાં સૂચનોની અવગણના કરી છે. જિલ્લા પ્રમુખે તેમની આસપાસની ટોળકીનાં દબાણથી તાલુકા સંગઠનમાં હોદ્દેદારોની નિમણૂક કરી છે. આવનારા દિવસોમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં ભારે નુકસાન પહોંચાડશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભરૂચ આદિવાસી પ્રભુત્વ ધરાવતો જિલ્લો હોવા છતાં તાલુકા સંગઠનમાં આદિવાસી લોકોને ઓછું સ્થાન મળ્યું છે. વાલિયા તાલુકામાં તાલુકા પ્રમુખ તરીકે ક્ષત્રિય સમાજમાંથી નિમણૂક કરી છે. જેની સામે અમને કોઈ વાંધો નથી. પરંતુ બંને મહામંત્રી તરીકે આદિવાસીની નિમણૂક કરવાની હતી તેના બદલે મહામંત્રી પણ ક્ષત્રિય નિમ્યા છે. તેવી જ રીતે ઝઘડિયામાં આદિવાસી સમાજ અને પટેલ સમાજની અવગણના કરવામાં આવી છે. ઝઘડિયામાં પ્રમુખ સામાન્ય હોવાથી મહામંત્રી તરીકે આદિવાસીને પ્રાધાન્ય મળવું જોઈએ. ઝઘડિયામાં પટેલ સમાજ પ્રભુત્વ ધરાવતો હોવા છતાં અવગણના કરવામાં આવી છે. ■

# અમદાવાદમાં આજથી કેસર કેરી મહોત્સવ-૨૦૨૫નો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર અને અમદાવાદના નગરજનો ઉનાળાના બળબળતા તાપ વચ્ચે રસાયણમુક્ત મીઠી કેરીની જ્યાફત હવે ઘર આંગણે જ માણી શકશે. ગુજરાતમાં રસાયણમુક્ત કેરી પકવતા ખેડૂતો કેરીનું વેચાણ સીધું શહેરીજનોને કરીને પોષણક્ષમ ભાવ મેળવી શકે તે માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ખાતે કેસર કેરી મહોત્સવ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે યોજાનાર આ કેરી મહોત્સવનો કૃષિ પ્રધાન રાઘવજી પટેલ બુધવાર, તા. ૧૪ મે, ૨૦૨૫ના રોજ શુભારંભ કરાવશે. આ પ્રસંગે કૃષિ રાજ્ય પ્રધાન બચુભાઈ ખાબડ તેમજ કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્મા પણ ઉપસ્થિત રહેશે. આ કેસર કેરી મહોત્સવ આગામી તા. ૧૩ જૂન એટલે કે, એક મહિના સુધી ચાલશે.

કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં ઊભા કરાયેલા આશરે ૮૫ જેટલા સ્ટોલ ખેડૂત મંડળીઓ, નેચરલ ફાર્મિંગ એફપીઓ તેમજ કેરીનું ઉત્પાદન કરતા ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ મહોત્સવ માત્ર ખરીદીનો પોઈન્ટ જ નહીં, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બનશે.

આ મહોત્સવની મુલાકાત લઈ નગરજનો સીધા કેરી પકવતા ખેડૂતો પાસેથી તાજી અને કાર્બાઇડ ફ્રી કેરી ખરીદી શકશે. આ મહોત્સવમાં નાગરિકોને તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ ખરીદી માટે ઉપલબ્ધ થશે.

કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરી સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર કેસર કેરી મહોત્સવ જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ થઇ રહી છે. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ રસાયણમુક્ત અને પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રોત્સાહિત કરવા માટે આવા વિશેષ આયોજન હાથ ધરવામાં આવે છે. ■

# ગુજરાતના કર્મચારીઓની રજાઓ પુનઃસ્થાપિત: ભારત-પાક. તણાવ ઘટતા રાહત

અમદાવાદ: ભારત અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના તણાવભર્યા માહોલ બાદ ગુજરાત સરકારે રાજ્યના તમામ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓની રજાઓ રદ કરીને તાત્કાલિક ફરજ પર હાજર થવાનો આદેશ આપ્યો હતો. જેમાં બોર્ડ-નિગમથી લઈ કોર્પોરેશન અને પંચાયત સહિતના વિવિધ વિભાગોના કર્મચારીઓ સામેલ હતા. જોકે, ૧૦ મેના રોજ બંને દેશો દ્વારા સીઝફાયરની જાહેરાત સાથે સ્થિતિ સામાન્ય થતાં, રાજ્ય સરકારે કર્મચારીઓની રજાઓ ફરીથી મંજૂર કરવાનો નિર્ણય લીધો હતો. રાજ્ય સરકારના આ નિર્ણયથી સરકારી કર્મચારીઓ અને અધિકારીઓમાં રાહત અને આનંદની લાગણી જોવા મળી હતી. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું હતું કે, અનિવાર્ય પરિસ્થિતિમાં કર્મચારીઓએ તાત્કાલિક ફરજ પર હાજર થવું પડશે. આ ઉપરાંત, રજા દરમિયાન તમામ કર્મચારીઓએ ફોન અને ઈ-મેલ દ્વારા સતત સંપર્કમાં રહેવું ફરજિયાત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યસેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી ૪.૭૮ લાખ કર્મચારી છે. ■

## ૬. પરચુરણ

**પ્રિન્સ આર્ટ**

જુની ઝરીની સાડી બોડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બનડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જુના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટીક આઈટમ લેનાર ફેરબા 9920663443, 9107866786. (૨૭૪)

## ૯. લગ્ન સંબંધી

■ મુંબઈનાં કંપનીમાં ડિરેક્ટર યુવક 1992 Divorce રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૯૪૭)

■ ખૂશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૮૪-બી)

**પરિચય મેળો**

રોટરી ક્લબ ઓફ બોમ્બે નોર્થ વેસ્ટ, મલાડ અને અનુબંધ ફાઉન્ડેશન દ્વારા રવિવાર તા. 25/5/2025 ના રોજ મલાડ ખાતે 50 વર્ષથી વધુ ઉંમરના કુંવારા, ડાયવોર્સી, વિધવા, વિધુર ઉમેદવારો માટે વિના મુલ્યે પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સંપર્ક નિલેશભાઈ દલાલ - 7208469200/ નટુભાઈ પટેલ - 9825185876. (દહેજ નહીં). (૧૫૮૭૭-બી)

## ૧૦. મહિલાઓ માટે

**ગાદીવાલા ચપ્પલ**

પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ અને લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ. 9869669633. (એસડીબી-૨૬૦૫)

**કાનનાં મોટા કાણાં**

દવાથી એજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૯૪૫)

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ઘોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૮૮૪-બી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**

**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૯૧૭)**

**CAR RENTAL**

Toyato Rumiun 7 Seater Tempotraveller Innova Crysta Local Outstation 9820059446. (272)

## ૧૪. નોકરી ખાલી છે

**રસોઈ માટે કાંદિવલી (વેસ્ટ)**

**સ્ટેશનથી નજીક જૈન નાના કુટુંબ માટે બન્ને ટાઈમ રસોઈ સંભાળી શકે તેવા બહેનની જરૂર છે. સંપર્ક :- 9920018137. (૧૫૯૦૨-સી)**

■ બાંદ્રામાં જ્વેલરીની દુકાન માટે સેલ્સ સ્ટાફ જોઈએ છે. મહિલા ઉંમર ૨૦/૩૦ વર્ષ સારી વક્તા અને શીખવા માટે તૈયાર હોવી જોઈએ. રેઝયુમ અને નવા સાઈઝના ફોટા સાથે રૂબરૂ મળો. "DKS Jewellers" દુકાન નંબર ૧, કોર્નર વ્યુ સોસાયટી, ૧૫મો અને ૩૩મો રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૦. સંપર્કઃ 9867341961. (૧૫૯૧૯-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**WANTED**

A Young Female Office Assistant cum Computer Savy Typist who can take dictation, preferably knowing shorthand for a Legal Firm situated at Pantnagar, Ghatkopar (E). Candidates on Part-time basis may also be considered. Apply with Biodata to: smartkrupa88@gmail.com (SK/2321-A)

**TRIVIDHA JEWELS PVT. LTD.**

Required: Jewellery Experience, Male - Female Staff for Labgrown Diamond Jewellery & AlsoGemologist at Borivali (West) - 9033231609, 9033231650. (B-15974)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (ઈસ્ટ)**

**દૌલત નગરમાં 2 BHK રેડી પઝેશન ફ્લેટ, પ્રાઈમ લોકેશન, જૈન દેરાસર પાસે, ૧ કાર પાર્કિંગ - OC સાથે. સંપર્કઃ 7977922699. (૧૫૮૯૭-એ)**

**''રામવાડી - કાલબાદેવી''**

**''આદિત્ય પર્લ'', 1 BHK, 400' 2 વોશરૂમ્સ, હાયર ફ્લોર. ''નિમેષ સોની'': 9619927603. (૧૫૮૯૦-એ)**

**''સી. પી. ટેન્ક, મોરારબાગ''**

**''શ્રીપતિ જ્વેલ'', 400, 1 BHK, 2 વોશરૂમ્સ, હાયર ફ્લોર. ''નિમેષ સોની'': 9619927603. (૧૫૮૯૦-સી)**

**વિલે-પારલા (ઈસ્ટ)**

સ્ટેશન અને માર્કેટથી નજીક પ્રીમિયમ એમીનીટીવાળો ફૂલી ફર્નિસ્ડ 3 બેડરૂમ હોલ કિચન (૧૨૦૦' કારપેટ) 1 પાર્કિંગ સાથે 5,11,00,000/- નેગોશીએબલથી તુરત વેચવાનો છે. 9820550033, 9833692629. (૧૫૯૯૮-એ)

■ જુહુ ગુલમહોર ૪ બીએચકે આઉટરાઈટ વેચાણથી ફૂલી ફર્નીશ ક્ન્વર્ટેડ કરેલ મોટા ૩ બીએચકે ૧૬૬૦ સ્કે.ફીટ- કારપેટ + બાલ્કની. કીંમત માટે સંપર્કઃ ખન્ના. 9892302544/ 9820244589. (બી-૧૫૯૫૬)

**સાંતાક્રુઝ (ઈસ્ટ )**

સ્ટેશન નજીક, 3 BHK, 940 કાર્પેટ, 1 કવર્ડ પાર્કિંગ, લીફ્ટ, વેચાણથી. Pankaj Parmar 9821026788. (૧૫૩૪૯-એ)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૮૯૪-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

90' રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન, 800' યુઝેબલ કારપેટ, વેચવાનો છે. બ્રોકર 9323030141, 8169019857. (૧૫૯૦૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશન, ગારોડિયા નગર, 3 બેડરૂમ, હોલ, કિચન - 960' કારપેટ, સેમીફર્નિસ્ડ, 2.95 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 1060' કારપેટ, 3.30 Cr, 2 બેડરૂમ, હોલ, કિચન - 810' કારપેટ, 2.60 Cr, 4 બેડરૂમ, હોલ, કિચન- 1225' કારપેટ, 3.71 Cr, 1 બેડરૂમ, હોલ, કિચન - 475' કારપેટ, 1.45 Cr, પાર્કિંગ સાથે. Home-Alone Property - જુન્જુ શાહ - 9833352224. (૧૫૮૮૬-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી (વેસ્ટ)**

2-3-4 બેડ અંડર કન્સ્ટ્રક્શન, SV રોડ, Shopper Stopની સામે, સ્ટેશન, દેરાસર નજીક, બધીજ એમેનીટીઝ – જીમ, સ્વીમીંગ પુલ, સલોન અને સ્પા, બેંક્વેટ હોલ, મલ્ટી પર્પસ કોર્ટ. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

3-4 બેડ, અંડર કન્સ્ટ્રક્શન, સ્ટેશન, દેરાસર, સંન્યાસ આશ્રમ નજીક, જીમ, સ્વીમીંગ પુલ, બેંક્વેટ હોલ, અન્ય ઘણી એમેનીટીઝ. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એ)

**જુહુસ્કીમ**

3-4 બેડ, 1200-1500-1700-3300-3500 કાર્પેટ, રેડી પઝેશન, અંડર કન્સ્ટ્રક્શન, બધીજ એમેનીટીઝ સાથે. Call : Jigar - 9820511575. (૧૫૮૭૭-એ)

**સાઉથ મુંબઈની પ્રાઈમ પ્રોપર્ટી**

કામાઈકલ રોડ, 3 BHK, 1350' +150 ટેરેસ, પાર્કિંગ
ચોપાટી, (ભાડાની), સીવ્યૂ, 3 BHK, 1800', 1 પાર્કિંગ
કફ પરેડ, પ્રેસિડેન્ટ હોટેલ પાસે, 3 BHK, 1342', પાર્કિંગ
સ્લેટર રોડ, સ્ટાર રોડ વેસ્ટ, 1100 કાર્પેટ, 2 BHK, રોડ પાર્કિંગ
અલ્ટામાઉન્ટ રોડ, 2 BHK, 1100', 1 મોટું પાર્કિંગ
લોઢા બેલીસિમો, 4 BHK, 2500 કાર્પેટ, 3 પાર્કિંગ
બ્રીચ કેન્ડી, શ્યામ નિવાસ, 3 BHK, 1300', 1 પાર્કિંગ
તારદેવ, 580', 2 BHK, લિફ્ટ નથી, 2જે માળે
1 રેર અને સ્ટુડન્ટ પાર્કિંગ
ગ્રાન્ટ રોડ (W), 500 કાર્પેટ, 1 BHK, 1 પાર્કિંગ
સાઉથ મુંબઈ માં ફ્લેટ ભાડેથી /લેવા /વેચવા સંપર્કઃ
ઠક્કર રિયાલીટી-રાજેશ ઠક્કરઃ 9820157738
(બી-૧૫૯૫૦)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ દેરાસર નજીક રેડીમાં એમેનિટીઝવાળા ટાવરમાં 4 બેડરૂમ (5 બાથરૂમ) 1567' રેરા કાર્પેટના ઇન્ક્લુઝીવ ભાવે (2 પાર્કિંગ) સાથે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૪)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન પાસે 2 બેડરૂમ 711' રૂ. 31,500/- ના ભાવે (ઓલ ઇન્ક્લુઝીવ) દિવાળીએ પઝેશન. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૫)**

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ દેરાસર નજીક રેડી ટાવરમાં 1 બેડરૂમ 456' રેરા કાર્પેટના 18મે માળના ફ્લેટો 1,51,00,000/- (બધા ખર્ચાઓ + પાર્કિંગ) સાથે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૯૬)**

**અંધેરી (વેસ્ટ)**

૪૮૦૦' બંગલો ભાડેથી અંબોલીમાં બે બેડરૂમ ફર્નિશ ભાડેથી તથા ૩ બેડરૂમ વેચાણથી પાર્લા (વેસ્ટમાં) એસ. વી. રોડ ઉપર દુકાન ભાડેથી તથા ૧૨૫૦૦' ભાડેથી મળશે. રીડવેલપમેન્ટ પ્લોટ પવઈ નજીક. સંપર્કઃ ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૯૦૫-એ)

**ઓક્શન માં પ્રોપર્ટી**

**પ્રાર્થના સમાજ માં 1 BHK**

**માત્ર 1.5 cr? વિશ્વાસ નથી થતો?**

આ સુંદર, હવાદાર અને પ્રકાશથી ભરપુર 520' નો ફ્લેટ સાર્વજનિક ઓક્શન દ્વારા વેચાય છે. ફર્નિશ બિલ્ડીંગ, લીફ્ટ સાથે, હરકિસનદાસ હોસ્પિટલથી વૉકીંગ ડિસ્ટન્સ. ઓક્શન ટવીચર સાંજે ૬ વાગે બંધ થશે. સાઇટ વીઝીટ એપોઇન્ટમેન્ટથી જ થશે. રજીસ્ટર કરોઃ https://bit.ly/auctionproperty99 *નિયમો લાગુ ઓક્શન સ્વર્ગ ટ્રેડ ડિજીટલ ફિન્સટેક્નોલજી દ્વારા.

**9820855056 / 9821036552**

(૧૫૯૯૩-બી)

**પાર્લા (વેસ્ટ)**

**દાદાભાઈ રોડ, અલ્ટ્રામોડર્ન એમેનિટીઝવાળા બંધાતા ટાવરમાં 2/3/5 બેડરૂમના ફ્લેટો, MAY 31 પહેલા બુકિંગમાં મોટું ડિસ્કાઉન્ટ રાખેલ છે. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૬૦૩)**

**વી. પી. રોડ**

શંખેશ્વર ટાવરમાં ૧ બેડરૂમ, ૩૩૩ સ્કવેર ફીટ, કાર્પેટ એરીયા, ૧૨ ફૂટ હાઈટ, ૧-૩૫ કરોડ, સંપર્કઃ 8356935434 હેમંત મેહતા. (બી-૧૫૯૫૫)

**ઘાટકોપર (વેસ્ટ)**

**'સંભવ દર્શન' સ્ટેશનથી ૫ મિનિટ એલ. બી. એસ. માર્ગ, ગોપાલભુવન બસ સ્ટોપની પાછળ, ૨ બેડરૂમ 607' કાર્પેટ, બીજે માળે બે લીફ્ટ વેચાણથી રેડી કબજો. દેવેન્દ્ર ખારા 9869125605 (૧૫૯૦૯-એ)**

**સિક્કાનગર**

૧ બેડરૂમ 650' કાર્પેટ ઓનરશીપથી (૨ બેડરૂમની શક્યતા), વી. પી. રોડ ફર્નિશ ૨ બેડરૂમ ૧૨૦૦' કાર્પેટ લીવલાયસંસથી રેડી કબજો. 9820034317. (૧૫૯૧૬-એ)

**વાલકેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/કોમર્શિયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૦૯)

**મેટ્રો સ્ટેશન**

દાણુકરવાડી પાસે, 1 બેડરૂમ ભાડેથી 33000/- મળશે સંજીવ 9821925693. (જેપી-૪૯૯૧-એ)

**દુકાન ભાડેથી**

બોરીવલી વેસ્ટ એલટી રોડ ઉપર, મીની ઝવેરી બજારમાં 337' કારપેટની નવી દુકાન, લોફ્ટ તથા બાથરૂમ સાથે ભાડેથી 85000/- મળશે સંજીવ 9821925693. (જેપી-૪૯૯૧-એફ)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કાર્પેટ અને ૬ બેડરૂમની જોડી એરીયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૮૮૧)

**ઘાટકોપર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૮૨૭-એ)

**જુહુસ્કીમમાં-પાર્લામાં-અંધેરીમાં**

લીવલાયસંસથી-વેચાણમાં, સ્ટુડન્ટો, ફેમીલી માટે ૧ થી ૪ બેડરૂમોના ફ્લેટો લેવા. રાજેશભાઈઃ ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૭૭૪-ડી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

2 BHK ૧લે માળે, આર. બી. મહેતા માર્ગ, (60 ફીટ) પાર્કિંગ/ લીફ્ટ/ દેરાસર નજીક, ભાડેથી આપવાનો છે. રેડી કબજો, એજન્ટ મહેશ શાહ 9820253026. (એસડીબીજી-૨૫૯૮)

**ગામદેવી**

શિવતાપી સોસાયટી 2+2 બેડરૂમ જોડી, ઈજી કન્વર્ટ 5 BHK 1780' કાર્પેટ, ૨ પાર્કિંગ, ૧૨ કરોડ, સંપર્કઃ 8356935434. (બી-૧૫૯૪૯)

## ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા - સાયન**

1-2-3 BHK ફ્લેટ લેવા-વેચવા-ભાડેથી. કોલઃ ''પ્રભાશંકર'': 9820621346. (૧૫૯૧૫-એ)

**માટુંગા (સે.રે.)**

કિંગ્સ સર્કલ સ્ટેશન પાસે 3 BHK ફુલ્લી ફર્નિશ્ડઃ 1200' યુઝેબલ, 1 પાર્કિંગ, ઓનરશિપથી. સંપર્ક 9821149535. (૧૫૯૧૪-એ)

**જુહુ, ગુલમહોર રોડ**

વેચાણથી. ૪ બેડરૂમ, ૧૯૦૦' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નિશ, મોડર્ન ટાઉનમાં, ૪થે માળે. બે પાર્કિંગ. જયંત ભાલેરાવઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૯૧૨-એ)

**RIDGE ROAD**

Full floor 3+3 BHK Jodi, 4350 Cp 26 Cr. nego. with Parking. Single Flat available 9892710071 / 9619048555. (15892-A)

**MIRA ROAD**

East. Ramdev Park, Available Row House. Ground Floor + 2 Stories. 1400' + 300 Varanda, Two Terrace, 3 Washrooms, 2 Parking, Registered Society, Low Maintenance, Ready Possession. Asking Cost Rs. 200 Lacs. Full Cheque Ok. Call Owner: 9987763404. (15905-C)

**JUHU**

3 / 4 BHK New Building with all Amenities 0% Brokerage - 9869070123 / 9167723483. (15904-C)

**KHAR/SANTACRUZ**

**3+3 Bedrooms (Jodi) Near Madhupark (18,00,00,000) - Avenues 4 Bedrooms (11,11,11,000) - 2 Bedroom (3,35,00,000) / (2,31,00,000) Juhu Beach (3,99,81,000) Many More. Lalwanis - 66914849 - 9820120036 - 9619232424. (B-15971)**

**NEPEANSEA ROAD**

**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)**

## ૧૮. જગ્યા જોઈએ છે

**જગ્યા જોઈએ છે**

અંધેરી (ઈસ્ટ) બંગલો/ રો હાઉસ/ ખાલી જમીન/ જુનું મકાન/ પેન્ટ હાઉસ/ ડુપ્લેક્ષ જોઈએ છે. એરીયા- ૩૦૦૦- ૪૦૦૦ રેડી કબજો સંપર્કઃ મહેશ શાહ- 9820253026/ 23422261. (એસડીબી-૨૫૯૭)

**બોરીવલીથી અંધેરી**

1 બેડરૂમના ફ્લેટો કોર્પોરેટ માટે ભાડેથી જોઈએ છે. 8879181869. (૧૫૯૧૮-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૯૨-એ)**

**વસઈ**

**ઇન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

FOR SALE INDUSTRIAL Shed 10000 sq. mtr at Umbergam GIDC (Gujarat) Contact Us: 9099973981. (B-15970)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

**પ્રી લીઝ કોમરશીયલ પ્રોપર્ટી, 300' કારપેટ દુકાન દેરાસર લેન, 2.85 CR. ભાડાની આવક 1 LAC + 60 ફીટ રોડ, દુકાન, 265' કારપેટ, 4.05 CR. ભાડાની આવક 1.40 LAC. 90'ફીટ રોડ, ઓફિસ, 980' કારપેટ, 3.25 CR. નેગોશીએબલ. ભાડાની આવક 1.40 LAC. HOME ALONE PROPERTY - અભિષેક - 9082522655. (૧૫૯૦૮-સી)**

**ઝવેરી બજાર, મુંબઈ**

**120' કારપેટની ઓફિસ, વેચવાની. 62/64, ધનજી સ્ટ્રીટ, ગોવિંદ નિવાસ, 6/સી, પહેલે માળે, સંપર્કઃ- 9820003934. (૧૫૮૯૬-ડી)**

**બોરીવલી (વેસ્ટ)**

સ્ટેશનથી બાજુમાં કમર્શિયલ ટાવરમાં ભાડેથી ઓફિસીસ. કારપેટ 221' તથા 865' (એટેચ્ડ વોશરૂમ), પાર્કિંગ, 3 લીફ્ટ, 2 સ્ટેરકેસ કોર્પોરેટ/ અન્ય બીઝનેસીસને લાયક. ''અતુલ સંઘોઈ એસોસીએટ્સ'' - 9820203032. (૧૫૯૦૨-એ)

**PRELEASED OFFICE**

**મહિને 60,000/- ભાડેથી લાગેલી, ઓફિસ વેચવાની (1.44 CR) (300'+ 300' LOFT) યુઝેબલ- 600' મહાવીર નગર, CROMA/ D'MART પાસે, કાંદિવલી (વેસ્ટ) (૧ પાર્કિંગ સાથે) OWNER- 76666 44727. (૧૫૯૦૨-એચ)**



**એન્કાઉન્ટરઃ** જમ્મુ અને કાશ્મીરના શોપિયાંમાં ત્રાસવાદીઓ સાથેની અથડામણ વખતે સલામતી દળોના જવાનો. (પીટીઆઇ)

# કાશ્મીરના શોપિયાંમાં લશ્કરે તૈયબાના ચીફ કમાન્ડર સહિત ત્રણ આતંકવાદી ઠાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના કેલ્લરના શુકરૂ વન વિસ્તારમાં મંગળવારે ભારતીય સેનાના જવાનો સાથે થયેલી અથડામણમાં લશ્કરે તૈયબાના ચીફ કમાન્ડર શાહિદ કુટ્ટે સહિત ત્રણ આતંકવાદી ઠાર મરાયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ઠાર મરાયેલા અન્ય એક આતંકવાદીને અદનાન શફી ડારના પુત્ર મોહમ્મદ શફી ડાર તરીકે ઓળખી કાઢવામાં આવ્યો હતો. જોકે ત્રીજા આતંકવાદીની ઓળખ થઈ શકી નહોતી. વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યાનુસાર આતંકવાદીઓની હાજરી અંગે મળેલી વિશેષ જાણકારીને પગલે કેલ્લરના વન વિસ્તારને ઘેરી લઈ તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

પોલીસે તપાસ અભિયાન શરૂ કરતાની સાથે જ એ વિસ્તારમાં સંતાયેલા આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. પોલીસે કરેલી વળતી કાર્યવાહીમાં લશ્કરે તૈયબાના ચીફ સહિત ત્રણ આતંકવાદી ઠાર મરાયા હતા.

મોસ્ટ વૉન્ટેડ આતંકવાદીઓમાંનો એક શાહિદ શોપિયાંના ચોટીપોરા હીરપોરાનો રહેવાસી હતો. શાહિદ અનેક આતંકવાદી હુમલાઓમાં સામેલ હતો અને તે મોસ્ટ વૉન્ટેડની યાદીમાં પણ હતો. ૮, એપ્રિલ ૨૦૨૪ના ડેનિશ રિસોર્ટ પર કરવામાં આવેલા હુમલામાં તે સામેલ હતો. કુલગામમાં એક સરપંચ અને કર્મચારીની હત્યામાં પણ તે સામેલ હતો. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઝવેરીબજાર**

છીપી ચાલ (શામસેટ સ્ટ્રીટ) ૧૨૦' કારપેટ ઓફિસ ૩જે માળે વેચવાની છે. 9322255218. (૧૫૯૧૭-એ)

**અંધેરી (ઈસ્ટમાં) તેલી ગલીમાં**

લીવલાયસંસથી ઓફિસો / ગોડાઉનો. ૧૦૦' બિલ્ટઅપ ૩૦,૦૦૦/૧૨,૦૦૦ ભાડું. ૧૭૦' (૫૦,૦૦૦/૮૦૦૦ ભાડું. લેવા - રાજેશભાઈઃ ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૯૧૩-એ)

**LOWER PAREL**

1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2588)

**PRE LEASED BANKS**

**ROI 6% (6 to 15 Cr.) C J Consultancy: 8657192709. (15803-A)**

**VILE PARLE**

Rental Sale Office Premises 200/650 Courier Distributor Classes Furnished. 9820059446. (271)

**REQUIRED**

**For Elder Care Centre Approx. 7000 to 12000 sq. ft. Carpet area (Independent Residential / Commercial Building) Mumbai, Suburbs and Navi Mumbai. Gujarat (Vadodara and Ahmedabad) Contact: +918169400588. Email: property@aajicare.in (B-15967)**

**SHOP-SAKINAKA**

312 feet plus 312 feet BMC approved Loft, own BMC Water, Toilet for Sale. Pay and Park. 8356070198. (B-15969)

**"SIKKANAGAR (GIRGAON)"...**

Required: Commercial Shop 100 to 200 foot Ground Floor, Ownership - 9029760000. (B-15975)

## ૨૭. ઔષધ ઉપચાર

**કોઢ-સોરાયસીસ**

ખરજવું- ચામડીની એલર્જી-વેરીકોઝ વેઈન્સ, અલ્સર, સંધિવાનીજ્ઞો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં - ૯૯૨૨૧૮૮૦૯૦. (બી-૧૫૯૨૬)

## ૩૧. નાણાંકીય

**FUNDING / LOAN**

Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

## ૩૨. જમીન-મિલકત

**જમીનમાં રોકાણ**

લિંબડી પાસે સસ્તી જમીનો ખરીદી કરી સારો નફો મેળવો. 9819568815. (૧૫૯૦૪-એ)

**LAND IN TITHAL VALSAD**

**14362 Square Metres Multi-Purpose N. A. Land Clear Title and Possession 500 Metres from Tithal Beach 9998877533. (B-15959)**

## ૩૩. ધંધાદારી

**''પાણીની ટાંકીઓ''**

''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૫૯૭૭-ડી)

**''કેસર કેરી''**

વલસાડની પ્રખ્યાત (વર્ક્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**

**ફિઝીબીલીટી રીપોર્ટ**

**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**

**રેરા**

**પોઈંટ એડવાઈઝરી**

**9029077715**

(બી-૧૫૯૭૨)

**''મેડિક્લેમ''**

ફેમિલી ફ્લોટર પોલીસી - ૦થી ૭૫ વર્ષ સુધી. નો મેડિકલ ટેસ્ટ -(૧૦ લાખથી ૧ કરોડ) કેશલેશ કાર્ડ. 'દોલીપભાઈ' - 9136621227, 9321554532. (બી-૧૫૯૬૩)

**મેન્યુફેક્ચરર્સ**

એવોર્ડ ફિલ્મમેકરથી ઓછા બજેટમાં આપના પ્રોડક્ટની એડફિલ્મ બનાવી, સેલ વધારો 9769588418. (૧૫૯૧૨-એ)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**હરે ક્રિષ્ના સર્વિસીસ (1997)**

ઉધઈ, વાંદા, માકડ 100% અસરકારક, કારપેટ, ચેર, સોફાગાદી ક્લીનીંગ, ફ્લેટ, ઓફિસ ડિપક્લિનીંગ, હાઉસકીપીંગ, લેબર સપ્લાય - 9892747758 / 9702875877. (જેપી-૪૯૯૦-બી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**

**ટેરેસ, પેરાપીટ વોલ, છજ્જા, આઉટસાઈડ વૉલ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરીંગ વીથ પેઈન્ટીંગ, ASIAN PAINT, ૩૬ ફૂલ. 5-7 વર્ષની ગેરંટી સાથે. 9320210293. (૧૫૯૦૨-ઈ)**

**લીકેજ સોલ્યુશન**

**વોટર પ્રુફીંગ, ટેરેસ, સાઈડ વોલ, ક્રેક ફીલીંગ, રીપેરીંગ, પેઈન્ટીંગ. 9892901140/ 9987694771. (૧૫૯૦૨-જી)**

**બિલ્ડિંગ રીપેરીંગ**

વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટિંગ, ટેરેસ, છજ્જા, આઉટસાઈડ વૉલ. સંપર્કઃ 9987414990, 9867077530. (૧૫૯૮૬-ઈ)

**વોટર પ્રુફિંગ**

**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વોલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031. (૧૫૯૭૯-ઈ)**

## ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૯૬૮)

# ચોમાસું દક્ષિણ બંગાળની ખાડી, નિકોબાર ટાપુઓ સુધી પહોંચ્યું

નવી દિલ્હીઃ દક્ષિણ પશ્ચિમ ચોમાસું મંગળવારે દક્ષિણ બંગાળની ખાડી, દક્ષિણ આંદામાન સમુદ્ર, નિકોબાર ટાપુઓ અને ઉત્તર આંદામાન સમુદ્રના કેટલાક વિસ્તારોમાં આગળ વધ્યું છે, એમ ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે છેલ્લા બે દિવસમાં નિકોબાર ટાપુઓ પર મધ્યમથી ભારે વરસાદ પડ્યો હતો.

દક્ષિણ બંગાળની ખાડી, નિકોબાર ટાપુઓ અને આંદામાન સમુદ્ર પર પશ્ચિમી પવનોની તાકાત અને ઊંડાઈ આ સમયગાળામાં વધી હતી, સમુદ્ર સપાટીથી દોઢ કિમી ઉપર પવનની ગતિ ૨૦ નોટથી વધુ હતી અને કેટલાક વિસ્તારોમાં ૪.૫ કિમી સુધી લંબાઈ હતી.

વાદળછાયું વાતાવરણ દર્શાવતું આઉટગોઇંગ લોંગવેવ રેડિયેશન (ઓએલઆર) પણ આ પ્રદેશમાં ઘટ્યું હતું. આ પરિસ્થિતિઓ આ પ્રદેશ પર ચોમાસાની શરૂઆત માટેના માપદંડોને પૂર્ણ કરે છે, એમ તેણે જણાવ્યું હતું.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ અરબી સમુદ્ર, માલદીવ્સ અને કોમોરિન વિસ્તારના વધુ ભાગોમાં ચોમાસાને આગળ વધારવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે; દક્ષિણ બંગાળની ખાડીના વધુ વિસ્તારો; સમગ્ર આંદામાન અને નિકોબાર ટાપુઓ; આંદામાન સમુદ્રના બાકીના ભાગો; અને આગામી ત્રણ થી ચાર દિવસમાં મધ્ય બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં ચોમાસાને આગળ વધારવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ છે. ■

# મણિપુરમાં ૧૧ કરોડ રૂપિયાની કિંમતનું હેરોઈન જપ્ત

ઇમ્ફાલઃ મણિપુરના ચુરાચાંદપુર જિલ્લામાં ૧૧.૦૫ કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે અને આ કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે મંગળવારે આ માહિતી આપી હતી. એક અધિકારીએ જણાવ્યું કે પોલીસે શનિવારે 'ન્યૂ લામકા' નજીક એક ફોર વ્હિલરને અટકાવવામાં આવી હતી.

તેમણે કહ્યું કે વાહનની તપાસ કરતાં ૯૭ સાબુના બોક્સમાં રાખેલ ૧.૧૬ કિલો હેરોઈન મળી આવ્યું હતું, જેની કિંમત ૧૧.૦૫ કરોડ રૂપિયા છે. તેમણે કહ્યું કે આ પછી વાહનમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.પોલીસે જણાવ્યું કે આ મામલે કેસ નોંધીને તપાસ શરૂ કરવામાં આવી છે. ■

**Steel Trading Corporation requires for Kalamboli, Turbhe (Vashi)**

**MARKETING cum SALES EXECUTIVES (MALE)**

**Age: 20 - 45 years ● Salary: upto Rs.45,000/-**

send detailed CV on WA only

**9022341959 / 9867914724 OR**

Mail detailed CV to: jobresume108@gmail.com

(SDB-2607)

**REQUIRE URGENT**

**5 Years Exp. Male Account Assistant having Knowledge of Tally Prime & MS Office at 234 Panchratna, Opera House Charni Road. (B-15962)**

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

# જબરા ઉછાળા બાદ મોટી પછડાટઃ આઈટી અને એફએમસીજી શૅરોમાં જોરદાર પ્રોફિટ બુકિંગ વચ્ચે સેન્સેક્સ ૧,૨૮૨ પોઈન્ટ ગગડ્યો

મુંબઈઃ શેરબજારમાં સોમવારે જબરા ઉછાળા બાદ મંગળવારે મોટો ઘટાડો જોવા મળ્યો હતો. આઇટી અને એફએમસીજી શેરોમાં જોરદાર પ્રોફિટ બુકિંગને કારણે બેન્ચમાર્ક સેન્સેક્સ ૧,૨૮૧.૬૮ પોઇન્ટ અથવા ૧.૫૫ ટકા ઘટીને ૮૧,૧૪૮.૨૨ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૩૮૬.૨૧ પોઇન્ટ અથવા ૧.૬૮ ટકા ઘટીને ૮૧,૦૪૩.૬૯ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. બેન્ચમાર્કના ૩૦માંથી ૨૫ શેરમાં ઘટાડો નોંધાયો હતો.

જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૩૪૬.૩૫ પોઇન્ટ અથવા ૧.૩૯ ટકા ઘટીને ૨૪,૫૭૮.૩૫ પર બંધ થયો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે સપ્તાહના અંતે કામચલાઉ યુદ્ધવિરામ બાદ સોમવારે ચાર વર્ષમાં સૌથી તીવ્ર એક દિવસનો મજબૂત ઉછાળો નોંધાવ્યા બાદ, સ્થાનિક બેન્ચમાર્કમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ એક જ સત્રમાં રોકાણકારોની મતામાં એક અંદાજે રૂ. ૧.૨૮ લાખ કરોડનું દોવાણ જોવા મળ્યું હતું. લાર્જ કેપની સામે પસંદગીના સ્મોલ અને મિડકેપ શેરોમાં લેવાલી અને સુધારો જળવાયો હતો. સેન્સેક્સના ઘટકોમાં, ઇન્ફોસિસમાં ૩.૫૪ ટકાનો કડાકો હતો. પાવરગ્રીડ, એટર્નલ, એચસીએલ ટેક, ટીસીએસ, ભારતી એરટેલ, ઇન્ડસઇન્ડ બેન્ક, એનટીપીસી અને એચડીએફસી બેન્ક ટોપ લુઝર્સ શેર રહ્યા હતા. જ્યારે સૌથી વધુ વધનારા મુખ્ય શેરોમાં સન ફાર્મા, અદાણી પોર્ટ, બજાજ ફાઇનાન્સ, સ્ટેટ બેન્ક અને ટેક મહિન્દ્રનો સમાવેશ હતો.

નિફ્ટીમાં ટોચના ઘટનારા શેરોમાં પાવર ગ્રીડ કોર્પ, ઇન્ફોસિસ, ઇટર્નલ, ટીસીએસ, એચસીએલ ટેક્નોલોજીસનો સમાવેશ હતો. જ્યારે ટોચના વધાનારા શેરોમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, જિયો ફાઇનાન્શિયલ, હીરો મોટોકોર્પ, ડો. રેડ્ડીઝ લેબ્સ અને સન ફાર્માનો સમાવેશ થાય છે.

સેકટરલ ધોરણે કેપિટલ ગૂડ્સ, મીડિયા, પીએસયુ બેંક, ફાર્માના બેન્ચમાર્ક ઇન્ડેકસમાં એકથી ૧.૬ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો, જ્યારે આઇટી, મેટલ, એફએમસીજી, ઓઇલ અને ગેસ, રિયલ્ટી ઇન્ડેક્સમાં ૦.૯થા ૨.૫ ટકા જેવો ઘટાડો નોંધાયો હતો.

સ્ટોક-સ્પેસિફિક એક્શનમાં, સારા પરિણામોથી કેર રેટિંગ્સના શેરમાં ૧૩ ટકાથી વધુનો વધારો થયો, મોટા બ્લોક સોદા પછી કેફિન ટેક્નોલોજીસના શેરમાં લગભગ છ ટકાનો ઘટાડો થયો, બે બ્લોકમાં પાંચ ટકા ઇક્વિટીના હાથબદલા પછી સ્વિગીના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો થયો, જેએમ ફાઇનાન્શિયલના શેરમાં નફામાં વૃદ્ધિ પર ચાર ટકાનો ઉમેરો થયો અને સારા પરિણામોએ હીરો મોટોના શેરમાં ૧.૫ ટકાનો વધારો થયો છે.

પેટીએમ બ્રાન્ડની માલિક વન ૯૭ કોમ્યુનિકેશનના શેરમાં પાંચ ટકાનો કડાકો હતો. એલ્યુમિનિયમ, કોપર ફિન્સ, કોપર ટ્યુબ હીટ એક્સ્ચેન્જર્સ, વોટર કોઇલ્સ અને કન્ડેન્સર અને ઇવેપોરેટર કોઇલ્સના અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર કેઆરએન હીટ એક્સ્ચેન્જર અને રેફ્રિજરેશને નાણાકીય વર્ષ ૨૫ ના ચોથા ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ધોરણે ૬૨.૩૦ ટકાના વધારા સાથે રૂ. ૧૩૫.૮૩ કરોડની કુલ આવક, ૨૩.૪૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૪.૮૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

જેન્સોલમાં સતત ૨૩મા દિવસે પાંચ ટકાની નીચલી સર્કિટ લાગી હતી અને તે રૂ. ૫૧.૮૪ની બાવન સપ્તાહની નીચી સપાટીએ પટકાયો હતો. ભારતના આઉટ ઓફ હોમ એડવર્ટાઇઝિંગમાં અગ્રણી બ્રાઇટ આઉટડોર મીડિયા લિમિટેડ છઠી ને ૨૦૨૫ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલ એબીપી ન્યૂઝ ઇન્ડિયા એટ ૨૦૪૭ સમિટ માટે સત્તાવાર આઉટડોર મીડિયા પાર્ટનર તરીકે સહભાગી થઇ હતી, જેમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત પર મુખ્ય ભાષણ આપવામાં આવ્યું હતું. હેપીએસ્ટ માઇન્ડનો ચોથા ક્વાર્ટકનો નફો ૫૩ ટકા ઘટીને રૂ. ૩૪ કરોડ રહ્યો હતો જ્યારે રેવન્યૂ ૩૦.૫ ટકા વધી હતી. માઇક્રો ઇરગિશન સોલ્યુશનની અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડે સોલાર ઇપીસી અને પોલિમર બજારોમાં વૈવિધ્યીકરણ કર્યું છે. કંપનીએ વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૮૯.૭૦ કરોડની કુલ આવક, ૭૬.૧૪ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩૧.૨૩ કરોડનો ચોખ્ખો નફો અને ૦.૧૩ ટકાના વધારા સાથે રૂ. ૩૫.૧૧ કરોડનો એબિટા નોંધાવ્યો છે. બીએસઈ પર ૭૦થી વધુ શેરોએ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ ટ્રેડિંગ કર્યું, જેમાં ગોડફ્રે ફિલિપ્સ, રેડિંગ્ટન, સિટી યુનિયન બેંક, ડાલમિયા ભારત, એપીએલ એપોલો ટ્યુબ્સ, એસ્ટર ડીએમ હેલ્થકેર, ભારતી હેક્સાકોમ વગેરેનો સમાવેશ થાય છે. સોમવારે, ભૂરાજકીય તણાવ ઓછો થવા અને યુદ્ધવિરામ કરારને કારણે વ્યાપક રીલીફ રેલીમાં નિફ્ટી અને સેન્સેક્સ બંને લગભગ ચારેક ટકાનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો હતો. વિદેશી અને સ્થાનિક રોકાણકારો બંને તરફથી મજબૂત ખરીદી દ્વારા રેલીને વધુ ટેકો મળ્યો હતો.

કામચલાઉ ડેટા અનુસાર, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે ૧,૨૪૬ કરોડ રૂપિયા (૧૪૬.૯ મિલિયન ડોલર)ના ભારતીય ઇક્વિટી ખરીદ્યા હતા. મે મહિનામાં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય બજારોમાં ૧.૭૦ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે, જે મજબૂત સ્થાનિક વૃદ્ધિની સંભાવનાઓ, નરમ યુએસ ડોલર અને વૈશ્વિક વેપાર તણાવના ઘટાડાથી પ્રોત્સાહિત થયું છે.

# ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC)ની ગૌરવમય 49 વર્ષની સફળ યાત્રાની ઉજવણી

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC), ભારતના ખાતર અને રાસાયણિક ક્ષેત્રમાં અગ્રણી સંસ્થા, તેના ગૌરવમય કામગીરીના 49 વર્ષ પૂર્ણ થવાના ઉપક્રમે ગર્વ સાથે જાહેરાત કરે છે. ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત, તેની સ્થાપનાથી જ કૃષિ અને ઔદ્યોગિક પ્રગતિનો આધારસ્તંભ રહી છે, જેણે રાષ્ટ્રની આત્મનિર્ભરતા અને આર્થિક વિકાસમાં સતત યોગદાન આપ્યું છે.

1976માં સ્થપાયેલી GNFC એકમાત્ર ખાતર ઉત્પાદક કંપનીથી વિકસીને આજે ખાતર, રાસાયણિકો, પેટ્રોકેમિકલ્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રોમાં વિશાળ ઉપસ્થિતિ ધરાવતી બહુમુખી અને બહુપદાર્થ સંસ્થા બની ગઈ છે. લગભગ પાંચ દાયકાની આ અજોડ યાત્રા ગુણવત્તા, નવીનતા, સ્થિરતા અને હિતધારકોના મૂલ્યવર્ધન માટેના અતૂટ પ્રતિબદ્ધતાથી પરિચિત રહી છે. વર્ષોથી GNFC દેશભરના ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા ખાતરો અને કૃષિ ઇનપુટ્સ પ્રદાન કરીને કૃષિ ઉત્પાદનશીલતા વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. સાથે જ, તેની વિવિધ પ્રકારની રાસાયણિક અને પેટ્રોકેમિકલ ઉત્પાદનો વિવિધ ઉદ્યોગોને મહત્ત્વપૂર્ણ કાચો માલ તરીકે સેવા આપી ઔદ્યોગિક વૃદ્ધિ અને રોજગારીના અવસરો ઊભા કરવામાં યોગદાન આપી રહી છે.

49 વર્ષના આ માઇલસ્ટોન સુધી પહોંચવું એ GNFC સાથે જોડાયેલા દરેક વ્યક્તિ - કર્મચારીઓ, ખેડૂતો, વ્યવસાયિક ભાગીદારો અને હિતધારકોની પ્રતિબદ્ધતા અને મહેનતનું પરિણામ છે. અમને અમારી વારસાની અને રાષ્ટ્રના વિકાસમાં આપેલા યોગદાનનો ગર્વ છે. આગળના સમયમાં પણ અમે સ્થિરતા, ટેક્નોલોજીકલ સુધારાઓ અને તમામ હિતધારકો માટે વધુ મૂલ્ય સર્જવા માટે પ્રતિબદ્ધ રહીશું. ■

### અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર શાંત પડતાં સોનામાં ઘટ્યા મથાળેથી વૅલ્યુ બાઈંગ

# સ્થાનિક સોનામાં ₹ ૧૨૬૮નું અને ચાંદીમાં ₹ ૨૭૨૫નું બાઉન્સબૅક

મુંબઈઃ અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલને પગલે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ ઓસરતા ભાવમાં ૨.૭ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ઘટ્યા મથાળેથી વૅલ્યુ બાઈંગ નીકળતાં ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ એક ટકા જેટલા વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૬૩થી ૧૨૬૮નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો સુધારો આવ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતર ઘટવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ ચાંદીમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૭૨૫ વધી આવ્યા હતા.

આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૭૨૫ વધીને રૂ. ૯૬,૮૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, પરંતુ ડૉલર સામે રૂપિયો સુધારા સાથે ક્વૉટ થઈ રહ્યો હોવાથી ભાવવધારો મર્યાદિત રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૬૩ વધીને રૂ. ૯૩,૯૬૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૬૮ વધીને રૂ. ૯૪,૩૪૪ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જીનિવા ખાતેની બે દિવસીય બેઠકમાં અમેરિકા અને ચીન આગામી ત્રણ મહિનામાં ટૅરિફના દર ઘટાડવા માટે સહમત થયા હતા, જેમાં અમેરિકા ચીનથી આયાત થતી ચીજો પરની ટૅરિફ જે ૧૪૫ ટકા છે તે ઘટાડીને ૩૦ ટકા કરવા અને ચીન અમેરિકાથી આયાત થતી ચીજો પરની ટૅરિફ જે ૧૨૫ ટકા છે તે ઘટાડીને ૧૦ ટકા કરવા સહમત થતાં ગઈકાલે રોકાણકારોની સલામતી માટેની માગ ઓસરતા ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં ૨.૭ ટકા જેટલો ઘટાડો આવ્યો હતો.

# ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે મિલોના વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૭૦થી ૩૮૧૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ તેમ જ સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. છથી ૧૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ ત્રણ પૈસાનો સુધારો

મુંબઈઃ ભારત અને પાકિસ્તાન વચ્ચેનો ભૂરાજકીય તણાવ હળવો થવાની સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં એક તબક્કે ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે ૭૪ પૈસા મજબૂત થયો હતો. જોકે, ત્યાર બાદ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવવધારો, અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલને કારણે વૈશ્વિક ટ્રેડ વૉરની ભીતિ દૂર થતાં રોકાણકારો જોખમી અસ્ક્યામતો તરફ વળ્યા હોવાથી અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નફારૂપી વેચવાલીના દબાણે બૅન્ચમાર્કમાં નરમાઈ રહેતાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે આગલા બંધ સામે સાધારણ સાત પૈસાના સુધારા સાથે ૮૫.૨૯ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૩૬ના બંધ સામે સુધારાના વલણ સાથે ૮૪.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૪૮ અને ઉપરમાં ૮૪.૬૨ સુધી મજબૂત થયા બાદ અંતે સાત પૈસાના સુધારા સાથે ૮૫.૨૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે (સોમવારે) સ્થાનિક ફોરેક્સ માર્કેટ બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે બંધ રહી હતી. અમેરિકા અને ચીનના અધિકારીઓ પારસ્પારિક ધોરણે લાદવામાં આવેલી ઊંચી ટૅરિફમાં ઘટાડો કરવા અને ૯૦ દિવસ સુધી ટ્રેડ વૉરને વિરામ આપીને વેપારી વિવાદોનો ઉકેલ લાવવા માટે વધુ વાટાઘાટો કરવા સહમત થયાના પ્રોત્સાહક અહેવાલે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હતું.


**પશ્ચિમ રેલવે-રતલામ વિભાગ**

શુદ્ધિપત્ર

**વિષયઃ ઇંજીનિયરિંગ વિભાગ, ઇ-ટેન્ડરિંગ નોટિસ સંખ્યાઃ W/623/5/1/NIT તારીખ 03/૦૫/૨૦૨૫; કૃપા કરીને ક્રમાંક 3 માટે ટેન્ડર સંખ્યા RTM-2025-26-37 ને RTM-2025-26-43 વાંચો.**

અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ડિવિઝનલ રેલવે મેનેજર (વર્કિંગ એકાઉન્ટ્સ) રતલામ, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly V/026

**જાહેર નોંધ**
**જેને લાગુ પડે તે માટે**

આથી સર્વસામાન્ય જનતાને જાહેર સૂચના આપવામાં આવે છે કે અમારા ક્લાયન્ટ **મેસર્સ સફવાન ઇમ્પેક્સ એલએલપી** નીચે જણાવેલ મિલકત તેમના કાયદેસર માલિકો (જેમના નામ મિલકતકાર્ડ મુજબ નોંધાયેલા છે) પાસેથી ખરીદવા ઇચ્છે છે. તેઓના નામ નીચે મુજબ છે: 1) ઈબ્રાહિમ ફિદાલી 2) નજમુદ્દીન ઈબ્રાહિમ હરારવાલા 3) હુસૈનિભાઈ ઈબ્રાહિમ હરારવાલા 4) તય્યબઅલી ફિદાલી ખોરકીવાલા 5) સિરાજ ઈબ્રાહિમ હરારવાલા. ઉપરોક્ત માલિકોના કાનૂની વારસદારો પાસેથી પણ મિલકતના હસ્તાંતરણ માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમજ અમારા ક્લાયન્ટે મિલકત પર તેમના હક્ક, માલિકી, કબજો તથા હિત અંગેની કાનૂની તપાસ હાથ ધરી છે. મિલકતનું વિસ્તૃત વર્ણન નીચે "અનુસૂચિ" માં આપવામાં આવ્યું છે.

આથી જાહેર જણાવવામાં આવે છે કે, જો કોઈ વ્યક્તિ, બેંક, નાણાકીય સંસ્થા અથવા અન્ય કોઈપણ પક્ષ કે સંસ્થા ઉપરોક્ત મિલકત અંગે માલિકી, વેચાણ, વિનિમય, ગીરો, દાન, છૂટછાટ, ટ્રસ્ટ, વારસો, કબજો, ભાડું, સબ-લીઝ, લાઇસન્સ, ભાડે લેવું/આપવું, વસિયત, જાળવણી, સમાધાન, કુટુંબ વિધાન, ફોજદારી કે દિવાની દાવો, હુકમ, ચુકાદો, ઈન્જંકશન, જપ્તી, લિસ પેન્ડન્સ, ચાર્જ, લીયન કે અન્ય કોઈ પણ હક્ક, દાવો કે હિત ધરાવતું હોય, તો તેવા દાવા સાથે સંબંધિત પુરાવા સાથે નીચે ઉલ્લેખિત સરનામે અથવા ઈમેઇલ દ્વારા અમને આ સૂચના પ્રકાશિત થયેલ દિવસે થી 14 (ચૌદ) દિવસની અંદર લેખિતમાં જાણ કરવી જરૂરી છે. જો આ મુદત અંતર્ગત અમને કોઈ લેખિત દાવો પ્રાપ્ત નહીં થાય, તો એવું અનુમાન કરવામાં આવશે કે કોણે પણ ઉપરોક્ત મિલકત પર કોઈ હક્ક, દાવો કે હિત ધરાવતું નથી અને આવા દાવાઓનો ત્યાગ કરેલો અથવા તેને પરિત્યજ્ય માનવામાં આવશે. તથા મિલકતનું વેચાણ અને હસ્તાંતરણ કોઈપણ દાવાની નોંધ વિના પૂર્ણ કરવામાં આવશે.

**નીચે દર્શાવેલ મિલકતની વિગતો:**

જમીન તથા તેમા આવેલો તમામ વિભાજિત હક, માલિકી તથા હિત જે અગાઉ સર્વે નં. 103(B) (ભાગરૂપ) તરીકે ઓળખાતી અને હાલમાં CTS નં. 7/5 ધરાવે છે અને તેનું કુલ માપ અંદાજે 1290 ચોરસ મીટર છે (મિલકતકાર્ડ મુજબ), ગામ – હરિયાળી (વિક્રોલી), પહેલાંના સાઉથ સેલસેટ તાલુકા, મુંબઈ ઉપનગર જિલ્લો તથા રજીસ્ટ્રેશન ઉપજિલ્લો – મુંબઈમાં આવેલ છે.

ઉપરોક્ત જમીન તથા તેનું ઉપર આવેલું તમામ માળખું, ઈમારત, દિવાલો તથા અન્ય હક અને હિત સાથે સ્થિત છે: **ભારત ગેલ્વેનાઈઝિંગ કંપાઉન્ડ, બસંત રબર ફેક્ટરીના બાજુમાં, ઈન્ડિયા ટ્યુબ મિલ્સ સામે, એલ.બી.એસ. માર્ગ, ગાંધીનગર, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ – 400083**, જે મહાનગરપાલિકા (MCGM) ના "S" વોર્ડ હેઠળ મૂલ્યાંકન થયેલ છે.

સહી
**ASR લીગલ અસોસિયેટ્સ**
એડવોકેટ્સ એન્ડ નોટરી
ઓફિસ નં. 12, બીજુ માળ,
ઈમારત નં. 186/188,
બોરા બજાર સ્ટ્રીટ, જૈન મંદિર પાસે, ફોર્ટ,
મુંબઈ- 400001. મો.+91-9820253709
ઈમેઇલ:
asrlegalassociates@gmail.com
નોંધણી નં.: MAH-LF / 964 / 2025

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

વિવિધ એન્જિનિયરિંગ કામો

ટેન્ડર મૂલ્ય : 37-2025-26 થી 43-2025-26

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂ.) | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | **37-2025-26**<br>ભાવનગર વિભાગ: 24 મહિના સુધી USFD ના રોજિંદા USFD પરીક્ષણ કાર્યમાં ટ્રોલી મેન તરીકે કામ કરવા માટે સાથીદાર પૂરો પાડવો. | 1,06,92,806.40 | 2,03,500.00 |
| 2 | **38-2025-26**<br>ભાવનગર વિભાગ- ઑફ-સાઇડ સ્ટેશન બિલ્ડિંગમાં પી.મેન માટે ગુમટીની જોગવાઈ. | 82,38,407.53 | 1,64,800.00 |
| 3 | **39-2025-26**<br>DEN પશ્ચિમ ભાવનગરમાં પુલો પર વિવિધ બોર્ડ પૂરા પાડવા ભાવનગર વિભાગના મંજૂર કાર્ય સામે અધિકારક્ષેત્ર: પુલો પર વિવિધ બોર્ડ પૂરા પાડવા. | 19,02,589.94 | 38,100.00 |
| 4 | **40-2025-26**<br>DEN/પૂર્વ અધિકારક્ષેત્ર જૂથ કાર્ય (1) TRR (P) ભાવનગર વિભાગના મંજૂર કાર્ય સામે મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર 4.918 Tkm TRR (P) મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર 20.808 Tkm (2) ધોળા-ભાવનગર અને સાબરમતી-બોટાદ વિભાગમાં 2 થી 4 ડિગ્રી વળાંક પર SWR નું LWR માં રૂપાંતર ભાવનગર વિભાગના કાર્યમાં 2 થી 4 ડિગ્રી વળાંક પર SWR નું LWR માં રૂપાંતર. | 1,19,94,377.04 | 2,10,000.00 |
| 5 | **41-2025-26**<br>ADEN ધોળા સબ ડિવિઝન - ધોળા-વરતેજ, શિહોર-પાલિતાણા સેક્શન પર 03 વર્ષના સમયગાળા માટે કોન્ટ્રાક્ટરની પોતાની વ્યવસ્થા સાથે સ્ટેશન, ગેંગ હટ્સ, ગેટ લોજ અને રેલવે કોલોની વગેરે જેવા વિવિધ સ્થળોએ પીવાના પાણીની સપ્લાય. | 1,37,27,188.13 | 2,18,600.00 |
| 6 | **42-2025-26**<br>DEN(પશ્ચિમ) ભાવનગર અધિકારક્ષેત્ર: મંજૂર થયેલા કામ સામે 1533 સેટ ગ્લુડ સાંધા બદલવાનું કામ: 1) ભાવનગર વિભાગ:-ગ્લુડ સાંધાના 2977 સેટ બદલવાનું કામ.(15.02.31.24.3.51.005) 2) ભાવનગર વિભાગ: 2 થી 4 ડિગ્રી વળાંકો પર SWR નું LWR માં રૂપાંતર. (પ્રોજેક્ટ આઇડી 15.02.31.24.3.51.006) 3) ભાવનગર ડિવિઝન - TRR(P) - મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર 20.808 Tkm. (પ્રોજેક્ટ આઇડી 15.02.31.24.3.51.010) | 6,42,84,091.27 | 4,71,400.00 |
| 7 | **43-2025-26**<br>ભાવનગર પરા: વરસાદી પાણીના સંગ્રહ અને પાણીના કુદરતી સંસાધનોના ઉપયોગને વધારવા માટે બોરવેલ, ભૂગર્ભ સમ્પનું બાંધકામ. | 15008919.81 | 2,25,100.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : **બિડિંગની શરૂઆતની તારીખ :** 19/05/2025 **બિડની બંધ થવાની તારીખ :** 02/06/2025 NIT રેલવે વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ : **09/05/2025** ના રોજ અપલોડ કરવામાં આવી છે. 024

Like us on: facebook.com/WesternRly • Follow us on: twittter.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ડીપાર્ટમેન્ટ | એસેસમેન્ટ એન્ડ કલેકસન |
| સેકસન | ડે. એસેસમેન્ટ એન્ડ કલેકસન (કોમ્પ્યુટર) |
| ઈ-ટેન્ડર ફીસ | રૂા. ૩૯૦/- (રૂા. ૩૩૦/- + ૧૮% GST) |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૧૭૯૫૯૨_૧ |
| વિષય | ૨ વર્ષની મુદત માટે ગવર્મેન્ટ એપ્રુવ્ડ ઓકસનર્સ/ પેઢીઓ અથવા એસેસમેન્ટ એન્ડ કલેકશનની કંપનીઓ BMC પાસેથી એક્ષપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) માટે આમંત્રણ |
| ફોર્મ્સનું વેચાણ તારીખ અને સમય | તા. ૧૪/૫/૨૦૨૫ સમયઃ ૧૨ કલાકથી<br>તા. ૨૮/૫/૨૦૨૫ સમયઃ ૧૬ ક. સુધી |
| પૅકેટ 'A' ખૂલવાની તારીખ અને સમય | તા. ૩૦/૫/૨૦૨૫ના સમયઃ ૧૬ ક. |
| પૅકેટ 'B' ખૂલવાની તારીખ અને સમય | તા. ૩૦/૫/૨૦૨૫ના સમયઃ ૧૬.૦૫ ક. |
| પૅકેટ 'C' ખૂલવાની તારીખ અને સમય | તા. ૦૪/૬/૨૦૨૫ના સમયઃ ૧૬ ક. કે તની આગળ |
| વેબસાઈટ | **https://mahatenders.gov.in** |
| સંપર્ક વ્યક્તિ | એડમીનીસ્ટ્રેટીવ ઓફીસર (Exp) i/c |
| A) નામ | શ્રી સોમનાથ સોનટકલે |
| B) ટેલીફોન (ઓફીસ) | ૦૨૨-૨૩૦૦૫૬૮૪ એક્ષ્ટે. નં. ૨૨૧ |
| C) મોબાઈલ નં. | ૯૮૩૩૦૨૨૬૬૯ |
| D) ઈ-મેલ એડ્રેસ | dyaccomp.ac@mcgm.gov.in<br>ao02compho.ac@mcgm.gov.in |
| પ્રી-બીડ મીટીંગ સ્થળ સરનામું | એસેસર અને કલેક્ટરની ઓફીસ, મ્યુનિસિપલ પ્રીન્ટીંગ પ્રેસ બિલ્ડીંગ, ૩જો માળ, ૫૪૬, N.M. જોશી માર્ગ, ભાયખલા વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૧૧. |

સહી/-
PRO/405/ADV./2025-26 ડે. એસેસર એન્ડ કલેક્ટર (કોમ્પ્યુટર) (i/c)

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**ચીફ એન્જીનીયર (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) પ્રોજેક્ટ**
**નં. ચી.એન્જી./૮૫૨/SWM/પ્રોજેક્ટ તા. ૧૩.૫.૨૦૨૫**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહદમુંબઈ મહાનગરપાલિકાના કમિશ્નર નીચે મુજબના ઈ-ટેન્ડર્સ મંગાવે છે:

| કામનું નામ | કોન્ટ્રાક્ટ મુદત | બારડી રૂા.માં | ટેન્ડર સ્ક્રુટીની ફીસ | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| એક્ષકાવેટેડ / પ્રોસેસ્ડ / સેગ્રીગેટેડ મટીરીયલ એક્ષલ સાથે લેગસી વેસ્ટના ૧૮૫ લાખ ટન્સનું બાયો રીમેડીએશન અને રેકલેમેશન કુલ ૧૧૦ Ha જમીનનું દેવનાર ડંપસાઈટ ખાતે<br>ટેન્ડર ID ૨૦૨૫_MCGM_૧૧૭૯૫૧૯ | ૩ વર્ષ મોબીલાઈઝેશન અને ચોમાસુ મુદત સહિત LOA/SAP POની પ્રાપ્તિની તારીખથી જે વહેલું હશે | રૂા. ૨૩,૬૮,૭૩,૦૦૮/- (રૂપિયા ત્રેવીસ કરોડ અડસઠ લાખ તોતેર હજાર અને આઠ માત્ર) | રૂા. ૩૦,૨૫૦/- + GST ૧૮% એટલે કે ૩૫,૭૦૦/- ઓનલાઈન ચૂકવો http://mahatenders.gov.in પર | ૧૪.૫.૨૦૨૫ ૧૧ ક.બાદ | ૩.૬.૨૦૨૫ ૧૬ ક.સુધી |

ટેન્ડર કોપી મહાટેન્ડર્સ પોર્ટલ (http://mahatenders.gov.in)માંથી 'tender' સેકસન હેઠળ ડાઉનલોડ કરી શકાશે. વધુ વિગતો માટે લોગ ઓન કરો http://mahatenders.gov.in

સહી/-
**PRO/399/ADV./2025-26** **E.E.(SWM) પ્રોજેક્ટ – દેવનાર i/c**

**વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો.**

**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

આથી સર્વ જનતાને જાણ કરવામાં આવે છે કે સ્વ. ડૉ. રતિલાલ મણિલાલ મહેતાના અમારા કુટુંબના મોટાભાઇ એટલે કે શ્રી પ્રફુલ્લભાઇ રતિલાલ મહેતાની સાથે અને તેમના ધર્મપત્ની નીતા પ્રફુલ્લ મહેતા તથા પુત્ર પ્રેમલ પ્રફુલ્લભાઇ મહેતા સાથે અમારે કોઇ પણ જાતનો આર્થિક એટલે કે નાણાકીય વહેવાર નથી. માટે જે કોઇ વ્યક્તિ તેમની સાથે કોઈપણ પ્રકારનો વહેવાર કરે, તેમાં નાણાકીય કે અન્ય વહેવાર કરે તો અમારી જવાબદારી રહેતી નથી.

ઉપરની વિગતની દરેક જણે નોંધ લેવી.

**લિ. ડો. નીતિનભાઈ રતિલાલ મહેતા, પુના, સપરિવાર.**
**ડો. શરદભાઈ રતિલાલ મહેતા, બોમ્બે, સપરિવાર.**
**ડો. હરીશભાઈ રતિલાલ મહેતા સપરિવાર, અમદાવાદ.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**એક્ષપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) નોટીસ**

આ BMC દ્વારા મંગાવાયેલ ઈ-ટેન્ડર છે જે ત્રણ પેકેટ્સ સિસ્ટમમાં છે જેની વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઈ-ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૧૭૯૫૦૯ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી એક્ષપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ મંગાવવામાં આવે છે જે M.B.B.S. મેડિકલ કોલેજની ૧૦૦ સીટ્સની એસ્ટાબ્લીશમેન્ટના પ્રોપોઝલ માટેની વિનંતી ફાઈનલ કરવા છે જે ગામ દેવનાર, ગોવંડી, મુંબઈ, મહારાષ્ટ્ર ૪૦૦૦૮૮ના CTS નં. ૩૦૧/૧A અને ગામ બોરલા ખાતે C.T.S. નં. ૩૭૨(Pt), ૩૭૧ (Pt) ધરાવતી જમીન ખાતે સ્થિત સીવીક હેલ્થ કોલાબોરેશન મોડ દ્વારા મોજૂદ ૨૨૦ બેડેડ "પંડીત મદન મોહન માલવીયા શતાબ્દી મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલના કેમ્પસમાં એટેચ્ડ ૫૮૦ બેડેડ ટીચીંગ હોસ્પિટલના ઓગમેન્ટેશન, સંચાલન અને જાળવણી સાથે છે. |
| ટેન્ડર ફી | ₹૩૦,૨૫૦/- + ₹૫૪૪૫/-+ (૧૮% GST) ₹૩૫૬૯૫/- ઓનલાઈન મોડ દ્વારા |
| બાનાની રકમ ડિપોઝિટ | ₹૫,૦૦,૦૦૦/- (રૂપિયા પાંચ લાખ માત્ર) ઓનલાઈન મોડ દ્વારા |
| ઓનલાઈન બીડ ડાઉનલોડીંગની પ્રારંભ તારીખ અને સમય | ૧૫/૦૫/૨૦૨૫ના ૧૨ ક. |
| ઓનલાઈન બીડ સુપ્રતિની અંતિમ તારીખ અને સમય | ૩/૦૬/૨૦૨૫ના ૧૨ ક. સુધી |
| પ્રી બીડ મીટીંગની તારીખ, સમય અને સ્થળ | ૨૦/૦૫/૨૦૨૫ના બ. ૩ વાગે સ્થળઃ કોન્ફરંસ હોલ, ૨જા માળે, એનેક્ષ બિલ્ડિંગ, હોન. AMC (WS) ની ઓફિસ ખાતે |
| ઈ-મેલ એડ્રેસ સંપર્ક માટે | cms.phd@mcgm.gov.in<br>ડૉ. મયુરા નાગલેઃ +૯૧-૮૧૬૯૯૧૪૭૯૮<br>osd.health@mcgm.gov.in<br>ડૉ. મહારુદ્ર કુંભારઃ +૯૧-૮૮૭૯૬૬૩૩૦૧ |

ઈચ્છુક બીડર્સે મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in માં અપાયેલ સંબંધિત લિંક્સને અનુસરવું).

સહી/-
વતી ચીફ M.S. & HOD
PRO/394/ADV./2025-26 (સેકન્ડરી હેલ્થકેર સર્વિસીસ)

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(હાઈડ્રોલીક એન્જીનિયર્સ ડીપાર્ટમેન્ટ)

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નર નીચે આપેલ વિગતના કામ માટે ત્રણ પેકેટ સીસ્ટમમાં ટકાવારી દર ધોરણ પર લાઈનમાં ડીલીંગ કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છેઃ

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૧૭૮૭૯૪_૧ (ટકાવારી દર ધોરણ પર) |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | **AEWW(M)WS/N-II ડીવીજન હેઠળ P/N અને P/S વોર્ડમાં સ્થિત શિવશાહી અને દિન્ડોશી તથા આરે AST નં. ૫B અને ૧૩ પંપીંગ સ્ટેશન્સ ખાતે પંપ સેટ્સનું સંચાલન અને નોન-કોમ્પ્રીહેન્સીવ મેન્ટેનન્સ** |
| ટેન્ડર ફી | **રૂા. ૨૧,૪૧૭/- (રૂા. ૧૮,૧૫૦ + GST@૧૮%)** |
| ઈ-ટેન્ડર ખર્ચ (અંદાજીત ખર્ચ) | **રૂા. ૧,૫૩,૩૬,૦૯૬/- (GST સહિત)** |
| બીડ સીક્યુરીટી ડીપોઝીટ / બારડી | રૂા. ૧,૫૩,૪૦૦/- (ટેન્ડરરે સંપૂર્ણ રકમ બારડીની **GOM**ના પેમેન્ટ ગેટવે દ્વારા **URL https://mahatenders.gov.in** પર ચૂકવવી. બીડરે પેકેટ **'A'**માં બીડ સુપ્રતિ સાથે ઓનલાઈન ચૂકવેલ બારડીની સ્કેન કોપી અપલોડ કરવી. |
| સમય મુદત | ૨૪ માસ (ચોમાસા સહિત) |
| ટેન્ડર જારી અને વેચાણની તારીખ | ૧૪/૫/૨૦૨૫ના ૧૧ ક.થી |
| ટેન્ડર વેચાણની અંતિમ તારીખ અને સમય | ૨૬/૫/૨૦૨૫ના ૧૬ ક. સુધી |
| પેકેટ 'A', 'B' અને 'C' (ઓનલાઈન) સુપ્રતિ અને બીડ સીક્યુરીટી ડીપોઝીટની સ્વીકૃતી | ૨૬/૫/૨૦૨૫ના ૧૬ ક. સુધી |
| પ્રી-બીડ મીટીંગ | લાગુ નથી |
| પેકેટ 'A' ખૂલશે | ૨૮/૫/૨૦૨૫ના ૧૫.૦૧ ક. બાદ |
| પેકેટ 'B' ખૂલશે | ૩૦/૫/૨૦૨૫ના ૧૫.૧૦ ક. બાદ |
| પેકેટ 'C' અને ફોલ્ડર 'C' ખૂલશે (કોમર્સીયલ પેકેટ) | ૬/૬/૨૦૨૫ના ૧૫ ક. બાદ |
| વેબસાઈટ | https://portal.mcgm.gov.in<br>https://mahatenders.gov.in |
| સંદેશ વ્યવહારનું સરનામું | આસીસ્ટંટ એન્જીનીયર વોટર વર્ક (મેન્ટે.) વેસ્ટર્ન સબર્બ્સ/ નોર્થ, મ્યુનિસિપલ માર્કેટ બિલ્ડીંગ, પાવનધામ મંદિર સામે, મહાવીર નગર, હાર્મોની ટાવર નજીક, બોરીવલી (વે), મુંબઈ-૪૦૦૦૯૨ |
| બીડ ખૂલવાનું સ્થળ | ઓનલાઈન આસી. એન્જી. વોટર વર્ક્સ (મેન્ટે.)ની ઓફીસમાં વેસ્ટર્ન સબર્બ્સ/નોર્થ, મ્યુનિસિપલ માર્કેટ બિલ્ડીંગ, પાવનધામ મંદિર સામે, મહાવીર નગર, હાર્મોની ટાવર નજીક, બોરીવલી (વે), મુંબઈ-૪૦૦૦૯૨ |

**આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.**

BMC કોઈપણ કારણ આપ્યા વિના મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા અથવા કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
**PRO/406/ADV./2025-26** ડે. હાયડ્રોલીક એન્જીનીયર (મેન્ટેનન્સ)


**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

# દસમામાં પણ વિદ્યાર્થિનીઓ અવ્વલ, મુંબઈ @ ૯૫.૮૪

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મંગળવારે ધોરણ ૧૦નું એસએસસીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. દસમામાં કુલ ૯૪.૧૦ ટકા પરિણામ આવ્યું છે, જેમાં આ વખતે છોકરાઓની સામે છોકરીઓનું સારું પરિણામ આવ્યું છે. મુંબઈમાં કુલ ૯૫.૮૪ ટકા પરિણામ આવ્યું હતું. ગયા વર્ષે મુંબઈનું પરિણામ ૯૫.૯૧ ટકા હતું. ૨૦૨૩માં ૯૩.૮૩ ટકા અને ૨૦૨૨માં ૯૬ ટકા કરતા પણ વધુ હતું.

ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા માર્ચ-એપ્રિલમાં લેવામાં આવી હતી. આ વર્ષે કુલ ૧૫,૫૮,૦૨૦ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. જેમાંથી ૧૫,૪૬,૫૭૯ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. આટલી સંખ્યામાંથી કુલ ૧૪,૫૫,૪૩૩ વિદ્યાર્થીઓ પાસ થયા હતા.

એમએસબીએસએચએસઈના ચેરમેન શરદ ગોસાવીએ મંગળવારે પરિણામ જાહેર કરતા આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આ વખતે કુલ પરિણામ ૯૪ ટકા કરતા વધુ આવ્યું છે. આ વર્ષે પણ એચએસસીના માફક એસએસીમાં વિદ્યાર્થિનીઓએ છોકરાઓ કરતા સારું પરિણામ લાવી છે. છોકરીઓ અને છોકરાઓની વાત કરવામાં આવે તો, આ વર્ષે છોકરાઓ કરતા છોકરીઓએ વધારે સારૂ પરિણામ લાવ્યું છે. આંકડાની વાત કરવામાં આવે તો, છોકરીઓનું પાસ થવાનું પ્રમાણ ૯૬.૧૪ ટકા છે, જ્યારે છોકરાઓમાં પાસ થવાનું પ્રમાણે છોકરીઓ કરતા ૩.૮૩ ટકા ઓછું એટલું કે ૯૨.૩૧ ટકા આવ્યું છે. આ વર્ષે ૮,૨૩,૬૧૧ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જ્યારે ૭,૨૨,૯૮૬ વિદ્યાર્થિનીએ પરીક્ષા આપી હતી, જેમાંથી (જુઓ પાનું ૪) ▶▶




**પરિશ્રમનું ફળઃ** મહારાષ્ટ્ર બોર્ડનું દસમાનું રિઝલ્ટ જાહેર થયા બાદ પાસ થનારા વિદ્યાર્થીઓમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. (અમય ખરાડે)

## પહલગામ હુમલામાં પિતાને ગુમાવનાર ધ્રુવ જોશીને ૮૦ ટકા

થાણાઃ ત્રણ અઠવાડિયા પહેલા પહલગામ આતંકી હુમલામાં પિતાને ગુમાવ્યાના આઘાત પછી મંગળવારનો દિવસ ધ્રુવ હેમંત જોશી (૧૬) માટે મહત્ત્વ ધરાવતો હતો. ગઈકાલે જાહેર થયેલી દસમા ધોરણની પરીક્ષામાં ધ્રુવને ૮૦ ટકા માર્ક મળ્યા છે. મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી પરીક્ષાના પરિણામો ગઈકાલે સવારે જાહેર કરવામાં આવ્યા હતા. પહલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ જે ૨૬ લોકોને ઠાર માર્યા હતા તેમાં મુંબઈ નજીક ડોમ્બિવલીના રહેવાસી હેમંત જોશી, સંજય લેલે અને અતુલ મોનેનો પણ સમાવેશ થાય છે. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનો વિદ્યાર્થી ધ્રુવ આ હત્યાકાંડનો સાક્ષી હતો. પુત્રની સફળતાનો આનંદ માણવા પિતાશ્રી હયાત નથી એનું ધ્રુવ અને પરિવારને દુઃખ છે. ધ્રુવ સાયન્સમાં એડમિશન લઈ ડોક્ટર બનવા માગે છે, એમ તેના મામાએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## રિ-વેલ્યુએશન કોણ કરાવી શકે છે?

જે વિદ્યાર્થીઓને તેમના માર્કસથી સમાધાન થયું ના હોય તેઓ પોતાના માર્કસનું રી-વેલ્યુએશન કરાવવા અરજી કરી શકે છે. રી-વેલ્યુએશન માટેની મુદત ૧૪ મે,૨૦૨૫થી ૨૫ મે ૨૦૨૫ ની હશે. વિદ્યાર્થીઓ http:/mahasscboard.in આ વેબસાઈટ પર જઈને માર્કસના રી-વેલ્યુએશન માટે અરજી કરી શકે છે. રી-વેલ્યુએશન કરાવવા માટે જોકે ફરજિયાત રીતે આન્સરશીટની ફોટોકોપી લેવાની રહેશે. ફોટોકોપી લીધા બાદ પાંચ દિવસની અંદર રી-વેલ્યુએશન માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. વિદ્યાર્થીઓએ રિ-વેલ્યુએશન પ્રોસેસ દરમ્યાન તેમના ડિવિઝન બોર્ડની માહિતી યોગ્ય રીતે ભરવાની રહેશે. એક વિષયના આન્સરશીટની ફોટો કોપી માટે ૪૦૦ રૂપિયાની ફી ભરવી પડશે. એક વિષયના આન્સરશીટની ફોટોકોપી લીધા બાદ તેના રી-વેલ્યુશન કરાવવા માટે ૩૦૦ રૂપિયા ભરવા પડશે. ■

## નાપાસ થયેલા વિદ્યાર્થીઓની ફેરપરીક્ષા ક્યારે?

એસએસસીની પરીક્ષામાં એક અથવા તેનાથી વધુ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને ફેરપરીક્ષાની તક આપવામાં આવે છે. આ વર્ષે ફેરપરીક્ષા માટે ૧૫ મે, ૨૦૨૫થી અરજી ભરવાની રહેશે. તો ૨૪ જૂનથી પહેલી જુલાઈ દરમ્યાન આ પરીક્ષા લેવામાં આવશે એવું શિક્ષણ બોર્ડ તરફથી જાહેર કરવામાં આવ્યું હતું. ફેરપરીક્ષા ચાલુ વર્ષમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સાથે જ અગાઉના વર્ષમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની તેમ જ ક્લાસ ઈમ્પ્રુવમેન્ટ કેન્ડીડેટસ તેમ જ સ્કૂલમાં નહીં જતા બહારથી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ આપી શકશે. બોર્ડ તેને લગતી સત્તાવાર જાહેરાત વેબસાઈટ mahahsscboard.inપર કરશે, જેમાં ફેરપરીક્ષાનું ટાઈમટેબલ પર જાહેર કરવામાં આવશે. ફેરપરીક્ષા આપવા ઈચ્છુક વિદ્યાર્થીઓ mahahssboard.in પર ઑનલાઈન રજિસ્ટ્રેશન કરી શકશે. ■

# ખબરદાર...

# જો ડ્રોન કે રિમોટ કન્ટ્રોલ્ડ માઈક્રો-લાઈટ ઍરક્રાફ્ટ ઉડાડ્યાં છે તો!

### મનાઈ આદેશ છતાં કોલાબા અને પવઈમાં ડ્રોન ઉડાડવામાં આવ્યા પછી મુંબઈ પોલીસની ખાસ ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે લડાઈ જેવા માહોલને જોતાં મુંબઈમાં ડ્રોન ઉડાવવા સહિત ફ્લાઈંગ ઍક્ટિવિટી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં આ મનાઈ આદેશનું ઉલ્લંઘન કરતી ઘટનાઓ દક્ષિણ મુંબઈના કોલાબા અને પવઈ વિસ્તારમાં બની છે. પરિણામે મુંબઈ પોલીસે લાલ આંખ કરીને ડ્રોન કે રિમોટ કન્ટ્રોલ્ડ માઈક્રો-લાઈટ ઍરક્રાફ્ટ ઉડાડનારાઓને ખાસ ચેતવણી આપી છે કે આવી પ્રવૃત્તિ કરનારાઓ વિરુદ્ધ ગુનો નોંધી કડક કાર્યવાહી કરવામાં આવશે.

કોલાબાના હાઈ સિક્યોરિટીવાળા વિસ્તાર ગણાતા તાજ હોટેલ નજીક મંગળવારના મળસકે ચાર વાગ્યાની આસપાસ ડ્રોન ઉડાડવામાં આવ્યું હતું. કોઈ પણ જાતની પરવાનગી વિના ડ્રોન ઉડાવવા બદલ હૈદરાબાદના રહેવાસી અરામલ્લા લિંકન (૨૨) વિરુદ્ધ કાર્યવાહી કરી કોલાબા પોલીસે ડ્રોન જપ્ત કર્યું હતું. જપ્ત કરાયેલા ડ્રોનની (જુઓ પાનું ૪) ▶▶

## મંત્રાલયના અધિકારીને મળેલા બૉમ્બ બ્લાસ્ટના ઈ-મેઈલથી પોલીસ અલર્ટ

મુંબઈઃ ભારત-પાકિસ્તાન વચ્ચે લડાઈ જેવો માહોલ છે ત્યારે દક્ષિણ મુંબઈમાં આવેલા મંત્રાલયના અધિકારીને બૉમ્બ બ્લાસ્ટ સંબંધી ઈ-મેઈલ મળતાં પોલીસ અલર્ટ મોડ પર આવી ગઈ હતી. બૉમ્બધડાકાની ચેતવણી આપતો આ મેઈલ એક મહિલાના ઈ-મેઈલ આઈડી પરથી મોકલવામાં આવ્યો હોવાનું તપાસમાં જણાયું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ મંત્રાલયના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ કન્ટ્રોલ રૂમના અધિકારીને સોમવારની સાંજે એક મેઈલ આવ્યો હતો. આગામી ૪૮ કલાકમાં બૉમ્બ બ્લાસ્ટ થશે, એવું મેઈલમાં જણાવાયું હતું. જોકે બ્લાસ્ટ કયા સ્થળે થશે, એની કોઈ વિગત મેઈલમાં નહોતી.

મેઈલ મળતાં જ આ બાબતની જાણ પોલીસને કરવામાં આવી હતી. સતર્કતા ખાતર પોલીસે મંત્રાલયના બિલ્ડિંગમાં સઘન તપાસ હાથ ધરી હતી. તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હોવાનું પોલીસનું કહેવું છે.

સરહદે ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલીભર્યું વાતાવરણ હોવાથી મુંબઈ પોલીસે મહત્ત્વનાં સ્થળોની સુરક્ષા વધારી દીધી છે. મેઈલ સંબંધે એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ને પણ જાણ કરવામાં આવી હતી. મેઈલને ગંભીરતાથી લઈ બધી તપાસ યંત્રણાઓ તપાસમાં લાગી હતી. આ પ્રકરણે મરીન ડ્રાઈવ પોલીસ (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## મઢમાં બનાવટી નકશાના આધારે બાંધેલા ૧૪ બાંધકામ જમીનદોસ્ત

### બે અઠવાડિયામાં ૨૪ બાંધકામ તોડી પડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મઢ પરિસરમાં અનધિકૃત રીતે ઊભા કરવામાં આવેલા બાંધકામના વિરોધમાં મુંબઈ મહાનગરપાલિકાની છેલ્લા બે અઠવાડિયાથી કાર્યવાહી ચાલી રહી છે, જે અંતર્ગત મંગળવારે ૧૪ બાંધકામને તોડી પાડવામાં આવ્યા હતા.

બનાવટી નકશાનો આધાર લઈને મઢ વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગેરકાયદે બાંધકામ ઊભા થઈ ગયા છે. મંગળવારે મઢ પરિસરમાં એરંગલ અને વલનાઈમાં આવેલા ૧૪ અનધિકૃત બાંધકામને તોડી પાડવામાં આવ્યા હતા. છેલ્લા બે અઠવાડિયાથી સુધરાઈના પી-ઉત્તર વોર્ડ દ્વારા કાર્યવાહી ચાલી રહી છે, જે હેઠળ અત્યાર સુધી ૨૪ બાંધકામ તોડી પાડવામાં આવ્યા (જુઓ પાનું ૪) ▶▶

## ત્રણ રાષ્ટ્રીય બૅન્કોને બીસીસીઆઈને ₹૩૮૬ કરોડ ચૂકવવાનો હાઈકોર્ટનો આદેશ

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે ગયા અઠવાડિયે ત્રણ રાષ્ટ્રીય બેંકો - પંજાબ નેશનલ બેંક, ઇન્ડિયન બેંક અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા - ને ૨૦૧૧ માં રદ થયેલા નિમ્બસ કોમ્યુનિકેશન્સ સાથેના મીડિયા રાઈટ્સ કરારના સંદર્ભમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ને ₹૩૮૬ કરોડ ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો.

બેંકોએ ચુકવણી કરવાનો ઇનકાર કર્યા પછી, નિમ્બસ દ્વારા બોર્ડની તરફેણમાં ત્રણ બેંક ગેરંટી રકમની વસૂલાત માટે બીસીસીઆઈ દ્વારા દાખલ કરાયેલા દાવા પર ન્યાયાધીશ મનીષ પિટાલેની સિંગલ-જજ બેન્ચે આ આદેશ આપ્યો હતો.

કોર્ટે પંજાબ નેશનલ બેંક અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને કુલ રકમના ૩૭.૫%, એટલે કે ૩૮૬ કરોડ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો, જ્યારે ઈન્ડિયન બેંકને બાકીની ૨૫% રકમ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ત્રણેય (જુઓ પાનું ૪) ▶▶

## ઉદય સામંત ચોથી વાર રાજ ઠાકરેને મળ્યાઃ ઠાકરે બંધુઓના મનમેળને તોડવાનો હેતુ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મ્યુનિસિપલ ચૂંટણીઓ આવી રહી છે તે બાબતને ધ્યાનમાં રાખીને, રાજ્યના રાજકારણીઓમાં ઘણી મોટી ઉથલપાથલ ચાલી રહી છે. મંગળવારે સવારે રાજ્યના પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેના અત્યંત વિશ્વાસુ ઉદય સામંત મનસે અધ્યક્ષ રાજ ઠાકરેના નિવાસ સ્થાન શિવતીર્થ પહોંચ્યા હતા. અત્યારે બધે ઠાકરે બંધુઓના મનમેળાપ અંગે ચર્ચા ચાલી રહી છે તે સમયમાં સામંત રાજ ઠાકરેને મળ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોમાં ઉદય સામંત અને રાજ ઠાકરેની આ ચોથી મુલાકાત છે. તેથી, ઘણા લોકો દ્વારા ઉઠાવવામાં આવતો પ્રશ્ન એ છે કે શું શિંદેસેના અને મનસે વચ્ચે જોડાણની ચર્ચા ચાલી રહી છે. જોકે, ઉદય સામંતે દાવો કર્યો છે કે રાજ ઠાકરે સાથેની મુલાકાત દરમિયાન રાજકીય મુદ્દાઓ પર નહીં, પરંતુ અન્ય મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.આ બેઠક બાદ ઉદય સામંતે મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે તેઓ (જુઓ પાનું ૪) ▶▶

### શું રાજ ઠાકરે ઉદ્ધવ ઠાકરે સાથે જવા અંગે મૂંઝવણમાં છે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મહારાષ્ટ્રના રાજકારણમાં અચાનક ગરમાવો આવી ગયો જ્યારે 'ઠાકરે બ્રધર્સ' એટલે કે મનસેના રાજ ઠાકરે અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેના એકસાથે આવવાની ચર્ચાઓ શરૂ થઈ. પછી ખબર નહીં એવું શું થયું કે થોડા દિવસોમાં આ ચર્ચા પર પૂર્ણવિરામ લાગી ગયું! આ પછી બંને ભાઈઓ યુરોપના પ્રવાસે ગયા. જોકે, સંજય રાઉતના એક નિવેદનથી ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે.ઉદ્ધવ ઠાકરેના સાંસદ સંજય રાઉતે રાજ ઠાકરેને (જુઓ પાનું ૪) ▶▶

## દરિયામાં કૂદેલી મહિલાને બચાવવા કોન્સ્ટેબલે જીવ જોખમમાં નાખ્યો, પણ મહિલા ન બચી

### સેંકડો સહેલાણી દર્શક બની રહ્યા તો અનેક જણ મોબાઈલથી રેકોર્ડિંગ કરવામાં વ્યસ્ત હતા!

મુંબઈઃ દક્ષિણ મુંબઈના લોકપ્રિય સ્થળ મરીન ડ્રાઈવ ખાતે પ્રોમેનેડ પરથી દરિયામાં કૂદી પડેલી મહિલાને બચાવવા ટ્રાફિક પોલીસના કોન્સ્ટેબલે જીવ જોખમમાં નાખ્યો, પણ કમનસીબે ઘણા પ્રયત્નો છતાં મહિલાનો જીવ બચાવી શકાયો નહોતો. ઘટના બની ત્યારે હાજર સેંકડો સહેલાણીઓ દર્શક બનીને ઘટનાને જોતા રહ્યા, જ્યારે અનેક લોકો પોતાના મોબાઈલ ફોનમાં તેનું રેકોર્ડિંગ કરી રહ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. હાઈ ટાઈડને કારણે દરિયો તોફાની બન્યો હતો ત્યારે ૪૩ વર્ષની મહિલાએ દરિયામાં કૂદકો માર્યો હતો.


ઘટના બની ત્યારે મોટી સંખ્યામાં લોકો મરીન ડ્રાઈવ પર ફરવા આવ્યા હતા. મહિલાને દરિયામાં કૂદકો મારતી જોયા પછી પણ કોઈ મદદ માટે આગળ આવ્યું નહોતું. બધા દર્શકોની જેમ (જુઓ પાનું ૪) ▶▶

## સ્કૂલોમાં હવે ત્રણ વખત હાજરી લેવાશે

### સીસીટીવી કૅમેરા બેસાડવા અને કર્મચારીઓની તપાસ કરવાનો પણ આદેશ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે રાજ્યની સ્કૂલોને દરરોજ ત્રણ વખત વિદ્યાર્થીઓની હાજરી લેવા તેમજ પરિસરમાં સીસીટીવી કેમેરા બેસાડવાનો તેમજ તમામ સ્કૂલ કર્મચારીઓની ચકાસણી કરવા આદેશ આપ્યો છે.

થાણા જિલ્લાના બદલાપુરમાં એક પૂર્વ-પ્રાથમિક શાળાના શૌચાલયની અંદર ઓગસ્ટ ૨૦૨૪માં કેજીના બે વિદ્યાર્થીઓની જાતીય સતામણી થયા બાદ શાળાઓમાં સુરક્ષામાં સુધારો કરવા માટે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાનો આ એક હિસ્સો છે. શાળા પ્રશાસન અને સ્થાનિક પોલીસ બંને કાર્યવાહી કરવામાં ખચકાટ અનુભવી રહ્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. સ્કૂલમાં કોન્ટ્રેક્ટ પર કામ કરતા સફાઈ કામદાર ૨૪ વર્ષીય અક્ષય શિંદેની ૧૭ ઓગસ્ટે જાતીય સતામણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. ૨૩ સપ્ટેમ્બરે શિંદેએ કથિત સ્વરૂપે એક અધિકારીની બંદૂક છીનવી લઈ (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**